
ગુજરાતનું વિશ્વસનિય દૈનિક
# પાક્કો ગુજરાત
RNI NO. : GUJGUJ/2016/67425

02 JANUARY, 2026 FRIDAY



પેજ 2  સુખસર તાલુકામાં ખાતર વિતરણમાં ગેરરીતિ!

પેજ 3  વાગરામાં ગેરકાયદેસર ખનન કરતા ૬ ટ્રક અને ૨ જેસીબી મશીન દબોચ્યા

પેજ 7  છોટાઉદેપુર જિલ્લા પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવા પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ બન્યા

પેજ 5 ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી પ્રેરિત જન આક્રોશ યાત્રાનુ ગોધરામા આગમન

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 287 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### જીવતો જલાવવા કોશીશ કરી પણ યુવાન તળાવમાં કુદ્યો

# બાંગ્લાદેશમાં ફરી એક હિન્દુનું લિંચિંગ પહેલા સરેઆમ માર્યો

### બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વ નીચેની અંતરિમ સરકાર દરમિયાન હિન્દુઓ સહિત લઘુમતીઓ ઉપર સતત હુમલા વધી રહ્યા છે

• ઢાકા

બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ થતી હિંસાના મામલા સતત સામે આવી રહ્યા છે અને આ ઘટનાઓ હવે છૂટાછવાયા બનાવો નહીં રહી, પરંતુ એક ગોઠવાયેલ ભયજનક પ્રવૃત્તિનો સંકેત આપે છે. શરિયતપુર જિલ્લામાં મેડીકલ સ્ટોર ધરાવતા ખોકન દાસ ઉપર થયેલો હિંસક હુમલો આ ક્રૂરતાનું તાજું ઉદાહરણ છે. 50 વર્ષના ખોકન દાસ ઉપર પહેલા ધારદાર શસ્ત્રોથી હુમલો કરાયો, ત્યારબાદ તેને નિર્દયતાથી માર મારવામાં આવ્યો અને અંતે તેના શરીર ઉપર પેટ્રોલ છાંટી તેને જીવતો સળગાવવાનો પ્રયત્ન કરાયો. સદભાગ્યે, ગંભીર ઈજાઓ છતાં ખોકન દાસ કોઈ રીતે ટોળામાંથી છટકી જવામાં સફળ રહ્યો અને જીવ બચાવી શક્યો. 31મી ડિસેમ્બરે મોડી સાંજે બનેલી આ ઘટનાએ અનેક સવાલો ઊભા કર્યા છે. દુકાન બંધ કરી ઘરે પરત ફરતી વેળાએ ખોકન દાસને ઘેરી લેવામાં આવ્યો હતો. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ સમયે પોલીસ હાજર હોવા છતાં માત્ર મૂક સાક્ષી બની રહી હતી. કાયદો અને વ્યવસ્થાની જવાબદારી ધરાવતી સંસ્થા જો નિષ્ક્રિય રહે તો લઘુમતીઓ માટે ન્યાય અને સુરક્ષાની આશા ક્યાંથી રાખી શકાય? હાલ ખોકન દાસને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે, પરંતુ આ ઘટના તેના શરીર કરતાં વધારે સમાજના માનસ પર ઘા મારી ગઈ છે. આ પહેલાં 18 ડિસેમ્બર 2025ના રોજ મયમાનસિંહ જિલ્લાના ભાવુકા ગામે ગાર્મેન્ટ વર્કર દીપુ ચંદ્ર દાસ સાથે થયેલી ઘટના તો માનવતા માટે કાળું ધબ્બું સાબિત થાય તેવી છે. ઈશનિંદાનો તદ્દન ખોટો આક્ષેપ મૂકીને ટોળાએ પહેલા તેને અમાનવીય રીતે માર માર્યો, પછી ઝાડ પર લટકાવ્યો અને શરીર પર કેરોસીન છાંટી જીવતો સળગાવી દેવાયો. આ ઘટનામાં પોલીસ દ્વારા કેટલીક ધરપકડ કરવામાં આવી હોવા છતાં મૂળ પ્રશ્ન યથાવત છે–ટોળું દીપુ દાસને ઝાડ પર લટકાવે ત્યાં સુધી પોલીસ ક્યાં હતી? જો સમયસર કાર્યવાહી થઈ હોત તો એક નિર્દોષ જીવ બચી શક્યો હોત. આવા બનાવો માત્ર વ્યક્તિગત હિંસાની ઘટનાઓ નથી, પરંતુ સમગ્ર હિંદુ સમુદાયમાં ભય અને અસુરક્ષાની લાગણી ફેલાવી રહ્યા છે. 28મી ડિસેમ્બરે ફીરોઝપુર જિલ્લાના દુમરિતલા ગામમાં હિંદુ કુટુંબોના ઘરોને આગ લગાડવાનો પ્રયાસ થયો હતો. ચટ્ટોગ્રામમાં તો હિંદુઓના ઘરોને આગ લગાવી જ દેવામાં આવી હતી. કેટલાક કિસ્સાઓમાં ઘરના દરવાજા બંધ કરી અંદર રહેલા લોકોને જીવતા સળગાવવાનો પ્રયાસ થયો, પરંતુ પીછેહઠે રહેલી બારીઓથી બહાર કૂદી જવાથી કેટલાક પરિવારોએ પોતાનો જીવ બચાવ્યો. આ ઘટનાઓથી સ્પષ્ટ થાય છે કે હુમલાખોરોનો હેતુ માત્ર ડરાવવાનો નહીં, પરંતુ લઘુમતીઓને વિસ્તારમાંથી હાંકી કાઢવાનો છે. બાંગ્લાદેશમાં હાલ મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળ ચાલી રહેલી અંતરિમ સરકાર દરમિયાન હિંદુઓ સહિત લઘુમતીઓ ઉપર હુમલાઓમાં ચિંતાજનક વધારો થયો છે. માનવાધિકાર સંગઠનોના અહેવાલો અનુસાર, છેલ્લા કેટલાક મહિનાઓમાં મંદિરો પર હુમલા, હિંદુ વેપારીઓની દુકાનો તોડફોડ અને મહિલાઓ સાથે દુર્વ્યવહારના બનાવોમાં પણ વધારો નોંધાયો છે. દુર્ભાગ્યવશ, ઘણી ઘટનાઓ નોંધાવાતી પણ નથી કારણ કે પીડિતોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસનો અભાવ છે. આ સંજોગોમાં ભારતએ બાંગ્લાદેશ સરકાર સમક્ષ કડક વિરોધ નોંધાવ્યો છે અને રાજદ્વારી સ્તરે ચિંતા વ્યક્ત કરી છે. ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે બાંગ્લાદેશમાં લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી તે ત્યાંની સરકારની બંધારણીય અને નૈતિક જવાબદારી છે. સાથે સાથે, ભારત પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂર પડે તો આંતરરાષ્ટ્રીય મંચ પર પણ મુદ્દો ઉઠાવવાની તૈયારી દર્શાવી છે. પરંતુ પ્રશ્ન એ છે કે માત્ર રાજદ્વારી નિવેદનો અને વિરોધ પૂરતા રહેશે? બાંગ્લાદેશમાં કાયદો અને વ્યવસ્થાની નિષ્ક્રિયતા, રાજકીય અસ્થીરતા અને ધાર્મિક ઉગ્રવાદના મિલનથી પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે. જો સમયસર કડક પગલાં લેવામાં નહીં આવે, તો હિંસા વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે છે.

લઘુમતીઓની સુરક્ષા માત્ર એક દેશનો આંતરિક મુદ્દો નથી, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાની સ્થિરતા અને માનવાધિકારો સાથે જોડાયેલો પ્રશ્ન છે. આથી હવે સમય આવી ગયો છે કે બાંગ્લાદેશ સરકાર સ્પષ્ટ અને દ્રઢ કાર્યવાહી કરે, દોષિતોને કડક સજા આપે અને પોલીસ-પ્રશાસનને જવાબદાર બનાવે. આંતરરાષ્ટ્રીય સમુદાય, માનવાધિકાર સંગઠનો અને પડોશી દેશોએ પણ આ મુદ્દે મૌન તોડવું જરૂરી છે. કારણ કે જ્યાં સુધી એકપણ નિર્દોષ વ્યક્તિને પોતાની ઓળખના કારણે જીવ ગુમાવવાનો ભય રહેશે, ત્યાં સુધી લોકશાહી અને માનવતા બંને અધૂરી રહેશે.




### વિશ્વનાં દસમાં સૌથી ધનિક વ્યક્તિ હોવાનું બિરુદ પ્રાપ્ત કરેલ છે

# શેરબજારના દિગ્ગજ ખેલાડી : જે 95માં વર્ષે હવે નિવૃત થયા: 60 વર્ષ સુધી CEO રહ્યા

• નવી દિલ્હી

દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટ નિવૃત્ત થઈ રહ્યાં છે. 95 વર્ષની વયે નિવૃત્ત થઈ રહેલા વોરેન બફેટે 60 વર્ષ સુધી સીઈઓની જવાબદારી સંભાળી હતી.

એક સમયે અખબારો વેચવાથી શરૂઆત કરનાર બફેટ પોતાની મહેનતના આધારે વિશ્વભરના સીઈઓ માટે પ્રેરણારૂપ બન્યા હતા. તેની કુશળતાને કારણે જ તેના વિશે કહેવામાં આવતું હતું કે તે જે પણ સ્પર્શ કરે છે તે સોનું થઈ જાય છે. બુધવારે બર્કશાયર હેથવેના સીઈઓ તરીકે બફેટનો છેલ્લો દિવસ હશે. બર્કશાયર હેથવે'ની વાર્તા તેના સમગ્ર જીવન અને કાર્ય પદ્ધતિને સારી રીતે સમજાવે છે. અમેરિકાના નેબ્રાસ્કા રાજ્યના ઓમાહા શહેરમાં જન્મેલા બફેટે 11 વર્ષની ઉંમરે પહેલીવાર કોઈ કંપનીના ત્રણ શેર 38 ડોલરમાં ખરીદ્યા હતા. થોડા



જ સમયમાં તેમની કિંમત વધી ગઈ.

1965 માં, બફેટે બર્કશાયર હેથવેના સીઈઓ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. ટૂંકા ગાળામાં, કંપનીના શેરની કિંમત 19 ડોલરથી વધીને લગભગ 755,400 ડોલર થઈ ગઈ હતી. વોરેન બફેટ વિશ્વનાં 10મા સૌથી ધનિક વ્યક્તિ છે. ફોબ્સના જણાવ્યા અનુસાર, બર્કશાયર હેથવેના સીઈઓ વોરેન બફેટની નેટવર્થ 148.1 અબજ ડોલર છે.

ઉલ્લેખનીય છે કે બફેટે પોતાની કોઈ મોટી સંસ્થા બનાવી ન હતી, પરંતુ ઘણા ફાઉન્ડેશનો દ્વારા કામ કર્યું હતું. આ સંસ્થાઓ આરોગ્ય, શિક્ષણ, ગરીબી, મહિલા અધિકારો, ભૂખમરો અને સમુદાય વિકાસ જેવા ક્ષેત્રોમાં કામ કરે છે.

# ન્યૂયોર્કના મેયર મામદાનીએ સબવેમાં કુરાન પર હાથ રાખીને શપથ લીધા

વોશિંગ્ટન : ન્યૂયોર્કના ભારતીય મૂળના મેયર ઝોહરાન મામદાનીએ મેનહટનના બંધ પડેલા ઐતિહાસિક સબવે સ્ટેશનમાં કુરાન પર હાથ લઈને શપથ લીધા હતા. ડેમોક્રેટ મામદાનીએ અમેરિકાના સૌથી મોટા શહેરના સૌપ્રથમ મુસ્લિમ મેયર બન્યા છે. મામદાનીએ જણાવ્યું હતું કે એક જબરદસ્ત સન્માન અને મળેલો વિશેષાધિકાર છે. તે મારા જીવન પર અમીટ છાપ છોડી જશે.

તેના પછી તેઓ સિટી હોલનમાં બપોરે એક વાગે જાહેર સમારંભમાં ગ્રાન્ડ સ્ટાઈલમાં શપથ લેશે. અમેરિકન સેનેટર બર્ની સેન્ડર્સની હાજરીમાં તે શપથ લેશે. તેઓ મેયરના રાજકીય હીરોમાં એક છે. આ શપથવિધિની સાથે મામદાની પર અમેરિકન રાજકારણની સૌથી મહત્ત્વની જોબ હશે. તેઓ આ સાથે એવા રાજકારણી હશે જેના પર અમેરિકામાં સૌથી વધુ નજર હશે. મામદાની શહેરના સૌપ્રથમ મુસ્લિમ મેયર છે. તેની સાથે તે સૌપ્રથમ સાઉથ એશિયન મેયર પણ છે અને સૌપ્રથમ આફ્રિકન બોર્ન મેયર પણ છે. ફક્ત ૩૪ વર્ષની વયે મેયર બનીને દેશના સૌથી યુવાન મેયર બન્યા છે. તેમના કેમ્પેઈનનો મુખ્ય શબ્દ હતો એફોર્ડેબિલિટી. વિશ્વના સૌથી મોંઘા શહેરોમાં જીવનધોરણ ખર્ચ નીચે લાવવાની મામદાનીની વાત સૌને સ્પર્શી ગઈ હતી. મામદાનોની ઉછેર ૯-૧૧ પછી મુસ્લિમોને ખાસ આવકારવામાં આવતા ન હતા તેવા ન્યૂયોર્ક શહેરમાં થયો છે. તે ૨૦૧૮માં અમેરિકન નાગરિક બન્યા હતા. તેમણે ડેમોક્રેટિક ઉમેદવારો માટે રાજકીય પ્રચાર અભિયાનો હાથ ધર્યા હતા.

### હનુમાનની મૂર્તિના અનાવરણનો અને વંદેમાતરમનો અમેરિકનોએ વિરોધ કરતા મોહ ઉતર્યો

# 50 વર્ષથી અમેરિકા રહેતા ઈન્ડિયન ડોકટરે કહ્યું - અહીં રહેવા જેવું નથી

• ટેકસાસ

જેમ અમેરિકાથી હજારો ઈન્ડિયન્સ ડિપોર્ટ થઈ રહ્યા છે તેવી જ રીતે જે લોકો વર્ષોથી ત્યાં રહે છે તે પણ ત્યાંના માહોલથી ચિંતિત થઈ ઈન્ડિયા પાછા આવી જવાનું વિચારી રહ્યા છે.

આજથી 50 વર્ષ પહેલા અમેરિકા શિફ્ટ થયેલા અને ત્યાં ગાયનેક તરીકે પ્રેક્ટિસ કરતા ઈન્ડિયન ડોકટર શ્રીનિવાસાચારી તમિરિસા પણ તેમાંના એક છે જેમણે ટેક્સસમાં ફંડ એકત્ર કરી એક મંદિરમાં હનુમાનજીની પ્રતિમા બનાવડાવી હતી.

આ પ્રતિમા તૈયાર થઈ ત્યારે ડો. શ્રિનાવાસાચારીને પોતાનું વર્ષો જૂનું સપનું પૂરું થયું હોવાની લાગણી થઈ રહી હતી પરંતુ જ્યારે આ મૂર્તિનું અનાવરણ કરવાનું હતું તે જ દિવસે કંઈક એવું થયું હતું કે તેનો આઘાત આ ઈન્ડિયન ડોક્ટર આજ દિન સુધી નથી મીટાવી શક્યા.



ટેકસસના શુગર લેન્ડની આ ઘટનામાં હનુમાનજીની પ્રતિમાના અનાવરણ વખતે સેંકડો ઈન્ડિયન્સ ભેગા થઈ વંદે માતરમના નારા લગાવી રહ્યા હતા પરંતુ ત્યારે મદંરિની બહાર ડઝનબંધ અમેરિકનસ હિન્દુ દેવતા સામે ગમે તેમ બોલી ટેકસસમાં તેમનું સ્ટેચ્યુ બનાવવાની મંજૂરી કેમ અપાઈ તેવો સવાલ ઉઠાવીને વિરોધ કરી રહ્યા હતા. 50 વર્ષમાં પહેલીવાર આ પ્રકારના દ્રશ્યો જોઈ રહેલા ડો. શ્રીનિવાસાચારી તેનાથી એટલા બધા વ્યથિત થઈ ગયા હતા કે તેમને એવું લાગ્યું હતું કે અમેરિકાએ જાણે તેમને હજુય નથી સ્વીકાર્યા.

# યુનુસ સરકારને હિન્દુઓના અધિકાર છિનવ્યા, બાંગ્લાદેશમાં ચાર તહેવારોની રજા બંધ કરી

### યુનુસ સરકાર પર ધાર્મિક લાગણી દુભાવાનો આક્ષેપ

• ઢાકા

બાંગ્લાદેશમાં વચગાળાની મોહમ્મદ યુનુસ (Muhammad Yunus) સરકાર દ્વારા વર્ષ 2026 માટે સત્તાવાર રજાઓની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીના કારણે દેશમાં ધાર્મિક અને રાજકીય વિવાદ ઉભો થયો છે. નવી યાદી મુજબ હિન્દુઓના મહત્ત્વના તહેવારો જેવા કે સરસ્વતી પૂજા, જન્માષ્ટમી અને મહાલયા પર કોઈ રજા આપવામાં આવી નથી. આ ઉપરાંત બુદ્ધ પૂર્ણિમા અને મે દિવસ (મજૂર દિવસ) પર પણ રજાઓ રદ કરવામાં આવી છે.

સરકારની નવી ગાઈડલાઈન મુજબ આ તમામ તહેવારોના દિવસે શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ ખુલ્લી રહેશે. લોકો આક્ષેપ કરી રહ્યા છે કે, યુનુસ સરકાર હિન્દુઓના અધિકારો છિનવી રહી છે અને આ નિર્ણયથી ધાર્મિક લાગણીઓ દુભાઈ છે. જોકે રમઝાન અને ઈદ-ઉલ-ફિત્ર માટે રજાઓ આપવામાં આવી છે, પરંતુ તેના દિવસોની સંખ્યામાં પણ અગાઉની સરખામણીએ ઘટાડો કરવામાં આવ્યો છે. સૌથી મોટો વિવાદ 'ભાષા શહીદ દિવસ' (21 ફેબ્રુઆરી)ને લઈને ઉભો થયો છે. રજાઓની સત્તાવાર યાદીમાં ક્યાંય પણ આ દિવસનો ઉલ્લેખ કરાયો નથી. બાંગ્લાદેશના નિર્માણમાં 1952ના ભાષા આંદોલનનો મોટો ફાળો રહ્યો છે, ત્યારે અનેક લોકો આક્ષેપ કરી રહ્યા છે કે, સરકાર દેશના ઈતિહાસમાંથી ભાષા આંદોલનના પ્રતીકોને ભૂંસી નાખવા માંગે છે. અગાઉ પણ યુનુસ સરકારે મુક્તિ સંગ્રામ અને બંગબંધુ શેખ મુજીબુર રહેમાન સાથે જોડાયેલા ઘણા પાસાઓને ઈતિહાસમાંથી હટાવવાના નિર્ણયો લીધા છે. બીજીતરફ સરકારનો બચાવ કરી રહેલા સરકારી સૂત્રોનું કહેવું છે કે, 2026માં 21 ફેબ્રુઆરીએ શનિવાર છે, જે બાંગ્લાદેશમાં સાપ્તાહિક રજાનો દિવસ હોવાથી તેનો અલગથી ઉલ્લેખ કરાયો નથી. બીજીતરફ લોકો દલીલ કરી રહ્યા છે કે, 2025માં પણ આ દિવસે સાપ્તાહિક રજા હોવા છતાં તેને ભાષા દિવસ તરીકે નોટિફિકેશનમાં દર્શાવવામાં આવ્યો હતો.

# સાત દેશોના નાગરિકોના અમેરિકામાં પ્રવેશ પર ટ્રમ્પનો પ્રતિબંધ અમલમાં

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સાત દેશોના નાગરિકોના અમેરિકા પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર આ વર્ષની શરૂઆતમાં હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રતિબંધોનો અમલ ગુરુવારથી શરૂ થયો છે. આ સાથે પ્રમુખ ટ્રમ્પે એચ-૧બી વિઝાના નિયમોમાં ફેરફાર કરતા લોટરી સિસ્ટમ રદ કરીને તેના બદલે 'વેઈટેડ સિલેક્શન સિસ્ટમ' લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુર્કિના ફાસો, લાઓસ, માલી, નાઈજર, સિએરા લિઓન, સાઉથ સુદાન અને સીરિયા જેવા સાત દેશોના નાગરિકોના અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર આ વર્ષની શરૂઆતમાં હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રતિબંધોનો અમલ ૧ જાન્યુઆરીને ગુરુવારથી થવાનો હતો.

અમેરિકામાં કોંગ્રેસનલ બજેટ ઓફિસ (સીબીઓ)ના ૨૯ ડિસેમ્બરના દસ્તાવેજો મુજબ પ્રમુખ ટ્રમ્પે મૂકેલા પ્રતિબંધો સાત દેશોના વસાહતીઓ અને બીનવસાહતીઓ બંને પર લાગુ પડશે. વ્હાઈટ હાઉસે કહ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સલામતીના કારણોસર આ નિયંત્રણો મૂકવામાં આવ્યા છે જ્યારે ઈમિગ્રન્ટ્સની તરફેણ કરનારાઓનું કહેવું છે કે ટ્રમ્પે મૂકેલા પ્રતિબંધો મુખ્યત્વે આફ્રિકન અને મુસ્લિમ દેશોને નિશાન બનાવે છે. આ સિવાય ટ્રમ્પે અફઘાનિસ્તાન, બર્મા, ચાડ, રિપબ્લિક ઓફ કોન્ગો, ઈક્વેટોરિયલ ગિની, એરિટ્રેઆ, હૈતિ, ઈરાન, લિબીયા, સોમાલિયા, સુદાન, યેમેનના નાગરિકોના અમેરિકામાં પ્રવેશ પર મૂકેલા પ્રતિબંધો ચાલુ જ છે.

# યુક્રેનના ડ્રોન હુમલામાં રશિયાના કબ્જાવાળા વિસ્તારમાં 24ના મોત

### - યુક્રેન યુદ્ધ પાંચમાં વર્ષમાં પ્રવેશે તેવી પ્રબળ શક્યતા

નવી દિલ્હી : રશિયાના કબ્જાવાળ આ વિસ્તારમાં ૨૪ના મોત થયાનો કરેલો રશિયાનો દાવો આ વાતનો પુરાવો છે. આ જોતાં હવે આ યુદ્ધ ચાર વર્ષ પૂરા કરીને પાંચમા વર્ષમાં પ્રવેશ કરે તેવો ભય સેવવામાં આવી રહ્યો છે. રશિયા-યુક્રેન બંનેના એકબીજા સામે ડ્રોન હુમલા જારી છે. આ બધુ બતાવે છે કે રશિયા અને યુક્રેનવાસીઓ બંને માટે નવું વર્ષ પણ યુદ્ધગ્રસ્ત જ રહેવાનું છે.

યુક્રેન હવે પોતે પણ ડ્રોન બનાવવા લાગ્યું હોવાથી તેના ડ્રોન એટેકમાં તેજી આવી છે. તેની સામે રશિયાએ પણ ડ્રોનનો સરંજામ ખડકવા માંડયો છે. રશિયાએ યુક્રેનના કબ્જે કરેલા ખેરસન પ્રાંતમાં મોસ્કોએ નીમેલા લીડર વ્લાડીમિર સાલ્ડોએ જણાવ્યું હતું કે કાળા સમુદ્રના કિનારે આવેલા રિસોર્ટ શહેર ખોરકીમાં કુલ ત્રણ ડ્રોન હુમલા કાફે અને હોટેલમાં થયા હતા. તેના લીધે નવા વર્ષની ઉજવણી કરનારાઓનું મૃત્યુ થયુ હતુ.

યુક્રેને આ બાબત અંગે હજી સુધી કોઈ જવાબ આપ્યો નથી. આ હુમલાની સ્વતંત્રપણે ચકાસણી પણ થઈ નથી. આ હુમલાની રશિયન અધિકારીઓ દ્વારા ટીકા કરવામાં આવી છે. રશિયાની સંસદના ઉપલા ગૃહની ફેડરેશન કાઉન્સિલની ચેર વેલેન્ટિના મેટવિયેન્કોએ જણાવ્યું હતું કે આ હુમલાએ રશિયાએ યુક્રેન સામે ચાર વર્ષ પહેલા શરૂ કરેલી લશ્કરી કાર્યવાહીને અંત ભણી લઈ જવાના નિર્ણયને વાજબી ઠેરવી છે. આ બાબત દર્શાવે છે કે અમારી વાત કેટલી અધિકૃત છે.

રશિયાએ પણ યુક્રેનના ઓડેસા શહેરમાં હુમલો કર્યો હતો અને આ હુમલામાં તેમના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રકચરને ફટકો માર્યો હતો. હુમલાના કારણે બે રહેણાક ઈમારતોને નુકસાન થયું હતું. કુલ ૨૦૫ ડ્રોનમાંથી ૧૭૬ ડ્રોનને એર ડિફેન્સ સિસ્ટમ્સે ખતમ કરી નાખ્યા હતા. રશિયાએ આ પહેલા પુતિનના ઘર પર યુક્રેને ડ્રોન હુમલા કર્યાનો આક્ષેપ કર્યો હતો, જેને યુક્રેને નકારી કાઢ્યો હતો. રશિયાએ તેના આરોપના સમર્થનમાં પુરાવા પણ આપ્યા છે. નવા વર્ષના સંબોધનમાં યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પ્રજાજોગ સંબોધનમાં જણાવ્યું હતું કે પીસ ડીલ ૯૦ ટકા તૈયાર છે, પરંતુ ચેતવણી આપી હતી કે ૧૦ ટકા હજી બાકી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

## ન્યૂઝ ઈન ફોકસ

### કલાણામાં 'એકબીજાની સામે જોવા'ની બાબતે થઈ હતી જૂથ અથડામણ

**અમદાવાદ :** અમદાવાદના સાણંદ પાસે આવેલા કલાણા ગામમાં સામાન્ય બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ જૂથ અથડામણની ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં સ્પષ્ટ થાય છે કે આ વિવાદની શરૂઆત સગીર વયના યુવકો અને આરોપીઓ વચ્ચે 'એકબીજાની સામે જોવા' જેવી સામાન્ય બાબતે થઈ હતી. કલાણા ગામના તળાવ પાસે શાહરૂખ પઠાણ નામના શખ્સ અને એક સગીર વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. આ સામાન્ય ઝઘડો જોતજોતામાં ઉગ્ર બન્યો હતો અને બંને જૂથો આમને-સામને આવી જઈ પથ્થરમારો શરૂ થયો હતો, જેના કારણે ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આ ઘટના બાદ સાણંદ GIDC પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી કુલ 60 જેટલા શંકાસ્પદ લોકોની અટકાયત કરી હતી. સઘન તપાસ અને પૂછપરછ બાદ પોલીસે 3 મહિલાઓ સહિત કુલ 25 લોકોની વિધિવત ધરપકડ કરી છે, જેમને હવે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે ઝડપાયેલા 25 આરોપીઓ પૈકી 5 આરોપીઓ અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. હાલ ગામમાં શાંતિ જળવાઈ રહે તે માટે સતત ત્રીજા દિવસે પણ પોલીસનું કોમ્બિંગ ચાલુ છે, જેમાં 1 DYSP, 5 PI અને 8 PSI સહિત 100 જેટલા પોલીસ જવાનોનો કાફલો તૈનાત કરવામાં આવ્યો છે.અમદાવાદ ગ્રામ્યના એસપી ઓમ પ્રકાશ જાટે આ ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પથ્થરમારો કરનારા તત્વો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે.

### નડિયાદ સેશન્સ કોર્ટે દિવ્યાંગ બાળકી પર દુષ્કર્મ આચરનાર આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

**નડિયાદ :** ૧૩ વર્ષની દિવ્યાંગ બાળકી પર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં નડિયાદ સેશન્સ કોર્ટે આરોપી રિયાઝ અકબરખાન પઠાણને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આવી નરાધમ ઘટનાઓમાં સંડોવાયેલા આરોપીઓ પ્રત્યે કોઈપણ પ્રકારની રહેમ દાખવવામાં આવી શકે નહીં. ત્રણ સંતાનોના પિતા એવા આરોપી રિયાઝ પઠાણે ગત ૩૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ આ અમાનવીય કૃત્ય આચર્યું હતું. ઘટના સમયે ૧૩ વર્ષની દિવ્યાંગ બાળકી ગામના ચરા વિસ્તારમાં પોતાના પિતાને બોલાવવા જઈ રહી હતી. આરોપીએ બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાની જાણ બાળકીના પિતાને થતાં તેમણે તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે પોલીસે ઝડપી કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી તેમજ જરૂરી પુરાવાઓ એકત્રિત કરી નડિયાદ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ ધવલ બારોટે આરોપી વિરુદ્ધ કડક અને ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટ સમક્ષ FSL રિપોર્ટ, ડોક્ટરનું મેડિકલ સર્ટિફિકેટ સહિત કુલ ૨૦ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૧ સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી, જે આરોપી વિરુદ્ધ મહત્વપૂર્ણ સાબિત થઈ હતી. નડિયાદ સેશન્સ કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો અને અંતે તેને ૨૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

### આજથી ટી.ટી.એ.બી. દ્વારા વર્લ્ડ ટેબલ ટેનિસના બે મેગા ઇવેન્ટ્સની શરૂઆત

**અમદાવાદ :** ટી.ટી.એ.બી. (ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા) દ્વારા વર્લ્ડ ટેબલ ટેનિસ યુથ કન્ટેન્ડર અને વર્લ્ડ ફીડર સિરીઝનું આયોજન તા.૨થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ્સમાં ભારત સહિત ૯થી વધુ દેશોના ૩૦૦થી વધુ ટોચના પેડલર્સ ભાગ લેશે.ટી.ટી.એ.બી. દ્વારા ટી.ટી.એફ.આઈ. ( ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા ) અને જી.એસ. ટી.ટી. એ (ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન )ના નેજા હેઠળ આ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે.વર્લ્ડ ટેબલ ટેનિસ યુથ કન્ટેન્ડર સ્પર્ધા તા. ૨થી ૫ જાન્યુઆરી દરમિયાન વડોદરામાં બીજી વખત યોજાશે, જ્યારે ડબલ્યુ.ટી.ટી. ફીડર સિરીઝ તા.૭થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ભારતમાં પહેલીવાર યોજાવા જઈ રહી છે, જે શહેર અને રાજ્ય માટે ગૌરવની બાબત છે.આ સ્પર્ધાઓમાં ૧૧થી ૧૯ વર્ષની વયના યુવા ખેલાડીઓ ઉપરાંત ઓપન એજ કેટેગરીના આંતરરાષ્ટ્રીય ક્રમાંકિત ખેલાડીઓ મહત્વપૂર્ણ રેન્કિંગ પોઈન્ટ્સ માટે સ્પર્ધા કરશે..ડબલ્યુ.ટી.ટી. યુથ કન્ટેન્ડરમાં અંડર-૧૧, ૧૩, ૧૫, ૧૭ અને ૧૯ કેટેગરીમાં મેન્સ-ગર્લ્સના સિંગલ્સ તેમજ અંડર-૧૫ અને ૧૯ મિક્સ ડબલ્સ સહિત કુલ ૧૨ ઈવેન્ટ્સ યોજાશે. જ્યારે ડબલ્યુ.ટી.ટી. ફીડર સિરીઝમાં મેન્સ સિંગલ્સ, વિમેન્સ સિંગલ્સ, મેન્સ ડબલ્સ, વિમેન્સ ડબલ્સ અને મિક્સ ડબલ્સ મળી કુલ ૫ ઈવેન્ટ્સ રહેશે.

### બાઇક ધીમે ચલાવવાનું કહેતા યુવાનની હત્યા કરનાર માતા-પુત્રને આજીવન કેદ

**ગાંધીનગર :** ગાંધીનગરના પ્રભુપુરા ગામે બાઈક ઝડપથી ચલાવવા બાબતે ઠપકો આપવા જેવી સામાન્ય બાબતમાં યુવાનની ક્રૂતાપૂર્વક હત્યા કરવાના કેસમાં કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આ કેસમાં સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી પુત્ર અને ઉશ્કેરણી કરનાર માતા એમ બંનેને આજીવન કેદની સખત સજા અને દંડ ફટકાર્યો છે.આ કેસની મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર નજીક આવેલા પ્રભુપુરા ગામમાં ગત ૨૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ બપોરના સમયે સંજય રતિલાલ સોલંકી તેનું બાઈક અત્યંત ઝડપી રીતે ચલાવી રહ્યો હતો. જેના પગલે ગામમાં રહેતા ભરતજી ઠાકોરે તેને બાઈક ધીમે ચલાવવા બાબતે ઠપકો આપ્યો હતો. આ વાતની અદાવત રાખી સંજય સોલંકીએ ભરતજીને છાતીના ભાગે ચપ્પાના ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે ગંભીર ઈજાઓ થવાથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. સંજયની માતા સુરતાબેન રતીલાલ સોલંકીએ ભરતજીની પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને પોતાના પુત્ર સંજયને માર માર કહી ઉશ્કેરીને મદદગારી કરી હતી. આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ કેસ ગાંધીનગરના ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી.એમ ઉનડકટની કોર્ટમાં ચાલ્યો હતો.

---

**વધુ થેલીઓની માંગણી કરવામાં આવે ત્યારે એગ્રો સંચાલકો ટાળટૂળ કરે છે**

# સુખસર તાલુકામાં ખાતર વિતરણમાં ગેરરીતિ!

**એગ્રો સંચાલકો વધુ ભાવ વસૂલતા હોવાનો અને માંગ વિના ખાતરની સાથે ઝીંક આપતા હોવાનો આક્ષેપ**

• દાહોદ

દાહોદ જિલ્લામાં ચોમાસુ પાક લણવાની તૈયારી ચાલી રહી હતી તે દરમિયાન આકસ્મિક માવઠું પડતાં અનેક ખેડૂતોના ઊભા પાકને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ નુકસાન બાદ પણ ખેડૂતો હિંમત હાર્યા વિના ફરીથી શિયાળુ પાકમાં ઘઉં અને ચણાનું વાવેતર કર્યું છે.

પાક સારો થાય તે હેતુથી ખેડૂતોએ પાણીની વ્યવસ્થા કરી, ખાતરનો પૂરતો ઉપયોગ કરવાની તૈયારી પણ કરી હતી. પરંતુ આ સંવેદનશીલ સમયગાળા દરમિયાન ખાતરની અછતનો લાભ લઈ કેટલાક એગ્રો સંચાલકો ખેડૂતોની મજબૂરીનો ખોટો ફાયદો ઉઠાવી રહ્યા હોવાની ગંભીર ફરિયાદો સામે આવી છે.

દાહોદ જિલ્લાના સુખસર તાલુકામાં એગ્રો સંચાલકો બેફામ બન્યા હોવાના આક્ષેપો ઉઠ્યા છે. ખેડૂતોને જરૂરી પ્રમાણમાં ખાતર મળતું નથી, એટલું જ નહીં પરંતુ સરકાર દ્વારા નક્કી કરેલા નિયત ભાવ કરતાં ઘણી વધારે વસૂલાત કરવામાં આવી રહી છે. યુરિયા ખાતરની 45 કિલોની એક બેગનો નિયત ભાવ રૂ. 266.50 હોવા છતાં ખેડૂતો પાસેથી રૂ. 360થી લઈને રૂ. 500 સુધી વસૂલવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો વધી રહી છે.

ખેડૂતોનું કહેવું છે કે, એગ્રો સેન્ટરોમાં આધારકાર્ડ અને ફિંગરપ્રિન્ટ દ્વારા નોંધણી કરીને પણ તેમને એક જ બેગ ખાતર આપવામાં આવે છે, જ્યારે જરૂરિયાત મુજબ વધુ થેલીઓની માંગણી કરવામાં આવે ત્યારે એગ્રો સંચાલકો ટાળટૂળ કરે છે. વધુમાં, ખાતર સાથે ઝીંક જેવી વસ્તુઓ જબરજસ્તી આપવામાં આવી રહી છે, જે ખેડૂતોને જરૂરી ન હોવા છતાં ખરીદવા મજબૂર કરવામાં આવે છે. પરિણામે ખેડૂતોને ડબલ આર્થિક ભાર સહન કરવો પડે છે.






---

**મહુવાના મોણપર ગામ નજીક યુવક પર આઠ શખ્સોએ હુમલો કર્યો હતો**

## બગદાણાના યુવક પર હુમલાના કેસ મામલે મહિલા પીઆઇ ડાંગરની બદલી

મહુવા: મહુવા તાલુકાના બગદાણા ગામના યુવક પર મોણપર ગામ નજીક આઠ શખ્સો દ્વારા ધોકા પાઈપ વડે હુમલો કર્યાના બનાવમાં રાજકારણ ગરમાયું છે. પીડિત યુવક દ્વારા કરવામાં આવેલા આક્ષેપ બાદ જિલ્લા પોલીસવડાએ બગદાણા પીઆઈની બદલી કરી લીવ રિઝર્વમાં મુક્યા છે. બીજી તરફ આ મામલાની તપાસ મહુવા ટાઉન પીઆઈ પટેલને સોંપવામાં આવી છે. તેમજ આ સમગ્ર વારદાતમાં સંડોવાયેલા આઠેય ઈસમોને પોલીસે ઝડપી લઈ ક્રાઈમ રિ-કન્સ્ટ્રક્શ કરવામાં આવ્યું હતું.

મહુવા તાલુકાના બગદાણા ગામે રહેતા નવનીતભાઈ ડાહ્યાભાઈ બાલધિયા પર ગત તા.૨૯-૧૨ની મોડી રાત્રિના મહુવાના મોણપર ગામ નજીક આઠ શખ્સોએ ધોકા પાઈપ વડે હુમલો કર્યો હતો. જે બનાવ અંગે બગદાણા પોલીસ મથકમાં આઠ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. પીડિત યુવક નવનીતભાઈએ લોકસાહિત્યકાર માયાભાઈ આહિરના પુત્ર જયરાજ આહિરના દોરી સંચારથી આ હુમલો થયાનો આક્ષેપ કર્યો હતો. તેમજ તેણે બગદાણા પોલીસ પર પણ ગંભીર આક્ષેપો કર્યાં હતા. બીજી તરફ દારૂના અને માટીના ધંધાની બાતમી આપ્યાની શંકાએ આઠ શખ્સોએ નવનીતભાઈ પર હુમલો કર્યો હોવાનું મહુવા ઈન્ચાર્જ ડીવાયએસપીએ ગતરોજ જણાવ્યું હતું. જે બાદ આજરોજ પોલીસ દ્વારા આ હુમલામાં સંડોવાયેલા આઠેય આરોપીઓને ઝડપી લઈ ક્રાઈમ રિ-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. તેમજ આરોપીઓના રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવા પોલીસ દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી રહી હોવાનું પોલીસ સૂત્રો તરફથી જાણવા મળ્યું છે. ઉપરાંત આ મામલે રાજકારણ ગરમાતા જિલ્લા પોલીસવડાએ ખાતાકીય કારણ ધરીને તાત્કાલિક અસરથી બગદાણા પીઆઈ ડી.વી.ડાંગરની બદલી કરીને લીવ રિઝર્વમાં મુકી દેવામાં આવ્યા છે. જ્યારે આ કેસની તપાસ મહુવા ટાઉન પીઆઈ પટેલને સોંપવામાં આવી છે. આ સમગ્ર મામલે માયાભાઈના પુત્રનો ટેલિફોનિક થઈ શક્યો નહોતો.

આ મામલે જિલ્લા પોલીસવડા નિતેષ પાંડેયે જણાવ્યું હતું કે, હાલ પ્રાથમિક તબક્કે ફરિયાદ નોંધી આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. કેસ ડાયવર્ટ કરવામાં આવી રહ્યો હોય તેવી કોઈ વાત જ નથી. ઝડપાયેલા આરોપીઓની પુછપરછ, સીડીઆર એનાલિસિસ અને સીસીટીવી કેમેરાના આધારે પોલીસ તપાસ ચાલી રહી છે. આ મામલે કોઈને પણ છોડવામાં નહી આવે.

મુંબઈના કાર્યક્રમમાં બગદાણાના મેનેજીંગ ટ્રસ્ટીના નામ મુદ્દે લોકસાહિત્યકાર માયાભાઈ આહિરને ફોન કરીને જણાવ્યું હતું અને તેમણે સોશિયલ મીડિયામાં ભૂલ સ્વીકારતો વીડિયો શેર કર્યો હતો. તેની દાઝે માયાભાઈના પુત્રએ આ હુમલો કરાવ્યો હોવાનો અને પોલીસે તેમના કહેવા પ્રમાણે ફરિયાદ નહી નોંધી હોવાના સનસનીખેજ આક્ષેપો કર્યાં હતા.

## આણંદના યુવક સાથે ગુગલ રિવ્યુ ટાસ્કના નામે 11.45 લાખની ઓનલાઈન ઠગાઈ

આણંદ: આણંદના એક યુવકને અજાણ્યા ગઠિયાઓએ ટેલિગ્રામ એપ્લિકેશન મારફતે એકાઉન્ટ ઓપન કરાવી ગુગલના રિવ્યુ ટાસ્કના નામે રૂપિયા ૧૧.૪૫ લાખ ઉપરાંતનું રોકાણ કરાવી પૈસા પરત નહીં આપી છેતરપિંડી આચરી હતી. આ બનાવ અંગે આણંદ શહેર પોલીસે યુઝર આઈડીના આધારે અજાણ્યા ગઠિયાઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદના ઈન્દિરા ગાંધી સ્ટેચ્યુ નજીક શ્રીજી સદન બંગ્લોઝ ખાતે રહેતા પાર્થ ગોવિંદ પ્રસાદ શાહ આણંદની એક ફાઈનાન્સ બેંકમાં લોન ડિપાર્ટમેન્ટમાં લોન ઓફિસર તરીકે નોકરી કરે છે. આણંદ-વિદ્યાનગર રોડ ઉપર આવેલી કોટક મહિન્દ્રા બેન્કની શાખામાં તેઓ બેન્ક એકાઉન્ટ ધરાવે છે. ગત બીજી સપ્ટેમ્બરના રોજ તેમના મોબાઈલમાં ટેલિગ્રામ એપ્લિકેશનમાં બે અલગ અલગ યુઝર આઈડીથી ગુગલનો રીવ્યુ ટાસ્ક પૂર્ણ કરવાનો મેસેજ આવ્યો હતો. જેમાં ટાસ્ક પૂરુ કરતાં તમને પૈસા મળશે તેમ જણાવતા પાર્થ શાહ વિશ્વાસમાં આવી ગયા હતા અને યુઝર આઈડી મોકલી આપતા અલગ અલગ ટાસ્ક આપવામાં આવ્યા હતા જે તેઓએ પૂર્ણ કર્યા હતા. બાદમાં અજાણ્યા ગઠિયાઓએ એક લિંક મોકલી એકાઉન્ટ બનાવવા માટે કહેતા પાર્થે એકાઉન્ટ બનાવ્યું હતું. ત્યારબાદ ત્રીજી સપ્ટેમ્બરના રોજ તેમના બેન્ક એકાઉન્ટમાં ટાસ્ક પૂર્ણ કરવા બદલ ૧,૨૦૩ જમા થયા હતા. બાદમાં બીજો ટાસ્ક આપી પાંચ સ્ટેપ પૂર્ણ કરવાનું કહેતા રોકાણ કરવા અંગેનો અંતિમ સ્ટેપ હોવાથી પાર્થ શાહે રૂપિયા ૪૦ હજાર ગુગલપેથી રોકાણ કર્યું હતું.

બાદમાં અજાણ્યા ગઠિયાઓના કહેવા પ્રમાણે અલગ અલગ તારીખે રોકાણ કર્યું હતું. જેમાં એકાઉન્ટમાં જોતા રૂપિયા ૧૪,૨૪૮૧૧ જેટલો નફો થયો હોવાનું દેખાતું હતું. જોકે આ પૈસા ઉપાડવા જતા તમારી ચેનલ બંધ થઈ ગઈ હોવાનું અને ચેનલ ઓપન કરવી પડશે તે માટે રૂપિયા ૮ લાખ ભરવા પડશે તેઓ મેસેજ આવ્યો હતો અને પૈસા ભર્યા બાદ જ તમે નાણાં ઉપાડી શકશો તેવો મેસેજ આવતા પાર્થ શાહને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની શંકા ગઈ હતી જેથી તેઓએ આણંદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ગઠિયાઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

**ગાંધીનગર સેશન્સ કોર્ટનો ચુકાદો : બંને આરોપીઓને ૫ હજાર રૂપિયાનો દંડ**

## બાઇક ધીમે ચલાવવાનું કહેતા યુવાનની હત્યા કરનાર માતા-પુત્રને આજીવન કેદ

• ગાંધીનગર

ગાંધીનગરના પ્રભુપુરા ગામે બાઈક ઝડપથી ચલાવવા બાબતે ઠપકો આપવા જેવી સામાન્ય બાબતમાં યુવાનની ક્રૂતાપૂર્વક હત્યા કરવાના કેસમાં કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આ કેસમાં સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી પુત્ર અને ઉશ્કેરણી કરનાર માતા એમ બંનેને આજીવન કેદની સખત સજા અને દંડ ફટકાર્યો છે.

આ કેસની મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર નજીક આવેલા પ્રભુપુરા ગામમાં ગત ૨૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ બપોરના સમયે સંજય રતિલાલ સોલંકી તેનું બાઈક અત્યંત ઝડપી રીતે ચલાવી રહ્યો હતો. જેના પગલે ગામમાં રહેતા ભરતજી ઠાકોરે તેને બાઈક ધીમે ચલાવવા બાબતે ઠપકો આપ્યો હતો. આ વાતની અદાવત રાખી સંજય સોલંકીએ ભરતજીને છાતીના ભાગે ચપ્પાના ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે ગંભીર ઈજાઓ થવાથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. સંજયની માતા સુરતાબેન રતીલાલ સોલંકીએ ભરતજીની પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને પોતાના પુત્ર સંજયને માર માર કહી ઉશ્કેરીને મદદગારી કરી હતી. આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ કેસ ગાંધીનગરના ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી.એમ ઉનડકટની કોર્ટમાં ચાલ્યો હતો. ગુનાની સંપૂર્ણ તપાસ કરીને તત્કાલીન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એસ રાણા દ્વારા ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. જ્યાં સરકારી વકીલ પ્રિતેશ ડી. વ્યાસ દ્વારા સાક્ષીઓ અને તપાસ અધિકારીની જુબાનીઓ તપાસી ધારદાર દલીલો કરી હતી. સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, આરોપી સંજયે અત્યંત ક્રૂતાપૂર્વક લિવર સુધી ચપ્પુ હુલાવીને હત્યા કરી છે. સમાજમાં આવા કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે દાખલો બેસે તેવી સજા કરવાની માંગ તેમણે કરી હતી.

**અમદાવાદ ઈન્ટરનેશનલ ફલાવર શો 2026માં**

## એક સાથે બે નવા ગિનીસ બુક ઑફ વર્લ્ડ રૅકોર્ડ નોંધાયા

• અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 14મા અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો 2026 એ આ વર્ષે વૈશ્વિક સ્તરે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. "ભારત એક ગાથા" થીમ હેઠળ આયોજિત આ ભવ્ય ફ્લાવર શોમાં વર્ષ 2026માં એક સાથે બે નવા ગિનીસ બુક ઑફ વર્લ્ડ રૅકોર્ડ સ્થાપિત કરીને ફ્લાવર શોએ સતત ત્રીજા વર્ષે વર્લ્ડ રૅકોર્ડની હેટ્રિક નોંધાવી છે, જે અમદાવાદ અને ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે.

અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો 2026માં એક સાથે બે નવા ગિનીસ બુક ઑફ વર્લ્ડ રૅકોર્ડ નોંધાયા છે. પ્રથમ ગિનીસ બુક ઑફ વર્લ્ડ રૅકોર્ડ વિશ્વના સૌથી મોટા ફ્લાવર મંડલાનો છે, જ્યારે બીજો ગિનીસ બુક ઑફ વર્લ્ડ રૅકોર્ડ સરદાર વલ્લભભાઈ પટેલના વિશ્વના સૌથી મોટા ફ્લાવર પોર્ટ્રેટનો છે.

ઉલ્લેખનીય છે કે, સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે તૈયાર કરાયેલા ફ્લાવર મંડલાનું DGPS (Differential Global Positioning System) ટૅક્નોલૉજી દ્વારા ચોક્કસ માપ લેવામાં આવ્યું છે. અધિકૃત સર્વે રિપોર્ટ અનુસાર આ ભવ્ય ફ્લાવર મંડલાનો વ્યાસ આશરે 33.6 મીટર, કુલ વિસ્તાર 886.789 ચોરસ મીટર નોંધાયો છે. ઉચ્ચ ચોકસાઈવાળા DGPS સાધનો દ્વારા કરવામાં આવેલી આ માપણીને આધારે ફ્લાવર મંડલાને ગિનીસ બુક ઑફ વર્લ્ડ રૅકોર્ડ માટે માન્યતા આપવામાં આવી છે. અગાઉ 706.86 ચોરસ મીટર વિસ્તારનો ન્યૂનતમ બેન્ચમાર્ક નક્કી કરવામાં આવ્યો હતો.આ સાથે જ રાષ્ટ્રીય એકતાનું પ્રતિક એવા સરદાર વલ્લભભાઈ પટેલનું વિશ્વનું સૌથી મોટું ફ્લાવર પોર્ટ્રેટ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ પોર્ટ્રેટનું Total Station Survey તથા Measuring Tape દ્વારા માપણી કરવામાં આવી છે.

### નાનસલાઈ ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

ઝાલોદ : ઝાલોદ તાલુકાના નાનસલાઈ ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનમાંથી રોકડા રૂપીયા ૬,૩૦૦ની ચોરી કરી લઈ તસ્કરો નાસી ગયાંનું જાણવા મળે છે.ગત તા.૧૫મી ડિસેમ્બરના રોજ ઝાલોદના નાનસલાઈ ગામે મંદિર ફળિયામાં રહેતાં અશ્વિનભાઈ રામાભાઈ પટેલના બંધ મકાનને અજાણ્યા ચોર ઈસમોએ રાત્રીના કોઈપણ સમયે મકાનને નિશાન બનાવ્યું હતું અને મકાનના દરવાજાનો નકુચો તથા લોક તોડી તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો. મકાનમાં મુકી રાખેલ ડ્રોવરમાંથી રોકડા રૂપીયા ૬,૩૦૦ની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો નાસી જતાં આ સંબંધે અશ્વિનભાઈ રામાભાઈ પટેલે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## છોટાઉદેપુરમાં માર્ગ સલામતી માસનો પ્રારંભ: નાગરિકોને RTO નિયમો અને સલામતી અંગે જાગૃત કરાયા

• છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાની એકલબારા ખાતે આવેલી આરટીઓ કચેરીમાં માર્ગ સલામતી માસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા આરટીઓ કચેરી અને જિલ્લા ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝભાઈ શેખે અધ્યક્ષતા કરી હતી.



આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને માર્ગ સલામતીના નિયમો અને આરટીઓના નિયમો અંગે જાગૃત કરવાનો હતો. હાલમાં વાહનો અને ટ્રાફિકમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને પોલીસ અને આરટીઓ વિભાગ સક્રિયપણે ફરજ બજાવી રહ્યા છે.આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝભાઈ શેખ, આરટીઓ અધિકારી એ.આઈ.પરમાર, આરટીઓ અને પોલીસ કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી હતી.

### દિયોદરના મકડાલામાં શોર્ટ સર્કિટથી ટ્રેલરમાં આગ લાગી

• થરાદ

દિયોદર તાલુકાના મકડાલા ગામે શોર્ટ સર્કિટના કારણે ઘાસચારો ભરેલા એક ટ્રેલરમાં ભીષણ આગ લાગી હતી. થરાદ નગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.ફાયર ઓફિસર વિરમજી રાઠોડે આપેલી માહિતી મુજબ, આ ઘટના આજરોજ બની હતી. પંજાબથી ઘાસચારો ભરીને લાવવામાં આવેલું ટ્રેલર મકડાલા ગામ પાસેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે જીવંત વીજવાયરના સંપર્કમાં આવતા શોર્ટ સર્કિટ સર્જાઈ હતી.

લુણાવાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજિત

# તાલુકા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટની આજે ફાઈનલ મેચ આયોજન થયું



• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

લુણાવાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજિત તાલુકા કક્ષા ની ક્રિકેટ ટુર્નામેન્ટ ની આજે ફાઈનલ મેચ આયોજન થયું જેમાં લુણાવાડા ના માજી ધારાસભ્ય હીરાભાઈ પટેલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ના સલાહકાર દિનેશભાઈ પટેલ હાજર રહી તાલુકા શિક્ષક સંઘ ના શિક્ષકો નો ઉત્સાહ વધારી શુભકામના આપી તાલુકામાં થી આવેલ નવ ટીમ માં થી વરધરી બી ટીમ વિજેતા તેમજ લુણાવાડા ની ટીમ ઉપવિજેતા રહી હતી. સમગ્ર ટુર્નામેન્ટ નું આયોજન કરવા માટે પ્રમુખ શ્રી બીરેનભાઈ પટેલ અને સમગ્ર ટીમ ને શિક્ષકો દ્વારા બિરદાવવા માં આવિયા હતા શિક્ષકો તંદુરસ્ત રહે અને પોતાની અંદર રહેલ શક્તિ ને પારખી સકે તેવા ઉદેશ થી ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવિયું હતું 57 વર્ષે પણ જિલ્લા પ્રમુખ શ્રી શશિકાન્તભાઈ પટેલ એ ટુર્નામેન્ટ માં ભાગ લઈ શિક્ષકો નો ઉત્સાહ વધારેલ હતો.

# દોલતપુરમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભરૂચ, વાલીયા પોલીસે દોલતપુર ગામમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ ૨૫૩ બોટલ વિદેશી દારૂ કબ્જે કર્યો છે, જેની અંદાજિત કિંમત ૮૬,૧૫૦ રૂપિયા આંકવામાં આવી છે. આ મામલે એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે, દોલતપુર ખાડી ફળિયામાં રહેતો રાકેશભાઈ ગોવિંદભાઈ વસાવા પોતાના ઘરના પા છળના ભાગે વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી છૂટક વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે વાલી યા પોલીસ સ્ટાફે તાત્કાલિક દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન, આરોપીના ઘરના પાછળના ભાગેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રા ન્ડ ની નાની-મોટી કુલ ૨૫૩ બોટલો મળી આવી હતી. આ દારૂનો કુલ મુદ્દામાલ ૮૬,૧૫૦ રૂપિયાનો છે.

પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી આરોપી રાકેશભાઈ ગોવિંદભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો છે. આરોપી વિરુદ્ધ વાલીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કાર્યવાહી

હાલમાં તમામ વાહનોને વાગરા પોલીસ મથકે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી

# ભરૂચ ખાણ-ખનિજ વિભાગે વાગરામાં ગેરકાયદેસર ખનન કરતા ૬ ટ્રક અને ૨ જેસીબી મશીન દબોચ્યા

## ખાણ-ખનિજ વિભાગ અને સ્થાનિક પોલીસે સંયુક્ત દરોડા પાડ્યા હતા

• વાગરા/ભરૂચ

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મોટા પાયે ગેરકાયદેસર માટી ખનન ચાલતું હોવાની બાતમીના આધારે ખાણ-ખનિજ વિભાગ અને સ્થાનિક પોલીસે સંયુક્ત દરોડા પાડ્યા હતા. આ કામગીરી દરમિયાન ચોંકાવનારી વિગત સામે આવી હતી કે, માટી ચોરી કરનારા તત્વોએ ONGCની સંવેદનશીલ ગેસ/ઓઈલ પાઈપલાઈનની આસપાસ પણ ખોદકામ કરીને રાષ્ટ્રીય સંપત્તિને ભારે નુકસાન પહોંચાડ્યું હતું, જે કોઈ મોટી દુર્ઘટનાને નિમંત્રણ આપી શક્યું હોત.

દરોડા દરમિયાન તંત્રએ ઘટના સ્થળેથી માટીના વહન માટે વપરાતી ૬ હાઈવા ટ્રક અને ૨ હેવી હિટાચી મશીનરી સહિત અંદાજે ૨.૮૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખનિજ માફિયાઓ દ્વારા સક્ષમ સત્તાધિકારીની મંજૂરી વિના આડેધડ ખોદકામ કરીને સરકારની કરોડોની રોયલ્ટી ચોરી કરવામાં આવતી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હાલમાં તમામ વાહનોને વાગરા પોલીસ મથકે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



અન્ય બે આરોપીઓ ફરાર થતા તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા

# નર્મદા જિલ્લાના ચોપડવાવ(સાગબારા) ખાતેથી રૂપિયા 8 લાખનો દારૂ ઝડપાયો

મુદ્દામાલ કબજે

શેરડીની આડમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા બે ઈસમો ઝડપાયા

• દીપક જગતાપ, રાજપીપળા

નર્મદા જિલ્લામાં દારૂની હેરાફેરી સામે એલ.સી.બી. નર્મદા પોલીસને મોટી સફળતા મળી છે. ચોપડવાવ (સાગબારા) ખાતેથી શેરડીની આડમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરી રહેલા બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે રૂ. 8.17 લાખનો દારૂ સહિત કુલ રૂ. 13.32 લાખનો મુદ્દામાલ કબજે કરી 31મી ડિસેમ્બરે બુટલેગરોની યોજના નિષ્ફળ બનાવી હતી. પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ પર કડક નજર રાખવામાં આવી રહી છે. દારૂના દુષણને નેસ્તનાબૂદ કરવા માટે અપાયેલા અસરકારક સૂચનોના પગલે પોલીસ ઈન્સપેક્ટર આર.જી. ચૌધરી, એલ.સી.બી. નર્મદાના નેતૃત્વમાં ટીમ ડેડીયાપાડા અને સાગબારા આંતરરાજ્ય બોર્ડર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ખાનગી રાહે બાતમી મળી કે મહારાષ્ટ્ર તરફથી એક મહીન્દ્રા પીકઅપ ગાડી નં. GJ-16-AV-7855માં શેરડીની આડમાં ખાસ ચોરખાનામાં ભારતીય બનાવટના વિવિધ બ્રાન્ડના વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે. બાતમીના આધારે એલ.સી.બી. ટીમે રેડ કરી રૂ. 8,17,620/- કિંમતનો દારૂ, રૂ. 5,00,000/-ની પીકઅપ ગાડી તથા ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. 13,32,620/-નો મુદ્દામાલ ઝડપી પાડ્યો. આ કાર્યવાહીમાં (1) સતિષ ઉર્ફે સત્યો ગાંડો ચંદુભાઈ વસાવા (રહે. નવાગામ, કરારવેલ, તા.અંકલેશ્વર, જી.ભરૂચ - રાજપારડી પોલીસ મથકના ગુનામાં વોન્ટેડ) અને (2) ગણેશસિંગ જગદીશસિંગ રાજપુત (મૂળ અજમેર, હાલ રહે. નવાગામ, કરારવેલ, અંકલેશ્વર)ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર થતા તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.



કોઠંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી

# ચાઈનીઝ દોરીનું વેચાણ કરનાર ઈસમને ઝડપી પાડવામાં એસઓજીને મળેલ સફળતા

• ગોધરા

પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક શ્રી આર.વી. અસારી સાહેબ તથા મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સફીન હસન સાહેબનાઓએ મે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહીસાગર નાઓના જાહેરનામા ક્રમાંક:એમ.એજી/ઉત્તરાયણ/જાહેરનામુ/વશી/૧૮૪૦/૨૫ તા.૨૨/૧૨/૨૦૨૫ અન્વયે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી હેરાફેરી/વેચાણ કરતા ઈસમો ઉપર વોચ રાખી અસરકારક કામગીરી કરવા સુચના કરેલ.જે અન્વયે એસ.ઓ.જી.પોલીસ ઈન્સ.શ્રી.વી.ડી.ધોરડા સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ.શ્રી એ.એમ. બારીયા તથા પો.સ.ઈ.શ્રી એચ.બી. સીસોદીયા તથા એસ.ઓ.જી. સ્ટાફના માણસોની અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલ દરમ્યાન એસ.ઓ.જી.પોલીસ ઈન્સ. શ્રી.વી.ડી.ધોરડા સાહેબનાઓને



હ્યુમન સોર્સથી બાતમી મળેલ કે કોઠંબા પો.સ્ટે. વિસ્તારમાં મહારાજ ઢાબા નજીક રોડ ઉપર ચોરી છુપીથી ચાઈનીઝ દોરીનું વેચાણ થઈ રહેલ છે. તેવી ચોક્કસ બાતમી હકીકત આધારે એસ.ઓ.જી. સ્ટાફના માણસોને સુચના કરી બાતમીવાળી જગ્યાએ મોકલી આપી તપાસ કરાવતાં એક ઈસમ મહેન્દ્રભાઈ ભીખાભાઈ રહે મીઠાપુર, તા શહેરા, જી.પંચમહાલનો અલગ અલગ થેલામાં ચાઈનીઝ દોરી ફીરકી નંગ-૩૬ કિંમત રૂ.૨૭,૦૦૦/- તથા બે એન્ડ્રોઈડ મોબાઈલ કિંમત રૂા.૧૫,૦૦૦/- મળી કુલ રૂા.૪૨,૦૦૦/- મુદ્દામાલ સાથે મળી આવી મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેના વિરુધ્ધ કોઠંબા પો.સ્ટે.બી. પાર્ટ નં.૧૧૧૮૭૦૦૫૨૬૦૦૦૩/૨૬ બી.એન.એસ.કલમ ૨૨૩ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# મહીસાગર જિલ્લા સેવા સદન અને સરકારી કચેરીઓ નજીક રેલી-ધરણા પર પ્રતિબંધ

## ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચારથી વધુ વ્યક્તિ ભેગા થવા પર મનાઈ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહીસાગર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મહીસાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી વી લટાએ જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લા ના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યાકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૧૬/૦૧/૨૦૨૬ સુધી મનાઈ ફરમાવી છે. આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓને, લગ્નના વરધોડા તથા સ્મશાનયાત્રાને, જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સાઓ તરીકે પરવાનગી આપવામાં આવી હોય અને સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો કે અભિયાન તેઓને લાગુ પડશે નહીં.આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે.

# લુણાવાડા સ્થિત આદર્શ વિદ્યાલય ખાતે જિલ્લા શાળા સંચાલક મંડળની મિટિંગ મળી



• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

લુણાવાડા સ્થિત આદર્શ વિદ્યાલય ખાતે મહિસાગર જિલ્લા શાળા સંચાલક મંડળ કારોબારી સભ્યોની મિટીંગ નું સફળ આયોજન કરવામાં આવ્યું. પ્રસ્તુત મિટીંગ દરમિયાન મહિસાગર જિલ્લા બીજેપી પ્રમુખ દશરથભાઈ બારીઆ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગ્રાન્ટેડ શાળાનાં મુખ્ય સળગતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી. ત્યાર બાદ મહિસાગર જિલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા મહિસાગર જિલ્લા કલેક્ટર ને ગ્રાન્ટેડ શાળાનાં મેનેજમેન્ટ અંગે વિવિધ મૂંઝવતા પ્રશ્નો બાબતે આવેદન પત્ર આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિસાગર જિલ્લા શાળા સંચાલક મંડળના મહામંત્રી નરેન્દ્રસિંહ સિસોદીયા દ્વારા કરવામાં આવ્યું. પ્રસ્તુત કાર્યક્રમ એકંદરે સારો રહ્યો.

મોટી સંખ્યામાં સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

# મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધ્ધાર્થ દ્વારા વેલણવાડાના પશુપાલકો સાથે સંવાદ સંધાયો

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધ્ધાર્થ દ્વારા વેલણવાડાના પશુપાલકો સાથે સંવાદ સાધવામાં આવ્યો. મહીસાગર જિલ્લાના વિકાસ કાર્યોને વેગ આપવા અને પાયાના સ્તરે પશુપાલકોની સ્થિતિ જાણવા માટે જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધ્ધાર્થે લુણાવાડા તાલુકાના વેલણવાડા ઉમિયાનગરની તથા ધી ઉમિયા દૂધ ઉત્પાદક મંડળીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક દૂધ મંડળીના ચેરમેન, સંચાલકો અને પ્રગતિશીલ પશુપાલકો સાથે સીધો સંવાદ સાધી તેમના કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીની આ પ્રેરણાદાયી મુલાકાતથી સ્થાનિક પશુપાલકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીએ વેલણવાડાના પ્રગતિશીલ પશુપાલકોના તબેલાની રૂબરૂ મુલાકાત લીધી હતી. પશુપાલન



ક્ષેત્રે પશુપાલકો દ્વારા કરવામાં આવતી આધુનિક કામગીરી અને પશુઓની માવજત જોઈને તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. ડીડીઓ એ પશુપાલકો સાથે વાતચીત કરી તેમની પશુપાલન પદ્ધતિઓ અને દૂધ ઉત્પાદન વિશે માહિતી મેળવી હતી. તેમણે પશુપાલકોને વધુ સારા ઉત્પાદન માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ મુલાકાત દરમિયાન પશુપાલકોએ તેમને પડતી વિવિધ મુશ્કેલીઓ અને પ્રશ્નો રજૂ કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ આ સમસ્યાઓને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને જિલ્લા કક્ષાએ જે કંઈ પણ સુધારા કરી શકાય તે માટે હકારાત્મક ઉકેલની ખાતરી આપી હતી. તથા ખેડૂતો અને પશુપાલકોની આવક કેવી રીતે વધી શકે અને પશુપાલન વ્યવસાયને વધુ સમૃદ્ધ કેવી રીતે બનાવી શકાય તે અંગે તેમણે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી કે એસ સુવેરા, નાયબ પશુપાલન નિયામક એમ. જી. ચાવડા સ્થાનિક દૂધ મંડળીના ચેરમેન , સેક્રેટરી તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

# મન અને બુદ્ધિ એકબીજાથી ભિન્ન છે



મન એટલે દિલ, દલડું, ચિત, ચિતડું, ઉર, હૃદય, હૈયું, અંતઃકરણ વિગેરે શબ્દો મૂકી શકાય તો બીજી બાજુ બુદ્ધિ એટલે પ્રજ્ઞા, મેધા, મતિ, અક્કલ, દક્ષતા વિગેરે શબ્દો મૂકી શકાય. મન અને બુદ્ધિનો ક્યારેય સમન્વય થાય નહીં, કારણકે મન અને બુદ્ધિ બન્ને અલગ બાબત છે. મન ક્યારેય વિવેકથી કે સંયમથી કામ લેતું નથી, જ્યારે બુદ્ધિ વિવેક, ડહાપણ તથા શાણપણથી કામ લે છે. મનને કવિઓએ માંકડા સાથે સરખાવ્યું છે, કેમકે, જેમ માંકડું (મર્કટ) કદીપણ એક જગાએ સ્થિર થઈને બેસતું નથી અને આમતેમ કૂદયા કરે છે. એવી રીતે મન પણ ક્યારેય એક જગાએ સ્થિર થઈને બેસતું નથી. મનમાં હરદમ દરિયાનાં મોજાં જેવાં તરંગો ઉઠતાં જ હોય છે. બીજી તરફ બુદ્ધિમાં વિચારોનાં ઘોડા દોડતાં જ રહે છે. મન માટે એક કવિએ લખ્યું છે કે ' મન ચંચળ, મન ચોર, મનના ગુલામ ના બનીએ, મન છે હરાયું ઢોર'. મતલબ કે આપણું મન ઘણું ચંચળ છે એટલે એને હરાયા ઢોરની ઉપમા આપી છે. જેમ હરાયા ઢોર ઉપર કોઈનો કાબુ કે અંકુશ હોતો નથી અને ઈચ્છા ફાવે એમ કરે છે અને ગમે ત્યાં ભટક્યા કરે છે. એજ રીતે મન ઉપર કોઈનો કાબુ હોતો નથી. મન ભટકતાં સહેજ પણ વાર લાગતી નથી, પરંતુ અમુક સમયે બુદ્ધિ મન ઉપર બ્રેક લગાવવાનું કામ કરે છે.મનને દર્પણ સાથે પણ સરખાવવામાં આવે છે. જેમ દર્પણ એની સામે ઉભેલી વ્યક્તિનો જેવો છે એવો ચહેરો બતાવે છે એવી રીતે મન સામી વ્યક્તિને તરત ઓળખી જાય છે માટે જ સાહિર લુધિયાનવી નામના શાયરે કાજલ ફિલ્મના એક ગીતમાં લખ્યું છે કે ' તોરા મન દરપન કહેવાયે, ભલે બૂરે સારે કર્મો કો દેખે ઔર દીખાયે'.

મનને મક્કમ અને મજબૂત કરી શકાય છે. મનને હંમેશા સુખ તથા દુઃખ બન્નેનો અહેસાસ થાય છે, જ્યારે બુદ્ધિને એવો કોઈ અહેસાસ થતો નથી. મન હંમેશા લાલચું અને લોભી હોય છે, ક્યારેક કોઈ સુંદર સ્ત્રીને જોઈને મન લલચાઈ કે લોભાઈ જાય છે, જ્યારે બુદ્ધિ સંયમથી વર્તે છે અને વિવેકથી વિચારે છે કે આપણાંથી આવું કૃત્ય ન થાય. મનનાં પગમાં બેડીઓ પહેરાવવી મુશ્કેલ છે, પરંતુ બુદ્ધિનો કેવો અને કેટલો ઉપયોગ કરવો એ આપણા હાથની વાત છે. બુદ્ધિ ઉપર કોઈનો ઈજારો નથી. બુધ્ધિથી હારેલી બાજી પણ જીતમાં ફેરવી શકાય છે. બુદ્ધિ હંમેશા સ્થિર રહે છે અને મન હંમેશા ભટકતું રહે છે. મનને સેલ્સમેન સાથે સરખાવવામાં આવે છે. જેમ એક સેલ્સમેન પોતાની દરેક પ્રોડક્ટ્સ સારી અને સસ્તી છે એવું ગ્રાહકના મનમાં ઠસાવવાનો સતત પ્રયત્ન કરે છે અને ક્યારેય એવું નહીં કહે કે અમારી પ્રોડક્ટ્સ સારી નથી. મનનું પણ એવું જ છે એને બધું સારું જ લાગે છે. પરંતુ બુદ્ધિ સતત વિચારશક્તિ, વિવેક અને નિર્ણયશક્તિ ઉપર કામ કરે છે. કોઈ કામ આપણે શરૂ કરવું હોય તો સૌ પ્રથમ મનમાં નક્કી થાય છે અને એના ઉપર આગળ કેવી રીતે વર્તવું એ બુદ્ધિ નક્કી કરે છે. આપણે બજારમાં કોઈ વેપારી પાસે માલ ખરીદવા જઈએ છીએ ત્યાં વેપારી આપણને દશ જાતનો માલ બતાવશે અને મન એ વસ્તુઓ લેવા માટે લલચાઈ જશે, પરંતુ અહીં બુદ્ધિ નિર્ણયશક્તિ અને તર્ક લગાવશે કે આ વસ્તુ લેવા જેવી છે કે નહીં, આ વસ્તુ મારા ખિસ્સાને પોષાશે કે નહીં પછી જ વસ્તુઓ ખરીદવા પ્રેરાશે. માટે બુદ્ધિ મન કરતાં ચડિયાતી સાબિત થાય છે.

મન કરતાં બુધ્ધિ શ્રેષ્ઠ છે. અકબર બાદશાહનો સૌથી મહત્વનો અને માનીતો, નવરત્નમાં સ્થાન પામેલો બિરબલ બહું ભણેલો નહોતો, પરંતુ એની પાસે તાર્કિક શક્તિ અને બુદ્ધિ ચાતુર્ય હતું એથી એ ગમે તેવાં ગૂઢ રહસ્યો અને ગૂઢ સમસ્યાઓ સહેલાઈથી ઉકેલી શકતો હતો. મન તો દરેક મનુષ્ય પાસે હોય છે, પરંતુ દરેક વ્યક્તિમાં બુદ્ધિ ચાતુર્ય હોતું નથી.જે વ્યક્તિ પાસે બુદ્ધિ નથી એ વ્યક્તિ ક્યારેય આગળ આવી શકતો નથી. એક કહેવત છે કે ' મન હોય તો માળવે જવાય'. આનો ભેદ તમે સમજો, મન માળવા જવાનું નક્કી કરી શકે છે, પરંતુ માળવા કઈ રીતે પહોંચવું, કયા રસ્તે જવું વિગેરે બુદ્ધિ નક્કી કરે છે. જગતમાં જેટલાં ઉદ્યોગપતિઓ, કારખાનેદારો, વૈજ્ઞાનિકો, રાજા મહારાજાઓ કે નામાંકિત વ્યક્તિઓ થયી ગયાં તે કેવળ ને કેવળ બુદ્ધિ ચાતુર્યના પ્રતાપે જ પોતાનું નામ કરી ગયાં છે. ઈશ્વરે આપણને દરેક વસ્તુઓ એક સરખી અને યોગ્ય રીતે ફીટ કરીને આપી છે. આથી મન તથા બુદ્ધિનો સમન્વય એકબીજા સાથે થઈ શકતો નથી.

હાલાકી

મુસાફરો પાણી માટે તરસે છે

# ડભોઈ રેલ્વે સ્ટેશન: લાખોના ખર્ચે 'પરબ' તો બની પણ નળ નાખવાનું તંત્ર ભૂલી ગયું

**સ્થાનિક લોકો અને મુસાફરોની એક જ માંગ છે કેઃતાત્કાલિક ધોરણે પરબ પર નળ લગાવી તેને ચાલુ કરવામાં આવે**

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ એક તરફ કેન્દ્ર સરકાર દેશના રેલ્વે સ્ટેશનોને આધુનિક બનાવી 'અમૃત ભારત' સ્ટેશન હેઠળ કાયાકલ્પ કરી રહી છે, ત્યારે ડભોઈ રેલ્વે સ્ટેશન પર તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પર પીવાના પાણીની પરબ તો બનાવી દેવામાં આવી છે, પરંતુ તેમાં નળ જ લગાવાયા નથી! શોભાના ગાંઠિયા સમાન પાણીની પરબ રેલ્વે સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે પાણીની પરબનું બાંધકામ પૂર્ણ કરી દેવાયું છે. પરંતુ કોન્ટ્રાક્ટર અને રેલ્વે અધિકારીઓની આળસ કે બેદરકારીને કારણે હજુ સુધી ત્યાં નળ ફિટ કરવામાં આવ્યા નથી. પરિણામે, કાળઝાળ ગરમી અને લાંબી મુસાફરીમાં આવતા મુસાફરો પાણી માટે ફાંફા મારી રહ્યા છે મુસાફરોને આર્થિક ફટકો: 20ની બોટલ ખરીદવા મજબૂર ડભોઈ સ્ટેશન પરથી દરરોજ 10 થી 12 ટ્રેનો પસાર થાય છે. વડોદરા-છોટાઉદેપુર અને પ્રવાસન ધામ સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતા નગર) જતી ટ્રેનોના મુસાફરોનો અહીં મોટો ધસારો રહે છે. પીવાના પાણીની વ્યવસ્થા ન હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગના મુસાફરોને ફરજિયાતપણે બહારથી 20 ખર્ચીને પાણીની બોટલ ખરીદવી



પડે છે સ્ટેશન પર મફત પાણીની સુવિધા હોવા છતાં તેનો લાભ માત્ર નળના અભાવે મળી રહ્યો નથી મુસાફરોની મુખ્ય માંગ આધુનિકીકરણના મોટા દાવાઓ વચ્ચે પાયાની જરૂરિયાત એવી પીવાના પાણીની સુવિધા ખોરવાતા મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકો અને મુસાફરોની એક જ માંગ છે કે:તાત્કાલિક ધોરણે પરબ પર નળ લગાવી તેને ચાલુ કરવામાં આવે. બેદરકાર કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવામાં આવે મુસાફરોને પડતી હાલાકીનો કાયમી ઉકેલ લાવવામાં આવે સરકાર સ્ટેશનોને આધુનિક બનાવવાની વાતો કરે છે, પણ અહીં તો બનેલી પરબમાં નળ નાખવાનું પણ તંત્રને યાદ રહેતું નથી . અમારે ના છૂટકે મોંઘા ભાવનું પાણી ખરીદવું પડે છે

હજુ 2262 ખેડૂતોના નાણાં બાકી

# ડભોઈ તાલુકાના 120 ગામ ખેડૂતો માટે રાહત પેકેજ કમોસમી વરસાદની સહાય પેટે 52 કરોડથી વધુની ચુકવણી

**ખેતીવાડી અધિકારીએ બાકી રહેલા તમામ ખેડૂતોને અપીલ કરી છે કેઃ પોતાના ગામ સેવકનો તાત્કાલિક સંપર્ક કરે**

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકામાં કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને થયેલા વ્યાપક નુકસાન સામે સરકાર દ્વારા જાહેર કરાયેલી સહાય વિતરણની પ્રક્રિયા વેગવંતી બની છે. ડભોઈ ખેતીવાડી વિભાગ દ્વારા કરવામાં આવેલા સર્વે અને ખેડૂતોની અરજીઓના આધારે કરોડો રૂપિયાની સહાય સીધી ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવી રહી છે સહાય વિતરણના મહત્વના આંકડા: કુલ ભરાયેલા ફોર્મ 19,876 સહાય મેળવનાર ખેડૂતો: 17,605 ચૂકવવામાં આવેલી કુલ રકમ: 52,08,78,342 (બાવન કરોડ આઠ લાખ ઈઠોતેર હજાર ત્રણસો બેતાલીસ) બાકી રહેલા ખેડૂતોની સંખ્યા: 2,262 શા માટે અટકી છે 2262 ખેડૂતોની સહાય ડભોઈ તાલુકા ખેતીવાડી અધિકારી શ્રી મહેશભાઈ ચૌધરીના જણાવ્યા અનુસાર, બાકી રહેલા ખેડૂતોના નાણાં ટેકનિકલ કારણોસર અટક્યા છે. મુખ્ય કારણો નીચે મુજબ છે DBT સમસ્યા: બેંક ખાતા સાથે આધાર કાર્ડ લિંક ન હોવું.અધૂરા પુરાવા: જરૂરી સોગંદનામા કે અન્ય દસ્તાવેજો રજૂ ન કરવા.કેવાયસી (KYC) પ્રક્રિયા: બેંક ખાતામાં માહિતી અધૂરી હોવી.ખેડૂતોએ હવે શું કરવું? ખેતીવાડી અધિકારીએ બાકી રહેલા તમામ ખેડૂતોને અપીલ કરી છે કે: પોતાના ગામ સેવકનો તાત્કાલિક સંપર્ક કરે.બાકી રહેલા દસ્તાવેજો, સોગંદનામું અને બેંક વિગતો સત્વરે જમા કરાવે. પોતાના બેંક ખાતામાં આધાર



લિંક (DBT Enable) કરાવે જેથી સહાયની રકમ સીધી જમા થઈ શકે. તમારા વિસ્તારના ગામ સેવક આવે ત્યારે તેમને પૂરતા પુરાવા આપી દો, જેથી વહેલી તકે બાકીના ખેડૂતોને પણ સહાયની રકમ મળી શકે

# જેતપુરમાં લગ્નની લાલચે યુવતી પર દુષ્કર્મ આચરનાર શખ્સની ધરપકડ

**સોશીયલ મીડીયાના માધ્યમથી યુવતીનો કર્યો હતો સંપર્ક.**

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુર શહેરમાં એક યુવતીને લગ્નની લાલચ આપી એક વર્ષ સુધી તેનું શારીરિક શોષણ કર્યા બાદ હવસ સંતોષાય જતા લગ્નનો ઈન્કાર કરી દેતા ભોગ બનનારે હવસખોર યુવક સામે સીટી પોલીસમાં દુષ્કર્મની ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. જેતપુર શહેરમાં રહેતી એક યુવતીએ સીટી પોલીસ સ્ટેશનમાં સુધીર મીઠુભાઈ ભટ્ટી નામના યુવક સામે નોંધાવેલ ફરીયાદ મુજબ તેણીના પિતા અને આરોપી વચ્ચે મિત્રતા હતી. જેથી આરોપી પીડિતાના ઘરે આવતો હોય તેની સાથે પરિચય થયો હતો. બાદમાં બંને વચ્ચે વાતચીત શરૂ થતાં બંને વચ્ચે મિત્રતા બંધાઈ હતી, જે બાદ આરોપીએ યુવતીને લગ્નની લાલચ આપી હતી. મારે તારી સાથે જ લગ્ન કરવા છે. કહી નરાધમે એકાદ વર્ષ પૂર્વે યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. જે દરમિયાન યુવતીના ઘરે તેના અને આરોપીના સંબંધ અંગે



જાણ થઈ જતાં યુવતીએ નરાધમ માટે પોતાનું ઘર ત્યજી દીધું હતું. બાદમાં હવસખોરે યુવતીને જેતપુરમાં જ એક રૂમ રાખી દીધો હતો જયા યુવતી એકલી રહેતી હતી અને નરાધમ અવાર નવાર ત્યાં ધસી જઈ દુષ્કર્મ આચરતો હતો, દરમિયાન યુવતીએ લગ્ન કરવાનું કહેતા હવસખોરે લગ્ન કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દેતા યુવતીના પગ તળેથી જમીન ખસી ગઈ હતી,જેના માટે ઘર અને પરિવારને તરછોડી દીધા તે શખ્સે જ તર છોડી દેતા યુવતીને આંચકો લાગ્યો હતો. બાદમાં તેણીએ હિંમત દાખવી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે દુષ્કર્મ આચરી લેવાની કલમો હેઠળ સહિત ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી, આરોપી સુધીર ભટ્ટી નામના યુવકે સોસીયલ મીડિયાના માધ્યમ થી યુવતીનો કોન્ટેકટ કરી પ્રેમ સબંધ બાંધ્યો હતો,

સાથે યુવતીના પિતા અને આરોપી બંને એકબીજા ના પરિચિત હોવાથી યુવતીના પિતાનું વૉહટ્સેઅપ સ્ટેટસ જોઈને તેમાં રહેલા યુવતીના કોન્ટેકટ નંબર મેળવી વાતોચિતો કરીને પ્રેમ સંબંધ ની વાતો કરી યુવતીને ફસાવી હતી,સાથે આરોપી પરણિત હોવા છતાં યુવતીને અપરણિત હોવાનું જણાવી લગ્ન ની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું,

# પડધરીની ૨૭ લાખની ચોરી-લૂંટમાં સામેલ ટોળકીના બે સાગરીતોને રૂરલ ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધા

• રાજકોટ

રાજકોટ ગ્રામ્ય અને રાજકોટ શહેર વિસ્તારમાં લુંટ, ધાડ અને ઘરફોડ ચોરીના ગંભીર ગુના આચરતી ટોળકીના બે સભ્યોને પકડી પાડી લુંટ, ધાડ અને ચોરીના ત્રણ ગુનાનો ભેદ ઉકેલતી રૂરલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ. રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં વણશોધાયેલ રહેલ ચોરી, લુંટ, ધાડના ગુનાઓ સત્વરે શોધી કાઢી આરોપીઓને પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ હોય જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેકટર વી.વી.ઓડેદરા ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.સી.ગોહીલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર આર.વી.ભીમાણી તથા સ્ટાફ અલગ અલગ ટીમો બનાવી વણશોધાયેલ ગુનાની તપાસમાં હતા. જે દરમ્યાન રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના ASI રવિદેવભાઈ બારડ, ASI બ્રીજરાજસિંહ જાડેજા, ASI વકરભાઈ અરબ, ASI રોહિતભાઈ બકોત્રા, PC પ્રકાશભાઈ પરમાર દ્વારા પડધરીના કારખાનામાં થયેલ ૨૭ લાખની ચોરી તથા લુંટમાં સામેલ આરોપી (૧) સુભાષ ઉર્ફે સોબો ઉર્ફે સુભમ સ.ઓ. નવરીયા રસુલ ભાભોર ઉ.વ.૨૭ રહે.છરછોડા, થરાળ ફળીયુ, તા ગરબાળા, જી દાહોદ. તથા (૨) ગોરો ઉર્ફે કૈલાશ સ.ઓ. વરસીંગ ફુલજી મોહનીયા, ઉ.વ.૨૫ રહે.હાલ. શિતલપાર્કપાસે,સીનર્જીહોસ્પીટલપાછળ,કીરીટભાઈ પટેલના પ્લોટમાં, રાજકોટ, મુળ ગામ બીલીયા, પટેલ ફળીયુ, તા.ધાનપુર, જી.દાહોદે ઝડપી લેવાયા હતા.

જયારે આ ટોળકીના અન્ય આરોપીઓ (૧) રાજુ સવસીંગ બારીયા રહે છરછોડા તા.ગરબાળા જી.દાહોદ (૨) ભરત બાદરસીંગ પલાસ રહે આંબલી (ખજુરીયા) તા.ગરબાળા જી.દાહોદ (૩) રાકેશ રાળીયા પલાસ રહે,ખજુરીયા (આંબલી) તા.ગરબાળા જી.દાહોદ (૪) જયંતી ઉર્ફે જેન્તી સ.ઓ. જવસીંગ પલાસ રહે.ખજુરીયા (આંબલી) તા.ગરબાળા જી.દાહોદ (૫) પ્રકાશ દીતીયા પલાસ રહે છરછોડા તા.ગરબાળા જી.દાહોદ તથા (૬) મડીયા ઉર્ફે સંજય સ.ઓ. તીતરીયા બામણીયા રહે. સંડા તા.ભાભરા જી.અલીરાજપુરની શોધખોળ હાથ ધરાઈ છે.

# જેતપુર સીટી પોલીસે તીનપત્તીનો જુગાર રમતા ૭ શખ્સોને ઝડપી લીધા

• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર તથા જેતપુર ડિવીઝનના નાયબ પોલીસ અધિક્ષક રોહિતસિંહ ડોડીયા દ્વારા પ્રોહીબીશન તેમજ જુગારની પ્રવૃતી સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ. જે અંગે અમો પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમાર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન એ.એસ.આઈ. મિલનસિંહ ડોડીયા તથા પો. હેડ કોન્સ, સાગરભાઈ મકવાણા તથા પો.કોન્સ. ભગીરથસિંહ જાડેજા ને સંયુક્ત રાહે ખાનગી બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, જેતપુર, ગોંદરા વિસ્તાર, આરવે ઘાટ તરફ જવાના જાહેર રોડ ઉપર અમુક ઈસમ પૈસા તથા ગંજીપતાના પાના વતી જુગાર રમતા હોય. જે હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા સાત ઈસમોને તીનપતીનો જુગાર રમતા જેમાં આરોપીઓ (૧) અનકભાઈ ભીમભાઈ ખુમાણ, (૨) હરેશભાઈ વજુભાઈ થડેશ્વર (૩) અશોકભાઈ અરજણભાઈ બાવળીયા, (૪) જસમતભાઈ સમજુભાઈ સોલંકી, (૫) પ્રકાશભાઈ હકુભાઈ અજાણા, (૬) ધુધાભાઈ રામભાઈ ખટાણા, (૭) રાજુભાઈ હકુભાઈ શેખવા (રહે તમામ જેતપુર)ને રોકડ રૂપિયા ૧૨.૧૧૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જુગારધામ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધંધા રોજગાર માટે ભારે આસ્થા પૂર્વક પોતાની માનતા લઈ આવતા તમામની માનતા પરીપુર્ણ થાય છે

# ડભોઈ તાલુકા ના તરસાણા ગામે ગેબનશા પીર દરગાહ ના ઉર્સ પ્રસંગે શ્રદ્ધાળુંઓએ હાજરી આપી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકા ના તરસાણા ગામે આવેલ પૌરાણિક ગેબનશા પીર દરગાહ ના ઉર્સ પ્રસંગે હીન્દુ મુસ્લિમ શ્રધ્ધાળુ એ આસ્થા થી માથુ ટેકવી પીર વલી ગેબનશા પીર દરગાહ ના દર્શનાર્થે હાજરી આપી હતી.લોકો ગેબનશા પીર દરગાહે પોતાના દુખ દર્દો ની માનતા માની હંમેશા = પીર ની દરગાહ નો આશરો લેતા હોય દરગાહ - નો ઉર્સ હોવાથી મોટી સંખ્યા મા હીંન્દુ મુસ્લીમ સમાજ ના લોકો જોડાયા હતા ગૈબનશા પીર દરગાહ નો મેળો ભરાતો હોય દુરદુર થી શ્રધ્ધાળુઓ દરગાહ ના = દર્શનાર્થે આવી ઉર્સ મા સામેલ થઈ પોતાની મનોકામનાઓ પરીપુર્ણ કરવા સાથે જાતને ધન્ય બનાવે છે. ગેબનશા પીર દરગાહ ના ઉર્સ પ્રસંગે રાજપીપળા વાળા સૈયદ સુબહાની બાપુ ના નેક ફરજંદ ઝેદબાવાએ હાજરી આપી હતી સાથે તરસાણા ગામ ના આગેવાનો ઈસમાઈલ ભાઈ શેખ સિરાજભાઈ ઈમામભાઈ સબીરભાઈ ઈમામભાઈ. સલીમભાઈ ઝહીર ભાઈ દ્વારા વ્યવસ્થા કરવામા આવે છે.જેમા દરગાહ પર દર્શનાર્થે આવતા હીન્દુ મુસ્લિમ શ્રધ્ધાળુઓને કોઈપણ જાતની તકલીફ ના પડે તે રીતે ની વ્યવસ્થા કરવા સાથે દર્શન માટે સુચારુ આયોજન કરી સુંદર આયોજન પણ કરવામા આવે છે. ગેબનશા પીર દરગાહ પર આવતા જરૂરતમંદ, દીન દુખિયાઓ શ્રધ્ધા અને આસ્થા સાથે આંખોના દર્દ શરીર મા ગાંઠ થવી,નિસંતાન દંપત્તિ, તેમજ ધંધા રોજગાર માટે ભારે આસ્થા પૂર્વક પોતાની માનતા લઈ આવતા તમામની માનતા પરીપુર્ણ થાય છે.



# ભરૂચમાં આસ્થા સાથે નવા વર્ષનું સ્વાગત: ચર્ચમાં ગુંજ્યા પ્રાર્થનાના સૂર, વિશ્વ શાંતિ માટે કરાઈ બંદગી

## મેથોડિસ્ટ, CNI અને કેથોલિક ચર્ચમાં ખ્રિસ્તી સમાજની ભક્તિ સભાઓ યોજાઈ

• ભરૂચ,

નવા વર્ષ ૨૦૨૬ના પ્રારંભે ભરૂચ જિલ્લામાંઉત્સાહઅનેઆધ્યાત્મિકતાનો સમન્વય જોવા મળ્યો હતો. ખ્રિસ્તી સમાજ દ્વારા નવા વર્ષના વધામણાં માટે શહેરના વિવિધ ચર્ચોમાં વિશેષ પ્રાર્થના સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચબત્તી સ્થિત મેથોડિસ્ટ ચર્ચ, સી.એન.આઈ. અને કેથોલિક ચર્ચ ખાતે મધ્યરાત્રિએ મોટી સંખ્યામાં ખ્રિસ્તી ભાઈ-બહેનો ઉમટી પડ્યા હતા. પરંપરાગત ભક્તિ સભાઓમાં પવિત્ર બાઈબલના પઠન સાથે આવનારું વર્ષ સમગ્ર વિશ્વ માટે આરોગ્યપ્રદ, શાંતિપૂર્ણ અને ભાઈચારાથી સભર રહે તેવી વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી.પ્રાર્થના સભાઓ પૂર્ણ



થયા બાદ ખ્રિસ્તી સમુદાયના લોકોએ એકબીજાને આલિંગન આપી 'હેપ્પી ન્યૂ યર'ની શુભકામનાઓ પાઠવી હતી. બીજી તરફ, રાત્રિના ૧૨ના ટકોરે સમગ્ર ભરૂચ શહેર ફટાકડાના અવાજ અને રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. ભરૂચવાસીઓએ આતશબાજી કરીને નવા વર્ષને ઉમળકાભેર વધાવ્યું હતું. સોશિયલ મીડિયાના માધ્યમો દ્વારા પણ વહેલી સવારથી જ નવા વર્ષના શુભેચ્છા સંદેશાઓનો ધોધ વછૂટ્યો હતો. આમ, ભરૂચમાં નવા વર્ષની શરૂઆત ભક્તિમય માહોલ અને હર્ષોલ્લાસ સાથે થઈ હતી.

# કડકિયા કોલેજ પાસે હિટ એન્ડ રનનો ભેદ ઉકેલાયો: અંકલેશ્વર પોલીસે સીસીટીવીની મદદથી ટ્રેલર ચાલકને દબોચ્યો

અંકલેશ્વર, અંકલેશ્વર-હાંસોટ રોડ પર કડકિયા કોલેજ પાસે ગત ૨૩મી ડિસેમ્બરની રાત્રે સર્જાયેલા જીવલેણ અકસ્માતનો ભેદ અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે ઉકેલી નાંખ્યો છે. પુનઃગામથી અંદાડા જઈ રહેલા ૫૧ વર્ષીય ચંદ્રકાંતભાઈ બાબુભાઈ પટેલને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું હતું અને ફરાર થઈ ગયો હતો. આ હિટ એન્ડ રન કેસમાં પોલીસે માનવીય સંસાધનો અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરી આરોપીની ધરપકડ કરી છે.ઘટનાની ગંભીરતાને જોતા સર્વલન્સ સ્ટાફની ટીમે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ મેળવી તેનું ઊંડાણપૂર્વક એનાલીસીસ કર્યું હતું.

**જોરશોરથી પ્રચાર**

### IKDRC-ITS ખાતે છેલ્લા બે વર્ષથી જે ચાલી રહ્યું છે

# ઈલાજના નામે ગરીબ દર્દીઓથી લૂંટ અને અત્યાચાર: IKDRCમાં બે વર્ષથી ડાયાલિસિસ ફ્રોડ, કરોડોની રમત

## ગરીબો પર થયેલી આ લૂંટ અને અત્યાચાર પછી પણ શું સિસ્ટમની આંખ ખુલશે, કે પછી કાયદો માત્ર કાગળ પર જ જીવતો રહેશે?

IKDRC-ITS ખાતે છેલ્લા બે વર્ષથી જે ચાલી રહ્યું છે, તેને કોઈપણ સંજોગમા "અનિયમિતતા" કહી શકાય નહીં. આપણા પ્રિય પ્રધાનમંત્રીએ ગરીબ અને જરૂરતમંદ દર્દીઓ માટે શરૂ કરેલી ફ્રી સારવારની યોજના પાછળ સંતાઈને કરાયેલી ખુલ્લી લૂંટ અને અમાનવીય અત્યાચાર છે. પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMN-DP) અને આયુષ્માન ભારત યોજના હેઠળ જે ડાયાલિસિસ સેવાઓ તદ્દન મફત હોવી જોઈએ, એ જ સેવાઓ માટે ગરીબ અને લાચાર દર્દીઓ પાસેથી દરેક ડાયાલિસિસ માટે 1650 લેખે સતત વસૂલવામાં આવી છે.


સૌ થી શરમજનક બાબત એ છે કે આ જ સમયગાળા દરમિયાન 500 કિડની ટ્રાન્સપ્લાન્ટ પૂર્ણ થવાનો જોરશોરથી પ્રચાર કરવામાં આવ્યો. સિદ્ધિઓના પોસ્ટર લાગ્યા, અભિનંદન આપવામાં આવ્યા અને પોતે પોતાની પીઠ થપથપાવવામાં આવી. પરંતુ એ જ સમયે, જેમની બીમારી અને લાચારી પર આ સમગ્ર સિસ્ટમ ઉભુ છે, એવા ગરીબ દર્દીઓ પાસેથી ફ્રી ડાયાલિસિસની જગ્યાએ પૈસા લેવામાં આવતા રહ્યા. પ્રશ્ન એ છે કે શું સિદ્ધિઓ ઉજવવા માટે ગરીબનુ ખીસ્સુ કાપવુ જરૂરી હતુ, કે પછી આ બધું એટલી જાડી ચામડી સાથે કરવામાં આવ્યું કે કોઈ જવાબદારીની ચિંતા



જ રહી નહીં?

દસ્તાવેજો અને તાજા કેસોમાં હવે સ્પષ્ટ રીતે સામે આવ્યું છે કે PMNDPના સરકારી પોર્ટલ પર ડાયાલિસિસ સેશનની OTP આધારિત એન્ટ્રી કરવામાં આવી, એટલે રેકોર્ડમાં ડાયાલિસિસ સરકારી યોજના હેઠળ બતાવવામાં આવ્યું, જ્યારે હકીકતમાં એ જ ડાયાલિસિસ માટે દર્દી પાસેથી પૈસા લેવામાં આવ્યા. જ્યારે-જ્યારે ફરિયાદ થઈ, ત્યારે કેટલાક કેસોમાં પૈસા પરત કરાયા. આ પોતે જ સ્વીકારે છે કે પૈસા ખોટી રીતે લેવામાં આવ્યા હતા. જો આ ખરેખર "ભૂલ" હોત તો રિફંડ મેળવવા માટે ફરિયાદ ના કરવી પડત રિફંડ આપમેળે થાત, દબાણ બાદ નહીં.

મામલો અહીં પૂરો થતો નથી. ઘણા એવા દર્દીઓ, જે બાદમાં આયુષ્માન ભારત યોજના હેઠળ કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે દાખલ થયા, તેમની




પાસેથી ટ્રાન્સપ્લાન્ટ પહેલાં અને સારવારની પ્રક્રિયા દરમિયાન પણ ડાયાલિસિસના પૈસા વસૂલવામાં આવ્યા. જ્યારે ટ્રાન્સપ્લાન્ટ આયુષ્માન યોજના હેઠળ થવા નુ હોય ત્યારે તેની સાથે સીધી રીતે જોડાયેલી જીવનરક્ષક ડાયાલિસિસ સેવા માટે અલગથી વસૂલાત કયા કાયદા અને કઈ નૈતિકતાના આધાર પર કરવામાં આવી? તેમને PMNDP હેઠળ ફ્રી ડાયાલિસિસની સુવિધા મળવી જોઈતી હતી. જો છેલ્લા બે વર્ષના તમામ PMNDP અને આયુષ્માન-લિંકડ કેસોની સાચી અને સ્વતંત્ર તપાસ કરવામાં આવે, તો આ રકમ લાખોમાં નહીં પરંતુ કરોડો રૂપિયામાં પહોંચવાની પૂરી શક્યતા છે.

આ સમગ્ર સમયગાળા દરમિયાન કિડની ડાયાલિસિસ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ફાઉન્ડેશનના સ્થાપક મહેશ દેવાણી સતત આ મુદ્દે IK-DRC મેનેજમેન્ટને ફરિયાદ કરતા રહ્યા છે. તેમના હસ્તક્ષેપ અને પ્રયત્નોથી અનેક દર્દીઓને ડાયાલિસિસમાં લેવાયેલ અયોગ્ય ચુકવણી પરત પણ મળી છે. આ હકીકત એ પણ જાહેર કરે છે કે રિફંડ કોઈ સિસ્ટમનો ભાગ નથી, પણ દબાણનું પરિણામ છે. સૈંકડો એવા ગરીબ દર્દીઓ છે જેમના પાસેથી ગેરકાયદેસર રીતે પૈસા લેવામાં આવ્યા છે પણ તેમનો અવાજ ક્યારેય બહાર આવ્યો જ નથી.

ગરીબ, બીમાર અને જીવન માટે સંઘર્ષ કરતા દર્દીઓ પાસેથી આ રીતે પૈસા વસૂલવા માત્ર અમાનવીય નથી, પરંતુ તે સરકારી યોજનાઓનો દુરુપયોગ, જાહેર નાણાંકીય હેરાફેરી અને કાયદેસર ગુનો છે. હવે માત્ર નિવેદન કે આંતરિક તપાસથી કામ નહીં ચાલે. આ સમગ્ર પ્રકરણની ઉચ્ચ સ્તરીય, સ્વતંત્ર અને ફોરેન્સિક ઓડિટ આધારિત તપાસ થવી જોઈએ, છેલ્લા બે વર્ષના તમામ કેસોનો સંપૂર્ણ હિસાબ જાહેર થવો જોઈએ અને જેરીતે દર્દીઓ પાસેથી પૈસા વસૂલવામાં આવ્યા છે, તેમને કોઈ અરજી વગર આપમેળે સંપૂર્ણ રિફંડ મળવુ જોઈએ. સાથે જ જવાબદાર વ્યક્તિઓ સામે કઠોર કાનૂની કાર્યવાહી થવી જોઇયે.

અંતે પ્રશ્ન સીધો છે–

ગરીબો પર થયેલી આ લૂંટ અને અત્યાચાર પછી પણ શું સિસ્ટમની આંખ ખુલશે, કે પછી કાયદો માત્ર કાગળ પર જ જીવતો રહેશે?

### આમોદનું મોટું તળાવ ભ્રષ્ટાચારના વમળમાં

# બ્યુટીફિકેશનના કામમાં લોલમલોલના આક્ષેપોથી ખળભળાટ, અધિકારી અને કોન્ટ્રાક્ટરની મિલીભગતની આશંકા!!

**અરજદારના આક્ષેપો પાયાવિહોણા** | સ્થાનિક રહીશોમાં આક્રોશ, બ્યુટીફિકેશનના નામે સપાટી પરનું કામ ચમકાવવામાં આવ્યું

• આમોદ

આમોદ નગરમાં ચાલી રહેલા મોટા તળાવના બ્યુટીફિકેશનના પ્રોજેક્ટમાં ગંભીર ભ્રષ્ટાચાર અને વહીવટી મિલીભગતના આક્ષેપોએ પંથકમાં ભારે જોર પકડ્યું છે. નગરના જાગૃત નાગરિકો અને અરજદારો દ્વારા કરવામાં આવેલી ફરિયાદોને પગલે સરકારી તંત્રના કામકાજની ગુણવત્તા પર અનેક સવાલો ઉભા થયા છે. આક્ષેપ છે કે, પ્રજાના પરસેવાના નાણાંનો સદંતર વેડફાટ કરીને કોન્ટ્રાક્ટરોને આર્થિક ફાયદો પહોંચાડવા માટે હલકી કક્ષાની કામગીરી કરવામાં આવી રહી છે. સ્થાનિક જાગૃત નાગરિક કેતન મકવાણાએ તળાવના કામમાં થતી ગેરરીતિઓ બાબતે આમોદ



નગરપાલિકા અને સુરત રિજિયોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ કચેરીએ લેખિત રજૂઆતો કરી હતી. શરૂઆતમાં સ્થાનિક અધિકારીઓએ આ રજૂઆતોને ગંભીરતાથી લીધી ન હતી, પરંતુ મામલો ઉચ્ચ કક્ષાએ પહોંચતા અને દબાણ વધતા આખરે તંત્ર હરકતમાં આવ્યું હતું. પ્રાથમિક તપાસ બાદ તંત્રએ કોન્ટ્રાક્ટરને કામગીરીમાં ક્ષતિઓ બદલ નોટિસ ફટકારી હતી. હાલમાં સ્થિતિ એવી છે કે, અગાઉ બેસાડેલા બ્લોકો તોડીને ફરીથી કામ કરવાની ફરજ પડી રહી છે. જે સ્પષ્ટપણે કામની નબળી ગુણવત્તા અને બેદરકારીની સાક્ષી પૂરે છે.આ સમગ્ર વિવાદ અંગે આમોદ નગરપાલિકાના મુખ્ય અધિકારીએ મીડિયા સમક્ષ મૌન તોડતા જણાવ્યું હતું કે, અરજદારના આક્ષેપો પાયાવિહોણા છે. કોન્ટ્રાક્ટરને હજુ પૂરું પેમેન્ટ ચૂકવવામાં આવ્યું નથી અને આગામી પાંચ વર્ષ સુધી મેન્ટેનન્સની જવાબદારી પણ કોન્ટ્રાક્ટરની જ રહેશે. જોકે અધિકારીના આ બચાવ સામે અરજદારે વળતો પ્રહાર કરતા જણાવ્યું છે કે, અધિકારી દ્વારા આપવામાં આવેલો ખુલાસો તથ્ય વગરનો છે. અને માત્ર ભ્રષ્ટાચાર પર પડદો પાડવાનો પ્રયાસ છે. જો કામગીરી નિયમ મુજબ જ હતી, તો પછી બ્લોકો કાઢીને ફરી કામ કરવાની જરૂર કેમ પડી? સ્થાનિક રહીશોમાં પણ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે બ્યુટીફિકેશનના નામે માત્ર સપાટી પરનું કામ ચમકાવવામાં આવી રહ્યું છે. જ્યારે પાયાની કામગીરીમાં મોટા ગાબડાં છે. સરકાર દ્વારા નગરના વિકાસ માટે ફાળવવામાં આવેલી કરોડોની ગ્રાન્ટમાં આ પ્રકારે મિલીભગત કરી નબળું કામ કરનારાઓ સામે કડક ફોજદારી કાર્યવાહી થવી જોઈએ તેવી માંગ ઉઠી છે. હવે જોવાનું એ રહે છે કે, સુરત RCM અને ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ આ મામલે કોઈ કડક પગલાં ભરે છે કે પછી કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની આ જુગલબંધીમાં તપાસની ફાઈલો દબાઈ જશે. એતો આવનારો સમય જ બતાવશે.

સૈફ અલી ભટ્ટી વાગરા

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી પ્રેરિત જન આક્રોશ યાત્રાનુ ગોધરામા આગમન, કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ કર્યા સરકાર પર આક્ષેપ

## ફાગવેલ થી કંબોઈ સુધી શરૂ થયેલી જન આક્રોશ યાત્રા આજે ગોધરા ખાતે આવી પહોંચી હતી.

• ગોધરા,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજિત ફાગવેલ થી કંબોઈ સુધી શરૂ થયેલી જન આક્રોશ યાત્રા આજે ગોધરા ખાતે આવી પહોંચી હતી. કોંગ્રેસના નેતા અમિતભાઈ ચાવડા અને તુષાર ચૌધરી સહિત નેતાઓનું પંચમહાલ જિલ્લાના કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ ફૂલહાર થી સ્વાગત કર્યું હતું.ફાગવેલ થી કંબોઈ સૂધીની 20 ડિસેમ્બર થી શરૂ થયેલી જન આક્રોશ યાત્રા પંચમહાલ જિલ્લાના વડા મથક ગોધરા ખાતે જન આક્રોશ યાત્રા આવી પહોંચતા કોંગ્રેસના અગ્રણીઓ અને નેતાઓએ સ્વાગત કર્યું હતું ગોધરા શહેરના આરટીઓ રોડ પાસે ઢોલ નગારા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના નેતાઓ દ્વારા તેમને ફુલહાર પહેરાવવામાં આવ્યા હતા સિવિલ લાઈન રોડ પર આવેલી સરદાર પટેલની પ્રતિમાને તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે પંચમહાલ જિલ્લામાંથી આવેલા કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ મોટી સંખ્યામાં આ જન




આક્રોશ અધિકાર યાત્રામાં જોડાયા હતા ગોધરાના વેપારીઓએ પોતાના પ્રશ્નોને લઈને અમિત ચાવડાને લેખિતમાં પણ રજૂઆત કરી હતી. મીડિયા સાથેની વાતચીતમાં અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે 'ગોધરા ખાતે પહોંચેલી આ યાત્રામાં લોકો જોડાઈ રહ્યા છે. અને યાત્રાને સમર્થન કરી રહ્યા છે. પોતાના પ્રશ્નો માટે ફરિયાદ અન્યાય અને સરકારનો અત્યાચાર અને ભેદભાવ ભ્રષ્ટાચાર ની સામે ખુલીને બોલી રહ્યા છે.ગોધરા નગરના વેપારીઓ અન્યાયની રજુઆત કરી રહ્યા છે. વધુમાં તેમને જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ ભાંગી છે દારૂ અને ડ્રગ્સ ના કારણે જિલ્લાની યુવા પેઢી બરબાદ થઈ રહી છે કાલોલ થી વેજલપુર વિસ્તારના ખેડૂતો ફરિયાદ કરે છે કે તેઓ આર્થિક રીતે પાયમાલ છે. યુવાઓને રોજગાર મળતો નથી. ભાજપના નેતાઓથી ની મીલીભગતથી ભ્રષ્ટાચાર ચાલે છે.પ્રજાના પૈસાની લૂટ ચાલે છે. તેઓ આક્ષેપ કર્યો હતો, વધૂમા જણાવ્યુ કે જનઆક્રોશ યાત્રામા સમર્થન સાથે લોકો પોતાનો અવાજ ઉઠાવી રહ્યા છે. હૂ માનૂ છુ કે ૨૦૨૭માં પરિવર્તનના શંખનાદ રૂપે જનઆક્રોશ યાત્રામા લોકો મંચ પર આવીને પોતાના અધિકાર માટે લડવાનો સંકલ્પ કરી રહ્યા છે.'

### વાગરાના અલાદરમાં ભૂમાફિયાઓ પર SDM ત્રાટક્યા

# ONGCની પાઈપલાઈન જોખમાય તેટલું ઊંડું ખનન, 9.15 લાખનો દંડ ફટકારાયો



• ભરૂચ,

ભરૂચ જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાની કડક સૂચના બાદ વાગરા તાલુકાના અલાદર ગામે ગેરકાયદે ખનીજ ખનનનું મસમોટું કૌભાંડ ઝડપાયું છે. ભરૂચ SDM મનીષા મનાની અને તેમની ટીમે ઓચિંતું ચેકિંગ હાથ ધરી નિયમોનું ગંભીર ઉલ્લંઘન કરનાર તત્વો સામે લાલ આંખ કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે, માત્ર 10 હજાર મેટ્રિક ટન માટી ખનનની મંજૂરી સામે ભૂમાફિયાઓએ જમીનમાંથી પાણી નીકળે ત્યાં સુધી આડેધડ ખોદકામ કર્યું હતું. આ બેફામ ખનનને કારણે રાષ્ટ્રીય મિલકત સમાન ONGCની પાઈપલાઈનો જમીનની બહાર દેખાવા લાગી હતી, જેનાથી મોટી દુર્ઘટનાનું જોખમ ઊભું થયું હતું.તંત્રએ સ્થળ પરથી બે હેવી મશીનરી અને છ ડમ્પર સહિત કુલ ૨.૮૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઓવરલોડ માટી ભરેલા ચાર હાઈવા બદલ સ્થળ પર જ ૯,૧૫,૬૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક ONGCની ટેકનિકલ ટીમને બોલાવી પાઈપલાઈનને થયેલા સંભવિત નુકસાનની તપાસ સોંપવામાં આવી છે. હાલ ભૂસ્તર વિભાગ દ્વારા ખનન થયેલા વિસ્તારની માપણી હાથ ધરવામાં આવી છે અને આગામી દિવસોમાં જવાબદાર લીઝ ધારકો સામે કડક કાયદાકીય કાર્યવાહીની તૈયારીઓ કરી દેવામાં આવી છે.

# ભરૂચની પૂજા ચોક્સીનો સ્પેશિયલ ખેલ મહાકુંભમાં દબદબો: ગોળાફેંકમાં બ્રોન્ઝ મેડલ જીતી જિલ્લાનું ગૌરવ વધાર્યું

• ભરૂચ,



નડિયાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ભરૂચની ખેલાડી પૂજા એસ. ચોક્સીએ પોતાની રમતનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી જિલ્લાનું નામ રોશન કર્યું છે. ગુજરાત સરકાર દ્વારા આયોજિત આ વિશેષ રમતોત્સવમાં પૂજા એ ગોળાફેંક (શોટપુટ) સ્પર્ધામાં સમગ્ર રાજ્યના ખેલાડીઓ વચ્ચે કઠિન સંઘર્ષ બાદ ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. પૂજાની આ સફળતાએ સાબિત કરી દીધું છે કે જો મક્કમ નિર્ધાર અને મહેનત હોય તો શારીરિક મર્યાદાઓ ક્યારેય સફળતાના આડે આવતી નથી.

નોંધનીય છે કે, પૂજા ચોક્સીએ અગાઉ પણ રાજ્ય કક્ષાની વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં અનેક પદકો જીતીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. તેમની આ સતત સફળતા ભરૂચના અન્ય રમતવીરો માટે પ્રેરણારૂપ બની રહી છે. પૂજાની આ સિદ્ધિ બદલ ભરૂચ જિલ્લાના રમતગમત જગત, વહીવટી તંત્ર અને જિલ્લાવાસીઓએ તેને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. ભવિષ્યમાં તે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત અને ભરૂચનું પ્રતિનિધિત્વ કરી વધુ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ વરસી રહી છે.

### કંપનીના પ્લાન્ટમાં રહેલા સ્પ્રે ડ્રાયરમાં અચાનક આગ લાગતા જોતજોતામાં જ્વાળાઓ પ્રસરી હતી

# પાનોલીની સલ્ફર મિલમાં આગનું પુનરાવર્તન: ફાયર ફાઈટરોની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી

• અંકલેશ્વર,

અંકલેશ્વર નજીક પાનોલી GIDCમાં આવેલી 'સલ્ફર મિલ' કંપનીમાં ગતરોજ ફરી એકવાર ભીષણ આગ ફાટી નીકળતા ઔદ્યોગિક વસાહતમાં અફરાતફરી મચી ગઈ હતી. કંપનીના પ્લાન્ટમાં રહેલા સ્પ્રે ડ્રાયરમાં અચાનક આગ લાગતા જોતજોતામાં જ્વાળાઓ પ્રસરી હતી અને આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટા દૂર-દૂર સુધી દેખાયા હતા. ઘટનાની જાણ થતા જ પાનોલી અને અંકલેશ્વરની ફાયર ફાઈટરોની ટીમે સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો, જેના કારણે મોટી હોનારત અને જાનહાનિ ટળી હતી.

ચિંતાજનક બાબત એ છે કે, આ જ કંપનીના અન્ય પ્લાન્ટ માં ગત અઠવાડિયે પણ આગ લાગવાની ઘટના બની હતી. એક જ સપ્તાહમાં બીજી વાર આગ લાગતા કંપનીની સેફટી સિસ્ટમ અને જાળવણી સામે ગંભીર પ્રશ્નાર્થો ઊભા થયા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ (DISH) વિભાગ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. વારંવાર બનતી આવી ઘટનાઓ આસપાસની અન્ય કંપનીઓ અને કામદારો માટે જોખમી સાબિત થઈ રહી છે, ત્યારે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.



# છોટાઉદેપુર જિલ્લા પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવા પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ બન્યા

• બોડેલી



છોટાઉદેપુર જિલ્લાના ભાજપ કાર્યાલય ખાતે સન્માન સંભારંભ યોજાયો છોટાઉદેપુર પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવા ની ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ તરીકે નિમણુક કરવામાં આવી છે આ નિમણૂક બાદ છોટાઉદેપુર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે તેઓનું સન્માન સમારંભ યોજાયો હતો.

આ સન્માન સમારંભમાં પ્રદેશ ઉપાધ્યક્ષ ગીતાબેન રાઠવા જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા છોટાઉદેપુર જિલ્લા સાંસદ જશુભાઈ રાઠવા જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ સહિત જિલ્લા ભાજપના અન્ય હોદ્દેદારો અને અગ્રણીઓ છોટાદેપુર ભાજપ કાર્યાલય ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ગીતાબેન રાઠવા એ જણાવ્યું હતું કે તેઓ પાર્ટી દ્વારા સોંપવામાં આવેલી તમામ જવાબદારી સુપરે નિભાવશે અને ગીતાબેન રાઠવા એ જણાવ્યું હતું કે તેઓ આગામી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં છોટાઉદેપુર જિલ્લામાં ભાજપને જંગી બહુમતીથી જીતાડવા માટે કામગીરી કરવાની પ્રતિબંધતા વ્યક્ત કરી હતી આ સન્માન સંભારંભ માં છોટાઉદેપુરમાં ભાજપ કાર્યાલય પર યોજવામાં આવ્યું હતું

# કાલોલની એમજીએસ હાઈસ્કુલ ખાતે વાર્ષીક રમતોત્સવની ઊજવણી કરાઈ

• કાલોલ




કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલીત ધી એમ જી એસ હાઈસ્કુલ ખાતે બુધવારે વાર્ષીક રમતોત્સવ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ મુખ્ય મહેમાન તરીકે ૩૦ એનસીસી બટાલિયન ગોધરાના કર્નલ આર કે શેરોન ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટી પ્રકાશ ગાંધી તથા જયંત મહેતા, ટ્રસ્ટી વિરેન્દ્ર મહેતા, યોગેશ મહેતા, મનોજ પરીખ અને શાળાનો સ્ટાફ અને રમતોત્સવ મા ભાગ લેતા વિદ્યાર્થિઓ ઉપસ્થિત રહ્યા હતા.મહેમાનો નુ સ્વાગત આચાર્ય ડોકેપીપટેલ દ્વારા કરવામાં આવ્યુ. દીપ પ્રાગટ્ય કરી કર્નલ આર કે શેરોન દ્વારા મશાલ પ્રસ્થાન કરાવ્યું હતુ અને ત્યારબાદ શિસ્તબદ્ધ રીતે એનસીસી ની પરેડ યોજાઈ હતી લેઝીમ દાવ અને ડંબલ્સ દાવ, રસા ખેંચ, વોલીબોલ, લાંબી કુદ ,ઉંચી કૂદ,ગોળા ફેંક બાદ કર્નલ દ્વારા પ્રાસંગીક પ્રવચન આપ્યું અને ખેલાડીઓ ની શપથવિધી કરાઈ ત્યારબાદ રમતોત્સવ ખુલ્લો મુકાયો હતો.

**છોટાઉદેપુરના ખેડૂતોને તાલીમ અપાઈ**

# નેશનલ મિશન અને નોન મિશન કલસ્ટર દીઠ જીવામૃતનું જીવંત નિદર્શન યોજાયું



• બોડેલી

છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ મિસન અને નોન મિ્શન કલસ્ટર દીઠ જીવનમૃતનું જીવન નિર્દેશક દ્વારા ખેડૂતોને તાલીમ અપાય છોટાઉદેપુર જિલ્લાના તમામ તાલુકાઓમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે અને ખેડૂતો પ્રાકૃતિક કૃષિના આયામોનો ઉપયોગ કરે માટે નેશનલ મિશન અને નોન મિશન કલસ્ટર દીઠ જીવામૃતનું જીવંત નિદર્શન દ્વારા ખેડૂતોને તાલીમ આપવામાં આવી હતી. જીવામૃતનું મહત્વ સમજાવીને દરેક પાકમાં પાક-અવસ્થા પ્રમાણે પિયત પાણીમાં ધોરિયા પ્રદ્ધતિ તેમજ ટપક સિંચાઈ પ્રદ્ધતિ વડે,પમ્પ દ્વારા છાંટવા પ્રદ્ધતિ વડે,ડોલ દ્વારા ડ્રેજિંગ પ્રદ્ધતિ વડે અને અનેક પ્રદ્ધતિ વડે જીવામૃતનો સમયસર ઉપયોગ કરવાનો હોય છે. જીવામૃતનો ઉપયોગ કરવાથી જમીનની ભેજસંગ્રહક્ષમતા, ફળદ્રુપતા, ઉત્પાદન ક્ષમતામાં વધારો અને પર્યાવરણ, માનવીય સ્વાસ્થ્ય જીવસૃષ્ટિનું રક્ષણ તેમજ ગામ અને દેશ સ્વાવલંબનનું નિર્માણ થાય છે. આ તાલીમમાં કૃષિ તજજ્ઞ તરીકે આત્મા પ્રોજેક્ટ તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, છોટાઉદેપુરમાંથી જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાનો તમામ સ્ટાફ હાજરી આપીને પ્રાકૃતિક કૃષિની ઝુંબેશને પ્રોત્સાહન આપીને રવિ/શિયાળુ પાક માટે પ્રાકૃતિક કૃષિમાં જીવામૃતનું જીવંત નિદર્શન કરી અને તેનું સંપૂર્ણ માર્ગદર્શન આપીને તાલીમ આપવામાં આવી હતી.

**દરેક સજા અલગ અલગ ભોગવવા હુકમ**

# રૂ 10 લાખના ચાર ચેક રિટર્ન કેસમાં હાલોલ કોર્ટે આરોપીને એક વર્ષની સજા અને દસ લાખનો દંડ ફટકાર્યો

• કાલોલ




હાલોલની ઉમા સોસાયટીમાં રહેતા મનસુખભાઈ શંકરભાઈ પટેલ દ્વારા હાલોલ ની દર્પણ સોસાયટીમાં રહેતા કિરણભાઈ વિઠ્ઠલદાસ પંડ્યા સામે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ 138 મુજબના હાલોલમાં કુલ ચાર કેસ દાખલ કરેલા. વિગતો મુજબ ફરિયાદી અને તેમના ભાગીદાર વિનોદકુમાર જીવતરામ મગનાની એ આરોપી પાસેથી હાલોલ તાલુકાના પ્રતાપપુરા ગામની રે.સ.નં ૧૯૭ વાળી જમીન રૂ ૬૯,૨૫,૦૦૦/ મા વર્ષ ૨૦૨૦ મા સોદો કરેલ અને જમીનની કિંમત પણ ચૂકવી દીધી હતી. આરોપીએ સોદો કરતા સમયે જણાવેલ કે આ જમીનના મૂળ માલિક પાસેથી તેઓએ બાનાખત કરાવેલું છે અને આ બાનાખતના આધારે તેઓએ સોદો કર્યો છે અને ફરીયાદી તથા તેના ભાગીદારને વેચાણ દસ્તાવેજ પણ કરી આપવાનો પાકો ભરોસો આપ્યો હતો. પરંતુ ફરિયાદી અને તેના ભાગીદારને વેચાણ દસ્તાવેજ કરી આપેલ નહીં જેથી આરોપીએ નોટરી રૂબરૂ 300 રૂપિયાના સ્ટેમ્પ ઉપર બાહેધરી કરી આપી હતી અને એક માસમાં વેચાણ દસ્તાવેજ કરી આપવા બાહેધરી આપી જો એક માસમાં વેચાણ દસ્તાવેજ ન કરી આપે તો ફરિયાદી અને તેના ભાગીદારને તેઓના કાયદેસરના નાણા ચૂકવવાની શરત પેટે પોતાની બેંકના પોતાની સહી કરેલા કુલ પાંચ ચેક આપ્યા હતા. ફરિયાદી અને તેના ભાગીદાર દ્વારા આરોપીને નાણાં ચૂકવી આપવાની વારંવાર વિનંતી કરેલ જેથી આરોપીએ વર્ષ ૨૦૨૪ માં એપ્રીલ મહિનામાં શરૂઆત ની તારીખ માં ચેક રજુ કરવામાં આવે તો તે નાણા ચુકવી આપવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપ્યો હતો.

આરોપીએ આપેલ ચેક રૂ ૧૦ લાખની મર્યાદા વાળા હોઈ ફરિયાદીએ રૂ ૧૦ લાખની રકમ વાળા આરોપીની સહી વાળા કુલ ચાર ચેક ફરિયાદીએ પોતાની બેંક માં રજુ કરતા, "Exceed Arrangement" ના શેરા સાથે તમામ ચેક રિટર્ન થયા હતા જે બાદ આરોપી સામે હાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ સમક્ષ પોતાના એડવોકેટ જે બી જોશી દ્વારા કુલ ચાર ફરિયાદ દાખલ કરી હતી. તમામ કેસમાં ફરિયાદી તરફે એડવોકેટ જે બી જોશી દ્વારા મહત્વપૂર્ણ દલીલો કરી ફરિયાદીએ આરોપી પાસેનું પોતાનુ કાયદેસરનું લ્હેણુ સાબીત કરેલ હોય તેમજ આરોપી કેસની કાર્યવાહીથી બચવા જાણી જોઈને છૂપાતો ફરે છે. આરોપી તરફે કોઈ બચાવ કરેલ નથી કે ફરીયાદી વિરુદ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી જે તમામ હકીકતે હાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ આર બી જોશી દ્વારા આરોપી કિરણભાઈ વિઠ્ઠલદાસ પંડ્યાને તકસીરવાન ઠરાવી દરેક કેસમાં એક વર્ષની સજા અને દસ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જે દંડની રકમ ફરિયાદીને વળતર તરીકે ચૂકવી આપવા અને જો દંડ ના ભરે તો વધુ ૩ માસની સજા નો હુકમ કર્યો છે. વધુમાં દરેક કેસની સજા અલગ અલગ રીતે ભોગવવા નો આદેશ આપ્યો છે.

**તાત્કાલિક રસ્તો બનાવવાની માંગ**

# બોડેલી તાલુકાના લડોદ ગામના ગ્રામજનો દ્વારા રજૂઆત કરાઈ



• બોડેલી

છોટાઉદેપુરજિલ્લાનાબોડેલીતાલુકાનાલડોદગામનાગ્રામજનોદ્વારારજૂઆત ચાર કિલોમીટરનો રસ્તો બનાવવા માંગ 15 km દૂર ફરીને જવા ગ્રામજનો મજબૂર બોડેલી તાલુકાના લડોદ ગામના સ્થાનિકોએ 4 કિલોમીટર લાંબો રસ્તો બનાવવાની માંગ કરી છે.હાલમાં, તેમને માકણી સરકારી દવાખાને જવા માટે 15 કિલોમીટરનો લાંબો ફેરો કરવો પડે છે, જેના કારણે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, માકણીથી લડોદ સુધીનો 4 કિલોમીટરનો રસ્તો અત્યંત જર્જરિત હાલતમાં છે. લડોદ ગામમાં કોઈ સરકારી દવાખાનું ન હોવાથી, દર્દીઓને સારવાર માટે 15 થી 20 કિલોમીટર દૂર માકણી જવું પડે છે. આ સમસ્યા અંગે ગ્રામજનો દ્વારા પંચાયત તેમજ અગાઉ પંચાયત સેવા સદન અને અન્ય સંબંધીત વિભાગોમાં અનેક રજૂઆતો કરવામાં આવી હતી જોકે અત્યાર સુધી રસ્તા નું નિર્માણ થયું નથી આથી લડોદ ગામ જનો દ્વારા ભેગા થઈ સુત્રોચાર કરીને તાત્કાલિક રસ્તો બનાવવાની માંગ દર્શાવી હતી


## રાશીફળ (તા.02-01-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ ફાયદાકારક રહેશે. સામાજિક વિસ્તાર વધશે અને માન-સન્માનમાં વૃદ્ધિ થશે. મહત્વપૂર્ણ કાર્યો કરવા માટે રસ રહેશે. આજે તમારી કોઈ પ્રભાવશાળી વ્યક્તિ સાથે મુલાકાત થવાની શક્યતા છે. |
| વૃષભ (બ.વ.ઉ) | આજે તમે પોતાને ઊર્જાવાન અનુભવશો. જીવનસાથીને કોઈ કામમાં સફળતા મળવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ બનશે. નવા પ્રોજેક્ટ પર કામ કરવાથી તમે ઘણું શીખશો. |
| મિથુન (ક.છ.ઘ) | આજે ઓફિસમાં કામનો દબાણ થોડો વધી શકે છે. તમે કેટલાક એવા મામલાઓમાં પડી શકો છો જેના ઉકેલમાં તમને થોડી મુશ્કેલી થઈ શકે. પારિવારિક કામોમાં ઘરના સભ્યોનો સહકાર મળશે. |
| કર્ક (ડ.હ) | આજે તમારી કોઈ ખાસ વ્યક્તિ સાથે અચાનક મુલાકાત તમારા કરિયરમાં બદલાવ લાવી શકે છે. આ રાશિના આર્ટ્સના વિદ્યાર્થીઓને થોડી મહેનત કરવાની જરૂર છે. |
| સિંહ (મ.ટ) | આજે કલાત્મક કાર્યોમાં તમારી રસ વધશે. ધીરજથી નિર્ણય લેશો તો સફળતાના નવા માર્ગો ખુલશે. જીવનસાથીની મદદથી તમને કોઈ કામમાં ફાયદો થશે. તમને તમારા ભવિષ્ય વિશે વિચારવાની જરૂર છે, જેથી તમારી ઘણી ઉલઝનો દૂર થશે. |
| કન્યા (પ.ઠ.ણ) | આજે પરિવારજનોનો સહકાર મળશે. તમારા કામ માટે અન્ય લોકોને સહમત કરાવવામાં તમે સફળ થશો. આજે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો તમને ફાયદો કરાવશે. |
| તુલા (ર.ત) | આજે પરિવાર સાથે સમય વિતાવવાનો મોકો મળશે. તમારી તમામ પરેશાનીઓ દૂર થશે. કોઈ કામ માટે થોડું દોડધામ કરવું પડે. નવા કાર્યોમાં રસ વધશે. તમે કોઈ નવો કોર્સ જોડાવા વિશે વિચાર કરી શકો છો. |
| વૃશ્ચિક (ન.ય.) | આજે પ્રગતિનાં અનેક નવા રસ્તા દેખાશે. તમે પારિવારિક સંબંધોમાં સમન્વય સ્થાપવામાં સફળ થશો. સાંજે બાળકો સાથે સમય વિતાવશો. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | આજે વ્યાપારીઓને ધનલાભ થશે. તમે બાળકો સાથે ખુશીના પળો વિતાવશો. આ રાશિના સિવિલ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે - તેમને કોઈ મોટી કંપનીથી જૉબ માટે કોલ અથવા ઈમેલ આવી શકે છે. |
| મકર (ખ.જ) | આજે અગાઉ કરેલા કામમાં મહેનતનું સારું પરિણામ મળશે. ઓફિસનું આનંદદાયક વાતાવરણ તમને ઉત્સાહથી ભરશે. તમે જાતને એનર્જેટિક અનુભવશો. જીવનસાથી સાથે લાંબી વાતચીત થશે, જે સંબંધોને મજબૂત બનાવશે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજે તમારી કિસ્મતના તારા ઉજળા રહેશે. કોઈ મહત્વપૂર્ણ કામ પૂર્ણ કરવાની યોજના છે તો તે આજે પૂર્ણ થશે. જીવનસાથી સાથે ડિનરનો પ્લાન બનાવી શકો છો, જે સંબંધોને મીઠા બનાવશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આજે કોઈ જૂની વાતને લઈને થોડી ચિંતા થઈ શકે, પણ સાંજ સુધીમાં બધું સારું થઈ જશે. ઘરમાં અચાનક કોઈ મહેમાન આવી શકે, જેથી ઘરનું વાતાવરણ આનંદમય બનશે. તમે કોઈ વસ્તુ ક્યાંક રાખીને ભૂલી શકો છો, તેથી જરૂરી વસ્તુઓનું ધ્યાન રાખો. |

# 'સમજુ જીવનસાથી' શોધવા કરતાં 'સમજુ જીવનસાથી બનવું' વધુ મહત્વનું છે

• દર્શનાબેન પટેલ

સંબંધો હંમેશા બે હાથની તાળી જેવા હોય છે આપણેઅવારનવાર ઈશ્વર પાસે પ્રાર્થના કરીએ છીએ કે આપણને એક ઉત્તમ, સમજુ અને પ્રેમાળ જીવનસાથી મળે. પરંતુ આપણે ક્યારેય એ વિચારીએ છીએ કે - 'શું હું કોઈ માટે એક ઉત્તમ જીવનસાથી બની શક્યો છું?' સંબંધોમાં બધી અપેક્ષાઓ સામેની વ્યક્તિ પાસે રાખવાને બદલે, જો આપણે આપણી પોતાની સમજણ વિકસાવીએ, તો લગ્નજીવન સ્વર્ગ બની શકે છે.



**અપેક્ષા નહીં, પણ યોગદાન**

લગ્ન એ બે વ્યક્તિઓ વચ્ચેનો 'કોન્ટ્રાક્ટ' નથી, પણ 'સર્જકતા' છે. મોટાભાગના સંબંધો એટલે તૂટે છે કારણ કે બંને પાત્રો એકબીજા પાસેથી માત્ર મેળવવાની આશા રાખે છે. જો બંને વ્યક્તિ 'હું શું આપી શકું?' એવું વિચારવા લાગે, તો ફરિયાદની જગ્યા જ નહીં રહે. સંબંધ હંમેશા બે હાથની તાળી છે.જો એક હાથ સ્થિર રહે તો ક્યારેય સુમેળનો અવાજ આવતો નથી. એક સચોટ ઉદાહરણ એક નવપરિણીત યુગલની વાત લઈએ. પત્ની હંમેશા એવી ફરિયાદ કરતી કે તેનો પતિ તેને પૂરતો સમય નથી આપતો. તે હંમેશા એક 'આદર્શ પતિ' ની શોધમાં રહેતી જે તેની બધી ઈચ્છાઓ પૂરી કરે.એક દિવસ તેના દાદીએ તેને સમજાવ્યું 'બેટા, તું એ શોધવાનું બંધ કર કે તે તારા માટે શું નથી કરતો, અને એ જોવાનું શરૂ કર કે તું તેને કેટલી શાંતિ આપી શકે છે.' પત્નીએ પોતાની વર્તણૂકમાં ફેરફાર કર્યો, તે વધુ સમજુ બની અને પતિના કામના ભારણને સમજવા લાગી. પરિણામે, પતિ આપોઆપ તેની તરફ ખેંચાવા લાગ્યો અને વધુ સમય આપવા લાગ્યો. જ્યારે આપણે બદલાઈએ છીએ, ત્યારે આપણી સામેની દુનિયા પણ બદલાઈ જાય છે.સંબંધોમાં જીતવાની જીદ ન રાખો, કારણ કે સંબંધમાં જ્યારે એક હારે છે ત્યારે હાર તો બંનેની જ થાય છે.તમે જેવું ફળ મેળવવા માંગો છો, તેવું જ બીજ તમારે સંબંધોમાં રોપવું પડશે. સમજણ એટલે સામેની વ્યક્તિના મોન પાછળનું દર્દ ઓળખવાની કળા સમજુ જીવનસાથી બનવા માટેના સોપાન બોલવા કરતા સાંભળવાની આદત કેળવો. અડધા ઝઘડા તો માત્ર સાંભળવાથી શાંત થઈ જાય છે. ભૂલનો સ્વીકાર પોતાની ભૂલ સ્વીકારવામાં ક્યારેય નાના ન બનો. 'સોરી' કહેવાથી સંબંધની ઉંમર વધે છે. સ્પેસ આપો (Give Space) દરેક વ્યક્તિનું પોતાનું એક અંગત વિશ્વ હોય છે. જીવનસાથીને પકડી રાખવાને બદલે તેને ખીલવા માટે આકાશ આપો.સંબંધ એ કોઈ તૈયાર મળેલી વસ્તુ નથી, પણ તેને દરરોજ કંડારવી પડે છે. 'પરફેક્ટ જીવનસાથી' શોધવામાં આખી જિંદગી વેડફવા કરતા, આપણી પોતાની ખામીઓ દૂર કરી 'સમજુ જીવનસાથી' બનવું એ વધુ શ્રેષ્ઠ માર્ગ છે. જ્યારે તમે સમજદારીનો દીવો પ્રગટાવો છો, ત્યારે સામેની વ્યક્તિનું જીવન પણ આપોઆપ પ્રકાશિત થઈ જાય છે.પ્રેમ એ માત્ર એક લાગણી નથી, પણ એક જવાબદારી છે જે તમારે દરરોજ નિભાવવાની હોય છે.



# હાંસોટના ઈલાવને મળી ૧૦૮ એમ્બ્યુલન્સની ભેટ: અંતરિયાળ ગામો માટે 'જીવનરક્ષક' સેવાનો પ્રારંભ

## દર્દીઓને હોસ્પિટલ પહોંચાડતા પૂર્વે રસ્તામાં જ પ્રાથમિક અને જીવનરક્ષક સારવાર પૂરી પાડશે

• હાંસોટ,

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવાના ઉમદા હેતુથી ઈલાવ ખાતે નવી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. ઈલાવના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર આ અત્યાધુનિક એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવતા હવે ઈલાવ સહિત આસપાસના અનેક ગામોના નાગરિકોને ઈમરજન્સીના સમયે સમયસર તબીબી સહાય મળી રહેશે. આ સેવામાં બે અનુભવી પાયલટ અને બે ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન (EMT) ૨૪ કલાક ફરજ બજાવશે, જે દર્દીઓને હોસ્પિટલ પહોંચાડતા પૂર્વે રસ્તામાં જ પ્રાથમિક અને જીવનરક્ષક સારવાર પૂરી પાડશે.



ખાસ કરીને અકસ્માત, હૃદયરોગના હુમલા કે પ્રસુતિ જેવી ગંભીર સ્થિતિમાં સમયસર સારવાર ન મળવાને કારણે થતા મૃત્યુનું પ્રમાણ ઘટાડવામાં આ સેવા આશીર્વાદરૂપ સાબિત થશે. અગાઉ કટોકટીના સમયે દૂરથી એમ્બ્યુલન્સ બોલાવવી પડતી હતી, પરંતુ હવે ઈલાવ ખાતે જ વાહન ઉપલબ્ધ હોવાથી 'ગોલ્ડન અવર'માં સારવાર મળતી થશે. ગ્રામ્ય વિસ્તારના લોકોએ સરકારના આ લોકહિતલક્ષી નિર્ણયને આવકારી આનંદ વ્યક્ત કર્યો છે. હવે અંતરિયાળ વિસ્તારના દર્દીઓને અદ્યતન હોસ્પિટલ સુધી પહોંચાડવાની પ્રક્રિયા વધુ ઝડપી અને સરળ બનશે.

# ઝઘડિયામાં પૂર્વ પ્રેમીનો યુવતી પર હુમલોઃ પિતા સાથેના ઝઘડાની રીસ રાખી યુવતીને જાહેરમાં માર માર્યો

ઝઘડિયા, ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના એક ગામમાં પૂર્વ પ્રેમીએ ૨૦ વર્ષીય યુવતી પર હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. વિષ્ણુ વસાવા નામના યુવકે યુવતીના પિતા સાથે થયેલા જૂના ઝઘડાનો ખાર રાખીને આ કૃત્ય આચર્યું હતું. યુવતી ઝઘડિયા જવા માટે બસ સ્ટેન્ડ નજીક વાહનની રાહ જોઈ રહી હતી, ત્યારે અચાનક વિષ્ણુ ત્યાં આવી પહોંચ્યો હતો અને અપશબ્દો બોલવા લાગ્યો હતો. યુવતીએ અપશબ્દો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા વિષ્ણુએ તેને બે-ત્રણ લાફા મારી દીધા હતા. એટલું જ નહીં, આરોપીએ યુવતીના હાથમાં રહેલો મોબાઈલ ફોન આંચકી તેના વડે યુવતીના કાનના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ આરોપીએ યુવતીને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત યુવતીએ આ અંગે હિંમત દાખવી ઝઘડિયા પોલીસ મથકે વિષ્ણુ વસાવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

**ભારે રોષ** ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે આ સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવામાં આવે

# બોડેલી તાલુકાના લઢોદ-ધારોલી માર્ગ પર મરેલા પશુઓ ફેંકાતા ગ્રામજનોમાં ભારે રોષ

## માર્ગની સાઈડમાં મરેલા પશુઓ ફેંકી દેવામાં આવતા હોવાના કારણે ગામના કુતરા તેમજ અન્ય પક્ષીઓ ત્યાં આવીને પશુઓના અવશેષો ખેંચી બગાડ કરે છે

• બોડેલી

બોડેલી તાલુકાના લઢોદ થી ધારોલી ગામ તરફ જતા મુખ્ય માર્ગની સાઈડમાં મરેલા પશુઓ નાખી જવાના સતત બનતા બનાવોને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. માર્ગની સાઈડમાં મરેલા પશુઓ ફેંકી દેવામાં આવતા હોવાના કારણે ગામના કુતરા તેમજ અન્ય પક્ષીઓ ત્યાં આવીને પશુઓના અવશેષો ખેંચી બગાડ કરે છે અને ત્યારબાદ તે જ કુતરા ગામમાં આંટાફેરા મારતા હોવાથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ, મરેલા પશુઓને કારણે રોડ પર તથા આસપાસના વિસ્તારોમાં માખી-મચ્છરોનો ભારે ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. એટલું જ નહીં, આ માર્ગ પરથી પસાર થનારા વાહનચાલકો અને રાહદારીઓને એટલી તીવ્ર દુર્ગંધનો સામનો કરવો પડે છે કે કેટલાક લોકોને ઉલટી થવાના બનાવો પણ સામે આવ્યા છે. ખાસ કરીને શાળાએ જતા બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને આ સ્થિતિથી ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

ગ્રામજનોનું વધુમાં કહેવું છે કે ખુલ્લામાં મરેલા પશુઓ પડ્યા રહેતા હોવાના કારણે ભવિષ્યમાં કોઈ ગંભીર રોગચાળો ફેલાવાનો પણ મોટો ભય સતાવી રહ્યો છે. આરોગ્યની દૃષ્ટિએ આ સ્થિતિ અત્યંત જોખમી બની ગઈ હોવા છતાં સંબંધિત તંત્ર તથા સ્થાનિક જવાબદારોએ હજુ સુધી કોઈ નક્કર પગલા ન લીધા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. આ ગંભીર મુદ્દે સ્થાનિક આગેવાનો તથા જાગૃત નાગરિકોએ લઢોદ અને ધારોલી બંને ગામના સરપંચો તથા પંચાયતના જવાબદાર અધિકારીઓને તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવા અપીલ કરી છે. આગેવાનોનું કહેવું છે કે જ્યારે પણ કોઈ પશુનું મૃત્યુ થાય ત્યારે તેને ખુલ્લામાં રોડની સાઈડમાં ફેંકી દેવાને બદલે JCB મશીન દ્વારા મોટો ખાડો ખોદી નિયમસર દફનાવવામાં આવે તેવી કાયમી અને વ્યવસ્થિત સિસ્ટમ ગોઠવવામાં આવે. ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે આ સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવામાં આવે, જેથી લોકોના આરોગ્ય સાથે કોઈ ચેડા ન થાય અને વિસ્તારને રોગચાળાની ભીતિમાંથી મુક્ત કરી શકાય. હવે જોવાનું રહ્યું છે કે સ્થાનિક પંચાયત અને જવાબદાર તંત્ર આ ગંભીર સમસ્યા સામે ક્યારે પગલા ભરે છે.

રિપોર્ટર તોસીફ ખત્રી





બી.એસ.ડબલ્યુ. સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓએ પ્રોફેસર જલ્પાબેન ઓડેદરાના માર્ગદર્શન

# ડો.વી.આર.ગોઢાણીયા કોલેજ ના વિદ્યાર્થીઓએ ૩૧ ડિસેમ્બર ની ઉજવણી સેવા કાર્યથી કરી યાદગાર

## વિદ્યાર્થીઓએ ૧૯,૩૩૦ રૂપિયાનું સ્વૈચ્છિક ભંડોળ એકત્ર કરી જરૂરિયાતમંદ બાળકો, દર્દીઓ અને વૃદ્ધોની કરી નિઃસ્વાર્થ સેવા

• ગોસા (ઘેડ)

આજની યુવા પેઢી માત્ર મોજ-મસ્તી સુધી સીમિત નથી પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી પણ સમજી રહી છે તેનું ઉત્તમ ઉદાહરણ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ સંલગ્ન શ્રીમાલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત ડો. વી. આર. ગોઢાણીયા કોલેજના સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓએ રજૂ કર્યું હતું.

બી.એસ.ડબલ્યુ. તથા એમ.એસ. ડબલ્યુ.ના વિદ્યાર્થીઓએ સ્વૈચ્છિક રીતે ૧૯,૩૩૦ રૂપિયાનું ભંડોળ એકત્ર કરી પોરબંદર તથા આસપાસના વિસ્તારોમાં વિવિધ સ્થળોએ સેવા કાર્ય હાથ ધર્યું હતું. જેમાં પોરબંદર સ્થિત સ્પેશિયલ હોમ ફોર બોયઝ, શિશુકુંજ સંસ્થા તેમજ સ્લમ એરિયાનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને સ્ટેશનરી





કીટ, હાઈજેનિક કીટ અને નાસ્તા ની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તે ઉપરાંત રસિક બાપા રોટલા વાળા ટ્રસ્ટ સાથે સંકલન સાધી ભાવસિંહજી હોસ્પિટલ ખાતે સારવાર લેવા આવતા જરૂરિયાત મંદ દર્દીઓને એક સમયનું ભોજન તથા લેડી હોસ્પિટલમાં પ્રસુતાઓને પોષણયુક્ત આહાર(શીરો) આપી સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. તેમજ રાણા-ખીરસરા વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને ફળફળાદિ વિતરણ કરી વિદ્યાર્થીઓએ આખો દિવસ તેમની સાથે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આનંદભર્યો સમય પસાર કર્યો હતો.

બી.એસ.ડબલ્યુ. સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓએ પ્રોફેસર જલ્પાબેન ઓડેદરાના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલમાં દર્દીઓ અને પ્રસુતાઓને ભોજન સેવા આપી હતી.

બી.એસ.ડબલ્યુ. સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓએ પ્રોફેસર કમલેશ જાદવના માર્ગદર્શન હેઠળ વૃદ્ધાશ્રમમાં ભજન-કીર્તન અને સંવાદ સાથે ફળ વિતરણ કર્યું હતું.

બી.એસ.ડબલ્યુ. સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓએ પ્રોફેસર નીતા દુધરેજીયાના માર્ગદર્શન હેઠળ શિશુકુંજ સંસ્થામાં બાળકો સાથે બાળગીતો, વાર્તાઓ, રમતો અને નાસ્તા-સ્ટેશનરીનું વિતરણ કર્યું હતું.

એમ.એસ.ડબલ્યુ. સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓએ પ્રોફેસર માધુરી લાખાણીના માર્ગદર્શન હેઠળ સ્પેશિયલ હોમ ફોર બોયઝમાં બાળકો સાથે શૈક્ષણિક તથા મનોરંજક પ્રવૃત્તિઓ યોજી હતી.

એમ.એસ.ડબલ્યુ. સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓએ પ્રોફેસર આરતી થાનકીના માર્ગદર્શન હેઠળ વી.વી. બજાર વિસ્તારના સ્લમ એરિયામાં સ્વચ્છતા, વ્યસન મુકિત અને શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપી બાળકોને હાઈજેનિક કીટ, સ્ટેશનરી કીટ અને નાસ્તો આપ્યો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ 31 ડિસેમ્બરની ઉજવણીને મોજ-મસ્તી અને ડાન્સ પાર્ટીના બદલે સેવા, સંવેદના અને સમાજકાર્ય દ્વારા ઉજવવા બદલ વિદ્યાર્થીઓના આ ઉમદા કાર્યને સંસ્થાના પ્રમુખ ડો. વિરમભાઈ ગોઢાણીયા, ટ્રસ્ટી જયશ્રીબેન ગોઢાણીયા, મેનેજિંગ ટ્રસ્ટી અર્જુનભાઈ મોઢવાડિયા, ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા, બી.એડ. વકોલેજના પ્રિન્સિપાલ ડો. હીનાબેન ઓડેદરા, ડાયરેક્ટર ડો. એ. આર. ભરડા, ડિપાર્ટમેન્ટ ડાયરેક્ટર રણમલભાઈ કારાવદરા તથા તમામ સ્ટાફગણે ખૂબ પ્રશંસા કરી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

રિપોર્ટર :વિરમભાઈ કે.આગઠ

# મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધ્ધાર્થ દ્વારા વેલણવાડાના પશુપાલકો સાથે સંવાદ સાધવામાં આવ્યો

## મુલાકાત દરમિયાન પશુપાલકોએ તેમને પડતી વિવિધ મુશ્કેલીઓ અને પ્રશ્નો રજૂ કર્યા હતા

• તસ્વીર અહેવાલ દિલીપભાઈ બારીઆ

મહીસાગર જિલ્લાના વિકાસ કાર્યોને વેગ આપવા અને પાયાના સ્તરે પશુપાલકોની સ્થિતિ જાણવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધ્ધાર્થે લુણાવાડા તાલુકાના વેલણવાડા ઉમિયાનગરની તથા ધી ઉમિયા દૂધ ઉત્પાદક મંડળીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક દૂધ મંડળીના ચેરમેન, સંચાલકો અને પ્રગતિશીલ પશુપાલકો સાથે સીધો સંવાદ સાધી તેમના કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની આ પ્રેરણાદાયી મુલાકાતથી સ્થાનિક પશુપાલકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વેલણવાડાના પ્રગતિશીલ પશુપાલકોના તબેલાની રૂબરૂ મુલાકાત લીધી હતી. પશુપાલન ક્ષેત્રે પશુપાલકો દ્વારા કરવામાં આવતી આધુનિક કામગીરી અને પશુઓની માવજત જોઈને તેમણે આનંદ વ્યક્ત



કર્યો હતો. ડીડીઓશ્રીએ પશુપાલકો સાથે વાતચીત કરી તેમની પશુપાલન પદ્ધતિઓ અને દૂધ ઉત્પાદન વિશે માહિતી મેળવી હતી. તેમણે પશુપાલકોને વધુ સારા ઉત્પાદન માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ મુલાકાત દરમિયાન પશુપાલકોએ તેમને પડતી વિવિધ મુશ્કેલીઓ અને પ્રશ્નો રજૂ કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ આ સમસ્યાઓને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને જિલ્લા કક્ષાએ જે કંઈ પણ સુધારા કરી શકાય તે માટે હકારાત્મક ઉકેલની ખાતરી આપી હતી. તથા ખેડૂતો અને પશુપાલકોની આવક કેવી રીતે વધી શકે અને પશુપાલન વ્યવસાયને વધુ સમૃદ્ધ કેવી રીતે બનાવી શકાય તે અંગે તેમણે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# હાંસોટમાં ભીમ કૉરેગાંવ શૌર્ય દિનની ભવ્ય ઉજવણી રેલી અને પુષ્પાંજલિ સાથે વીરોને અપાઈ સલામી



• હાંસોટ,

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકા ખાતે ગતરોજ ભીમ કૉરેગાંવ શૌર્ય દિનની જિલ્લા કક્ષાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સ્વયંસેનિક દળ (SSD) દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૧૮૧૮ની ઐતિહાસિક લડાઈના શૂરવીરોને યાદ કરી તેમના સ્વાભિમાન અને શૌર્યને વંદન કરવામાં આવ્યા હતા. ઉજવણીના ભાગરૂપે હાંસોટની નવી વસાહતથી એક વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હાંસોટ સર્કલ ખાતે પહોંચી હતી. અહીં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને હારતોરા કરી ગાર્ડ ઓફ ઓનર સાથે સલામી આપવામાં આવી હતી. આ રેલી હાંસોટથી ઉતરાજ ગામ ખાતે પહોંચતા ત્યાં સમાપન સભાનું આયોજન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ ભીમ કૉરેગાંવના યુદ્ધને શોષિત અને વંચિત સમાજના હક અને સમાનતા માટેની ઐતિહાસિક ક્રાંતિ ગણાવી હતી. આયોજકોએ જણાવ્યું હતું કે, આ દિવસ માત્ર ઉત્સવ નથી પરંતુ નવી પેઢીને ઈતિહાસ અને સ્વાભિમાનની ઓળખ આપવાનો એક સેતુ છે. 'જય ભીમ'ના નારા, નિલા ધ્વજ અને બેનરો સાથે નીકળેલી આ રેલીમાં સમાજના આગેવાનો, યુવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો એકતા અને શાંતિપૂર્ણ રીતે જોડાયા હતા.

# દુષ્કર્મ આચરનાર નરાધમ રિયાઝખાન અકબરખાનને નડિયાદ સેશન્સ કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા



• રિપોર્ટરઃ હસમુખભાઈ નાયક ખેડા ગળતેશ્વર,

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના ડભાલી ગામે શર્મસાર કરતી ઘટનામાં અંતે ન્યાય થયો છે, એક દિવ્યાંગ સગીરાની શારીરિક મર્યાદાનો ગેરલાભ ઉઠાવી તેના પર દુષ્કર્મ આચરનાર નરાધમ રિયાઝખાન અકબરખાનને નડિયાદ સેશન્સ કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી છે, આ કેસમાં સરકારી વકીલ ધવલ બારોટની તર્કબદ્ધ દલીલો અને મૌખિક તેમજ લેખિત પુરાવાઓને કોર્ટે ગ્રાહ્ય રાખ્યા હતા, રાજકીય ગલિયારાઓમા 'બેટી બચાવો' ના નારાઓ ગુંજે છે પરંતુ વાસ્તવિકતા એ છે કે સમાજમાં વિકૃત માનસિકતા ધરાવતા લોકો દિવ્યાંગ બાળકોને પણ છોડતા નથી આ ચુકાદો ભલે આરોપીને જેલના સળિયા પાછળ ધકેલે, પરંતુ તે શાસક પક્ષ અને વહીવટી તંત્ર સામે સવાલ ઉભો કરે છે કે દીકરીઓ ક્યારે સુરક્ષિત અનુભવશે.? દિવ્યાંગ બાળકી પર થયેલું આ હુમલો સામાજિક સુરક્ષા ના છિદ્રોને છતાં કરે છે, ન્યાયતંત્રએ કડક વલણ અપનાવી સમાજમાં દાખલો બેસાડ્યો છે.

મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધ્ધાર્થ દ્વારા વેલણવાડાના પશુપાલકો સાથે સંવાદ સાધવામાં આવ્યા

# લુણાવાડા તાલુકાના વેલણવાડામાં દૂધ મંડળી અને પ્રગતિશીલ પશુપાલકોની મુલાકાત

• કાનજી ધામોત. મહીસાગર

મહીસાગર જિલ્લાના વિકાસ કાર્યોને વેગ આપવા અને પાયાના સ્તરે પશુપાલકોની સ્થિતિ જાણવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધ્ધાર્થે લુણાવાડા તાલુકાના વેલણવાડા ઉમિયાનગરની તથા ધી ઉમિયા દૂધ ઉત્પાદક મંડળીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક દૂધ મંડળીના ચેરમેન, સંચાલકો અને પ્રગતિશીલ પશુપાલકો સાથે સીધો સંવાદ સાધી તેમના કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની આ પ્રેરણાદાયી મુલાકાતથી સ્થાનિક પશુપાલકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ઉપરાંત જિલ્લા વિકાસ



અધિકારીશ્રીએ વેલણવાડાના પ્રગતિશીલ પશુપાલકોના તબેલાની રૂબરૂ મુલાકાત લીધી હતી. પશુપાલન ક્ષેત્રે પશુપાલકો દ્વારા કરવામાં આવતી આધુનિક કામગીરી અને પશુઓની માવજત જોઈને તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. ડીડીઓશ્રીએ પશુપાલકો સાથે વાતચીત કરી તેમની પશુપાલન પદ્ધતિઓ અને દૂધ ઉત્પાદન વિશે માહિતી મેળવી હતી. તેમણે પશુપાલકોને વધુ સારા ઉત્પાદન માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ મુલાકાત દરમિયાન પશુપાલકોએ તેમને પડતી વિવિધ મુશ્કેલીઓ અને પ્રશ્નો રજૂ કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ આ સમસ્યાઓને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને જિલ્લા કક્ષાએ જે કંઈ પણ સુધારા કરી શકાય તે માટે હકારાત્મક ઉકેલની ખાતરી આપી હતી. તથા ખેડૂતો અને પશુપાલકોની આવક કેવી રીતે વધી શકે અને પશુપાલન વ્યવસાયને વધુ સમૃદ્ધ કેવી રીતે બનાવી શકાય તે અંગે તેમણે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે એસ સુવેરા, નાયબ પશુપાલન નિયામકશ્રી એમ. જી. ચાવડા સ્થાનિક દૂધ મંડળીના ચેરમેનશ્રી, સેક્રેટરી તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બ્રિજ વિભાગના અધિકારીઓ ઉપર મ્યુ.કમિશનર ખફા

# તમારા અણઘડ આયોજનના કારણે અમદાવાદના લોકો હેરાન -પરેશાન

• અમદાવાદ

અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિપાની બ્રિજ વિભાગના અધિકારીઓ ઉપર ખફા જોવા મળ્યા હતા. અધિકારીઓ સાથેની વીકલી રીવ્યુ બેઠકમાં બ્રિજ વિભાગનાએડીશનલ ઈજનેરને તેમણે કહયુ, તમારા અણઘડ આયોજનના કારણે અમદાવાદના લોકો હેરાન-પરેશાન થઈ ગયા છે. સુભાષબ્રિજ બંધ કર્યા પછી શાહીબાગ અંડરપાસ બંધ કરાયો.જરા તો વિચારો કે શહેરીજનોને બંધ રોડના કારણે કેટલી તકલીફ પડી રહી છે. આ મુદ્દે ડેપ્યુટી કમિશનર કંઈક કહેવા જતા કમિશનરે તેમને અટકાવીને કહયુ,દલીલ ના કરતા કોઈપણ નિર્ણય લેતા પહેલા ચોકકસ પ્લાનીંગ કરી લોકો સમક્ષ મુકો તો લોકોની હેરાનગતિ પણ ઓછી થાય.

નવા વર્ષે પહેલી વીકલી રીવ્યુ બેઠકમાં મ્યુનિ.કમિશનરે નવા વર્ષમાં ટ્રાફિક, પાર્કિંગ ઉપરાંત ગ્રીનરી અને એર પોલ્યુશનના પ્રોજેકટ ઉપર ખાસ ધ્યાન રાખવા સુચના આપી હતી. તેમણે કહયુ, એકશન ટેકન રીપોર્ટ બનાવો.મારી સમક્ષ રજૂ કરો.અને લાંબા સમયમા નહીં પણ ગણતરીના કલાકોમા કામ થઈ શકે કે કેમ એ બાબત ઉપર ફોકસ કરો. મારા ધ્યાનમા આવ્યુ છે કે, કોર્પોરેશનના મોટાભાગના અધિકારીઓ કન્સલ્ટન્ટના રીપોર્ટ ઉપર ડીપેન્ડન્ટ થઈ ગયા છે.કન્સલ્ટન્ટ ઉપર ભરોસો ના રાખો.તમે પોતે તમારા વોર્ડ કે ઝોનમાં નિયમિત રાઉન્ડ લઈ ગ્રાઉન્ડ રીપોર્ટ મેળવો. ટ્રાફિક કે પાર્કિંગની સમસ્યા અંગે હવે કોઈ ફરિયાદ રહેવી જોઈએ નહીં. મેન પાવરથી લઈ અન્ય કોઈ પ્રકારની મદદની જરુર હોય તો કહો.તે મદદ પુરી પડાશે.સાબરમતી રિવરફ્રન્ટને સેન્ટ્રલ પાર્ક ઓફ અમદાવાદ તરીકે ડેવલપ કરવા અને રીવરફ્રન્ટની એન્ટ્રી અને એકઝિટ આકર્ષક બનાવવા કમિશનરે સુચના આપી હતી. ઉપરાંત હેરીટેજ વોકના રૂટ ઉપરના રોડ ઉપર ખાડા પડેલા છે.સાઈનેઝ બરોબર દેખાતા નથી.જેવી બાબતને લઈ તેમણે કહયુ, અમદાવાદમાં ટુરીઝમ ક્ષેત્રે ખુબ નબળુ છે. મોટી સંખ્યામા વિદેશથી ટુરિસ્ટો અમદાવાદમા આવે એ પ્રમાણેનુ આયોજન કરો.

મ્યુનિસિપલ કમિશનરે અમદાવાદના સતત ખરાબ થઈ રહેલા એરકવોલીટી ઈન્ડેકસને લઈ અધિકારીઓને તાકીદ કરી હતી. તેમણે ત્યાં સુધી કહયુ, ખરાબ એર કવોલીટી સુધારવાનુ તમારા હાથમાં જ છે. જો તમે એમાં સુધારો નહીં કરો તો તમારા બાળકોને ભોગવવુ પડશે. શહેરમાં ઓનગોઈંગ કન્સ્ટ્રકશન સાઈટ ઉપર કોઈ ડેવલપર કે બિલ્ડર ગ્રીન નેટ બાંધવા સહિતના નિયમોનુ પાલન ના કરતા હોય તો તમે કોર્પોરેશનના ખર્ચે ગ્રીનનેટ લાવી તેની પાસે બંધાવો અને રકમ વસૂલ કરો. એ પછી પણ જો પ્રદૂષણ ફેલાય તો બાંધકામ સ્થગિત કરવા સુધીના પગલા લો.

# એસ.જી.હાઈવેને અડીને આવેલા જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ડ્રેનેજ ઓવરફલોની ગંભીરસમસ્યા

• અમદાવાદ

એસ.જી.હાઈવેને અડીને આવેલા જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ડ્રેનેજ ઓવરફલોની ગંભીર અસર જોવા મળી રહી છે.ગાંધીનગરમાં નવા સમાવાયેલા વાવોલ,સરગાસણ,કુડાસણ અને રાયસણ સહિતના ગટરના પાણી જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી લઈ જવામા આવે છે.આ કારણથી જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા કરતા વધુ ડ્રેનેજના પાણી ઓવરફલોના કારણે આસપાસની જમીનમાં ડ્રેનેજના પાણી છોડવામા આવે છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ,ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હયાત જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની બાજુમા નવો ૧૦૦ એમએલડી ક્ષમતાનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ, નવા પમ્પિંગ સ્ટેશન, હયાત પમ્પિંગ સ્ટેશનના ઓગમેન્ટેશન અને પાંચ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ સહિતની કામગીરી માટે રુપિયા ૧૮૯.૫૮ કરોડનુ ટેન્ડર ફલોટ કરવામા આવ્યુ હતુ.જુલાઈ મહિનામા ટેન્ડર ફાઈનલ કરવાનુ હતુ. અલગ અલગ કારણસર ટેન્ડરમાં સુધરાના નામે વિલંબ કરાઈ રહયો છે.ટેન્ડરની શરતોમાં ફેરફાર કરીને ટેન્ડર ફલોટ કરાયુ હતુ.જેની તાજેતરમાં પ્રાઈસ બીડ ખોલવામા આવી હતી.ટેન્ડર મંજૂર કરાયા પછી નવો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનતા બે વર્ષનો સમય લાગશે.આ કારણથી એસ.જી.હાઈવે તથા આસપાસના વિસ્તારોને હજુ બે વર્ષ ડ્રેનેજ ઓવરફલો થવાની સમસ્યાનો સામનો કરવો પડશે.

કારમાં સવાર બે લોકોનો આબાદ બચાવ

# અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર અચાનક કાર ભડભડ સળગી ઉઠી



• અમદાવાદ

અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર અચાનક કાર ભડભડ સળગી ઉઠી હતી. સમગ્ર બનાવને પગલે પરિવારે લગ્ન માટે ખરીદેલો તમામ સામાન કારમાં લાગેલી ભીષણ આગના કારણે બળીને ખાખ થઈ ગયો હતો. આ સાથે કારમાં રાખેલા 5 લાખ રોકડ રૂપિયા પણ સળગી ગયા હતા. જોકે, કારમાં સવાર બે લોકોનો આબાદ બચાવ થયો હતો.

મળતી માહિતી મુજબ, અડાલજ કેનાલ પાસે એક કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. પરિવારના બે સભ્યો લગ્ન પ્રસંગ માટેની ખરીદી કરવા માટે નીકળા હતા, ત્યારે કારના બોનેટમાં ધુમાડા નીકળવા લાગ્યા હતા. ઘટનાને પગલે કારમાં સવાર બંને વ્યક્તિ તાત્કાલિક બહાર નીકળતા જાનહાનિ ટળી હતી. જોતજોતામાં કાર ભભકી ઉઠી હતી.

આગના બનાવમાં લગ્નની ખરીદી માટનો સામાન કારમાં હતો, જેમાં નવા કપડાં, મોંઘી સાડી, 5 લાખ રોકડ સહિતનો મુદ્દામાલ બળીને ખાખ થઈ ગયો હતો. સમગ્ર ઘટના અંગ જાણ કરતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધી હતી. જેમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે.

હવે ભંગાર બનવાના આરે

# લીંબડી નગરપાલિકાની બેદરકારીથી ધૂળ ખાતુ ૨૦ લાખનું સ્વીપર મશીન

**લોકોને હાલાકી** ત્રણ વર્ષ પહેલા ખરીદાયેલા રોડ સ્વીપર મશીનનો એક વાર પણ ઉપયોગ ન કરાયો

• લીંબડી

લીંબડી પાલિકાની અણઘડ નીતિને કારણે પ્રજાના ટેક્સના લાખો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો છે. પાલિકાએ ત્રણ વર્ષ અગાઉ ૨૦ લાખથી વધુના ખર્ચે રસ્તા સાફ કરવા માટે 'રોડ સ્વિપર મશીન' ખરીદ્યું હતું, જે આજે પાલિકાના કંપાઉન્ડમાં ભંગાર બની રહ્યું છે. બીજી તરફ, શહેરના રસ્તાઓ ધૂળથી ખદબદે છે, જેના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે.

નવાઈની વાત એ છે કે ખરીદીના ત્રણ વર્ષ બાદ પણ આ મશીનનો એક પણ વાર ઉપયોગ કરવામાં આવ્યો નથી. પાલિકાના સત્તાધીશો જણાવે છે કે મશીન ચલાવવું ખર્ચાળ છે. જો નિભાવ ખર્ચ પરવડતો નહોતો, તો ૨૦ લાખનો ખર્ચ કરીને આ મશીન ખરીદાયું શા માટે? તેવો વેધક પ્રશ્ન જનતા પૂછી રહી છે. હાલમાં શહેરના મુખ્ય માર્ગો અને મહોલ્લાઓમાં ધૂળના થર જામ્યા છે. વાહનોની અવરજવરથી ઉડતી ધૂળને કારણે ખાણીપીણીની લારીઓ અને દુકાનોમાં ગંદકી ફેલાય છે, જેનાથી શ્વાસ અને ટીબી જેવા રોગોનો ભય વધી રહ્યો છે. પાલિકા દ્વારા મેન્યુઅલ સફાઈના નામે માત્ર દેખાવ કરવામાં આવે છે. સફાઈ કામદારો ધૂળના ઢગલા કરે છે, જે સમયસર ઉપાડવામાં ન આવતા ફરી રસ્તા પર પથરાઈ જાય છે. લાખોના ખર્ચે વસાવાયેલું મશીન હવે કંપાઉન્ડમાં સડી જવાની તૈયારીમાં છે. જો આ મશીનનો ઉપયોગ નહીં કરવામાં આવે તો આગામી સમયમાં તે ભંગારમાં કાઢવાની નોબત આવશે. જનતાના પરસેવાની કમાણીના નાણાં આ રીતે વેડફાતા હોવાથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.




# થરાદ - લાખણી રોડ વચ્ચે બનતા ડિવાઈડરના કામમાં ગેરરીતિની બુમરાડ

અધિકારીઓની મિલીભગતથી ભ્રષ્ટાચાર આચરાતો હોવાની ચર્ચાઓ

• રાજેશ જોષી : વાવ-થરાદ

વાવ થરાદ જિલ્લાના મુખ્ય મથક થરાદ થી લાખણી, ડીસાને જોડતો રોડ છેલ્લા ઘણા સમયથી ખખડધજ હાલતમાં છે જેની કામગીરી ખુબજ ગોકળગતીએ ચાલી રહી છે ત્યારે થરાદ લાખણી હાઈવે ની કામગીરીમાં ભારત માલા હાઈવેથી મલુપુર વચ્ચે આ રોડ ની વચ્ચે બનાવવામાં આવતા ડિવાઈડરમાં એકદમ હલકી ગુણવત્તા વાળું કામ થતું હોવાનું સામે આવ્યું હતું જેમાં એકલી રેતી થીજ આ કામગીરી કરાતી હોવાનું અને પછી તેના પર સિમેન્ટ પલાળી ને રેડી દેતા હોવાનું સામે આવ્યું હતું ત્યારે આ કામગીરી બાબતે અધિકારીને પૂછતાં તેણે જણાવ્યું હતું કે હું તપાસ કરાવીશ પરંતુ સવાલો તે ઉભા થતા હતા કે જો આવી કામગીરી ચાલતી હોય અને અધિકારીઓ ને જાણ જ ન હોય તો પછી આ કોન્ટ્રાકટર દ્વારા કરાયેલી તમામ કામગીરી કેવી કરાઈ હશે તેને લઈ અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે ત્યારે અધિકારીઓની પણ મિલીભગત હોય તેવું ચર્ચિત બન્યું છે.



# ઇડીના દરોડા બાદ ચોટીલા પ્રાંતની બદલી કરાવવા ભૂમાફિયાઓ સક્રિય થયા

• સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર - સુરેન્દ્રનગર જિલ્લામાં ઈ.ડી.ના દરોડા બાદ વહીવટી તંત્રમાં મોટા ફેરફારોની અટકળો વચ્ચે ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ત્વિક મકવાણાએ ગંભીર આક્ષેપો કરતા રાજકારણ ગરમાયું છે. તેમણે દાવો કર્યો છે કે પ્રામાણિક અધિકારીઓની જિલ્લા બહાર બદલી કરાવી ફરીથી ગેરકાયદેસર ખનન શરૂ કરાવવા માટે ભૂમાફિયાઓ અને કેટલાક રાજકીય નેતાઓ સક્રિય થયા છે.પૂર્વ ધારાસભ્યના આક્ષેપ મુજબ, ચોટીલા ડેપ્યુટી કલેક્ટર એચ.ટી. મકવાણા અને તેમની ટીમે છેલ્લા ઘણા સમયથી ચોટીલા, મૂળી અને થાન પંથકમાં કરોડો રૂપિયાની ખનીજ ચોરી ઝડપી પાડી છે. આ કડક કાર્યવાહીથી ભૂમાફિયાઓમાં ફફડાટ છે. હવે ઈ.ડી.ના દરોડાનો લાભ લઈ, વહીવટી ફેરફારના બહાને આ પ્રામાણિક અધિકારીની જિલ્લા બહાર બદલી કરાવી નાખવા માટે કેટલાક અધિકારીઓ અને રાજકીય આગેવાનોએ ભૂમાફિયાઓને ઓફર આપી હોવાનો સનસનીખેજ આક્ષેપ કરાયો છે.

# નર્મદાવાસીઓએ ડાન્સ ડીનર પાર્ટી સાથે 31 મી ડિસેમ્બર ઉજવી

12 ના ટકોરે 2026ના નવા વર્ષ ને સહર્ષ વધાવ્યું



• દીપક જગતાપ, રાજપીપલા

વર્ષ 2025 નો અંતિમ દિવસ અને 2026 નું નવા વર્ષ ની શરૂઆત થઈ છે જેને લઈ હોટેલો ફાર્મ હાઉસ કે ડિસ્કો ક્લુબ માં જવાનો આગ્રહ લોકો રાખે છે,પરંતુ આ બધુજ હવે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર મળતા ગુજરાત વાસીઓ નહીં પરંતુ દેશ અને વિદેશ ના લોકો હવે એકતાનગર માં બનેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી ને પસંદ કરી રહ્યા છે. જેને લઈ આજે તમામ ટેન્ટસિટી, નવાવર્ષ ની ઉજવણી કરવા માં આવી.એકતાનગર માં આવતા પ્રવાસીઓ ને નવા વર્ષ ની ઉજવણી માટે ડીજે ડાન્સ પાર્ટી અને ગાલા ડિનર નો લાભ લીધો......જોકે આ 2025 નું વર્ષ સૌમાટે સારું ગયું છે કારણકે 2026 માં નવાવર્ષ માં પ્રવેશ માં લોકો એ sou ખાતે આવેલ ટેન્ટસિટી એક માં મોટી સંખ્યા માં મનમાણી ને નાચગાન કરી ઉજવણી કરી અને આવનારું નવું વર્ષ 2026 માં તમામ લોકો માટે સુખદાયી બને માટે આયોજન કર્યું હતું.

## થરાદમાં વધતો જતો સીઝરો નો ત્રાસ : જિલ્લા પોલીસ વડા પગલાં ભરે તેવી માંગ



• રાજેશ જોષી : વાવ-થરાદ

થરાદ વિસ્તારમાં સિઝરોનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે આ લોકો ગામડાઓના ગરીબ લોકોને ખોટી રીતે હેરાન કરી પૈસા પડાવતા હોવાનું વારંવાર સામે આવ્યું છે ત્યારે આવા આવારા તત્વો સામે વાવ-થરાદ જિલ્લા પોલીસ વડા પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.


થરાદમાં ગામડાઓ માંથી બજાર આવતા લોકોને સિઝરો રસ્તામાં ઉભા રખાવી તમારા બાઈક / ગાડી નો હપ્તો બાકી છે તેવું કહી તમારું વાહન ખેંચી જશું નહિતર અમને પૈસા આપો તેવું કહી લોકોને હેરાન કરી પૈસા પડાવતા હોવાનું વારંવાર સામે આવે છે અને જો પૈસા ન આપે તો વાહન ખોટી રીતે તેમની પાસેથી લઈ લેતા હોવાનું પણ સામે આવતું હોય છે ત્યારે આવા આવારા લુખ્ખા તત્વો જે સિઝર બનીને લોકો પાસેથી ખોટી રીતે પૈસા પડાવી રહ્યા છે તેમની સામે વાવ-થરાદ જિલ્લા પોલીસ વડા કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

વાગરામાં ગેરકાયદેસર માટી ચોરી

# ONGC પાઈપલાઈનને નુકસાન, 6 ટ્રક અને 2 હેવી મશીનરી સહિત રૂા.2.80 કરોડનો મુદ્દામાલ જપ્ત

• સૈફ અલી ભટ્ટી વાગરા

ભરૂચ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ખનીજના બિનઅધિકૃત વહન અને ખનન સામે કડક કાર્યવાહી સતત ચાલુ છે. આ અંતર્ગત વાગરા તાલુકામાં ગેરકાયદેસર માટી ચોરીનો મોટો કેસ સામે આવ્યો છે, જેમાં રૂ. 2.80 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આજરોજ ભરૂચ પ્રાંત અધિકારી મનીષા મનાણી અને વાગરા મામલતદાર સહિત ભૂસ્તર વિભાગની સંયુક્ત ટીમે મુલેરથી દહેજ જવાના માર્ગ પર અલાદર ગામ નજીક ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ખેતરમાં પરવાનગી કરતાં ઘણું વધારે ખોદકામ કરીને ગેરકાયદેસર રીતે સાદી માટીનો વ્યાપારી ઉપયોગ થતો હોવાનું જણાયું હતું.સ્થળ પરથી ગેરકાયદેસર માટીનું વહન કરતા ૬ ટ્રક અને ૨ હેવી મશીનરી સહિત કુલ રૂ. 2.80 કરોડનો મુદ્દામાલ વહીવટીતંત્ર દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ONGCની પાઈપલાઈનને પણ નુકસાન થયાનું ધ્યાન પર આવ્યું હતું. આ કાર્યવાહી અંતર્ગત ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, પરિવહન અને સંગ્રહ) નિયમો-2017 હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્થળ પર જ અંદાજિત રૂ. 10 લાખથી વધુનો દંડ ફટકારીને વસૂલવામાં આવ્યો હતો.



તમામ વાહનો જપ્ત કરી માલિકો તથા ડ્રાઈવરોના નિવેદનો લેવામાં આવ્યા છેઆવ્યો હતો. તમામ વાહનો જપ્ત કરી માલિકો તથા ડ્રાઈવરોના નિવેદનો લેવામાં આવ્યા છે.વધુમાં, સંબંધિત સર્વે નંબરમાં પરમિશન કરતાં ઘણું વધારે ખોદકામ થયેલ હોવાથી ખાણ અને ખનિજ વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે. ખોદકામ થયેલી માટીની ચોક્કસ માપણી બાદ વધુ મોટો દંડ વસૂલવામાં આવશે તેવી વહીવટીતંત્ર દ્વારા ચેતવણી આપવામાં આવી છે. જપ્ત કરાયેલા તમામ વાહનોનો કબ્જો વાગરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવ્યો છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI





નાનાની સામે રોમેન્ટિક થયો અગસ્ત્ય!

# હસતા-હસાવતા અમિતાભ ધર્મેન્દ્રની યાદમાં થયા ભાવુક

'કૌન બનેગા કરોડપતિ'ની ૧૭મી સિઝનના ૨૦૨૫ના છેલ્લા એપિસોડે હસવ્યા પણ ખરા અને રડાવ્યા પણ. મેગાસ્ટાર અમિતાભ બચ્ચને જ્યાં પોતાના મિત્ર અને મહાન કલાકાર ધર્મેન્દ્રને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી, તો સાથે જ તેમણે પોતાના દોહિત્ર અગસ્ત્ય નંદાની મજાક ઉડાવીને શોમાં હાસ્યરસ પણ ઉમેર્યો. આ એપિસોડમાં અગસ્ત્ય નંદા તેની પહેલી ફિલ્મ 'ઈક્કીસ'ના ડિરેક્ટર શ્રીરામ રાઘવન અને કો-એક્ટ્રેસ સિમર ભાટિયા સાથે હોટ સીટ પર આવ્યો હતો. જ્યારે સિમર ભાટિયા હોટ સીટ પર બેસી રહી હતી ત્યારે અગસ્ત્યએ નમ્રતાથી તેના સાડીનો પલ્લુ ઉપાડીને પાછળ સરખો કર્યો, જેથી તે સારી રીતે બેસી શકે.

અગસ્ત્યના આ હાવભાવ પર અમિતાભ બચ્ચનની નજર પડી. 'બિગ બી'એ તરત જ અગસ્ત્યની મજાક ઉડાવતાં કહ્યું- અગસ્ત્ય જી, અમને બહુ સારું લાગ્યું કે તમે જે રીતે સિમરનો પલ્લુ લટકી રહ્યો હતો એ ઉપાડીને પ્રેમથી પાછળ રાખ્યો. આ માટે અમે તમને શુભચ્છા આપીએ છીએ. જિંદગીમાં પહેલીવાર અમે તમને આવું કરતા જોયા છે, શું કારણ હોઈ શકે છે? નાનાના આ મજેદાર સવાલ પર અગસ્ત્ય શરમાઈને હસવા લાગ્યો અને સ્ટુડિયોમાં બેઠેલા દર્શકો પણ હસી પડ્યા. આ હળવોફુલ કિસ્સો એપિસોડની મુખ્ય હાઈલાઈટ્સમાંનો એક બની ગયો.


### ધર્મેન્દ્રને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ



આ એપિસોડ ભાવનાત્મક વળાંક પણ લઈને આવ્યો. હોસ્ટ અમિતાભ બચ્ચને તાજેતરમાં ૨૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૮૯ વર્ષની વયે દુનિયાને અલવિદા કહેનારા દિગ્ગજ એક્ટર ધર્મેન્દ્રને યાદ કરીને તેમને ભાવુક શ્રદ્ધાંજલિ આપી. અમિતાભે ધર્મેન્દ્રને પોતાના મિત્ર, પરિવાર અને આદર્શ ગણાવ્યા. એક્ટરે કહ્યું- 'ધર્મેન્દ્ર માત્ર એક વ્યક્તિ નહીં, પણ એક અહેસાસ હતા, જે હવે યાદ બનીને આશીર્વાદની જેમ આગળ વધવાની પ્રેરણા આપતા રહેશે.' અમિતાભે ધર્મેન્દ્રની અંતિમ ફિલ્મ 'ઈક્કીસ'નો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે "કલાકાર જીવનની છેલ્લા શ્વાસ સુધી કલા દેખાડવા માગે છે અને તે જ મારા મિત્ર, મારા પરિવાર અને મારા આદર્શ ધર્મેન્દ્ર દેઓલે કર્યું. 'શોલે'ના શૂટિંગનો એક કિસ્સો સંભળાવ્યો. તેમણે જણાવ્યું કે બેંગલોરમાં શૂટિંગ દરમિયાન ધર્મેન્દ્રએ મોતના સીનમાં તેમને એટલી જોરથી પકડ્યા હતા કે દુખાવો એકદમ અસલી લાગી રહ્યો હતો. ફિલ્મ 'ઈક્કીસ'ના ડિરેક્ટર શ્રીરામ રાઘવન અને એક્ટર જયદીપ અહલાવતે પણ ધર્મેન્દ્ર સાથે કામ કરવાને પોતાનું સૌભાગ્ય ગણાવ્યું.

# પિતાની યાદો સાથે ઈશાએ નવું વર્ષ ઉજવ્યું

## આકાશમાં 'લવ યુ પાપા' લખેલો ફોટો શેર કર્યો



નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં બોલિવૂડ એક્ટ્રેસ ઈશા દેઓલે તેના દિવંગત પિતા, દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રને યાદ કરતા એક ભાવુક પોસ્ટ શેર કરી. ઈશાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર દુબઈથી બે ફોટો શેર કર્યા છે. ફોટોમાં તે બ્લેક-ગોલ્ડન આઉટફિટમાં આકાશ તરફ આંગળી ચીંધતી જોવા મળી રહી છે, જ્યારે બીજા ફોટોમાં તે તારા તરફ આંગળી ચીંધે છે, જેમાં તારા પર 'લવ યુ પાપા' લખેલું અને દિલ ઈમોજી દોરેલું છે.

કેપ્શનમાં ઈશા દેઓલે લખ્યું છે, 'સ્ટે બ્લેસ્ડ, હેપ્પી, હેલ્ધી એન્ડ સ્ટ્રોંગ... મજબૂત રહો, સ્વસ્થ રહો, ખુશ રહો.' આ પોસ્ટ તેમના ભાઈ બોબી દેઓલને પણ સ્પર્શી ગઈ, જેમણે હાર્ટ ઈમોજીથી પ્રતિક્રિયા આપી. કોમેન્ટ સેક્શનમાં ચાહકો પરિવારને શુભેચ્છાઓ આપી રહ્યા છે અને ધર્મેન્દ્રની યાદમાં ભાવુક થઈ રહ્યા છે. ધર્મેન્દ્રનું નિધન તેમના ૯૦માં જન્મદિવસના થોડા અઠવાડિયા પહેલા, ૨૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ થયું હતું. તેઓ લાંબા સમયથી ઉંમર સંબંધિત બીમારીઓથી ઝઝૂમી રહ્યા હતા, શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને બાદમાં ઘરે સારવાર ચાલી હતી. આજે જ ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ 'ઈક્કીસ' થિયેટરોમાં રિલીઝ થઈ છે. ધર્મેન્દ્રના નિધન પછી આ તેમની છેલ્લી ઓન-સ્ક્રીન ઉપસ્થિતિ છે, જે તેમના ચાહકો માટે એક ખૂબ જ ભાવનાત્મક ક્ષણ બની ગઈ છે. આ ફિલ્મમાં ધર્મેન્દ્ર એમ. એલ. ખેત્રપાલના પાત્રમાં છે, જે પરમવીર ચક્રથી સન્માનિત ભારતના સૌથી યુવા યોદ્ધા, દ્વિતીય લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલના પિતા છે.

# બોલીવુડ અભિનેત્રી નુસરત ભરૂચાની મહાકાલની મુલાકાતથી હોબાળો મચી ગયો

## અખિલ ભારતીય જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાનાનો ફતવો જારી, શરિયાની નજરમાં આ પાપ છે



બોલીવુડ અભિનેત્રી નુસરત ભરૂચાએ તાજેતરમાં ઉજ્જૈનમાં શ્રી મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લીધી હતી, જ્યાં તેણીએ મહાકાલના દર્શન કર્યા હતા અને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. અભિનેત્રીએ પરંપરાગત ભસ્મ આરતીમાં પણ ભાગ લીધો હતો, અને મંદિરના પુજારીઓએ તેમને શાલથી સન્માનિત કર્યા હતા, જેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. જોકે, તેમનું આ પગલું હવે મુસ્લિમ ધર્મ અને ધાર્મિક સહિષ્ણુતાને લઈને ચર્ચાનો વિષય બની ગયું છે. અભિનેત્રી હવે મહાકાલની મુલાકાત અને દર્શનને કારણે હેડલાઈન્સમાં છે. અખિલ ભારતીય જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદીન રઝવી બરેલવીએ નુસરત ભરૂચાની મહાકાલ મંદિરની મુલાકાત પર નારાજગી વ્યક્ત કરી હતી અને અભિનેત્રી વિરુદ્ધ ફતવો જારી કર્યો હતો.

મૌલાના શહાબુદ્દીન કહે છે કે નુસરત ભરૂચા મહાકાલ મંદિરમાં જે ધાર્મિક વિધિઓનું પાલન કરતી હતી તે ઈસ્લામ વિરુદ્ધ છે અને પરિણામે, તે શરિયા કાયદા હેઠળ દોષિત છે. મૌલાનાએ કહ્યું કે નુસરતે આવું ન કરવું જોઈએ અને કલમાનો પાઠ પણ કરવો જોઈએ. મહાકાલેશ્વર મંદિરમાં નમાજ અદા કરવા બદલ નુસરત ભરૂચા વિરુદ્ધ ફતવો જારી કરવામાં આવ્યો છે. મૌલાના શહાબુદીને તેને "ગંભીર પાપ" ગણાવ્યું છે. મૌલાના શહાબુદીન રિઝવી બરેલવીએ અભિનેત્રીને સલાહ આપતા કહ્યું કે, "ઈસ્લામ મંદિરોમાં જવા, પ્રાર્થના કરવા અને અલ્લાહ પાસે માફી માંગવાની પરવાનગી આપતું નથી."

નુસરત ભરૂચાએ ૩૦ ડિસેમ્બર, મંગળવારના રોજ મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લીધી હતી. તેણીએ ભસ્મ આરતીમાં ભાગ લીધો હતો અને મહાકાલેશ્વર પાસેથી આશીર્વાદ મેળવ્યા હતા. મંદિર સમિતિ વતી શિવકાંત પાંડે દ્વારા તેણીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેણીએ મહાકાલમાં તેણીની શ્રદ્ધા વિશે વાત કરતા કહ્યું કે તેણી દર વર્ષે બાબા બાબાના દર્શન કરવાનો ઈરાદો ધરાવે છે. તેણીએ એમ પણ ઉલ્લેખ કર્યો કે મહાકાલની મુલાકાત લેવાની આ તેણીની બીજી મુલાકાત હતી.

નુસરત ભરૂચાએ શુભંકર મિશ્રા સાથેની વાતચીતમાં ધર્મ પરના તેણીના વિચારોની ચર્ચા કરી. તેણીએ કહ્યું, "મારા માટે, મારી શ્રદ્ધા સાચી છે. તેથી જ હું હજી પણ તેની સાથે જોડાયેલી છું, હજુ પણ મજબૂત છું, અને હું જાણું છું કે મારે આ માર્ગ પર ચાલવું પડશે. જ્યાં પણ તમને શાંતિ મળે, પછી ભલે તે મંદિર હોય, ગુરુદ્વારા હોય કે ચર્ચ હોય, તમારે જવું જોઈએ. હું ખુલ્લેઆમ કહું છું કેઃ હું પ્રાર્થના કરું છું. જો મારી પાસે સમય હોય, તો હું દિવસમાં પાંચ વખત પ્રાર્થના કરું છું. મુસાફરી કરતી વખતે હું મારી સાથે પ્રાર્થનાની સાદડી પણ રાખું છું. મેં હંમેશા માન્યું છે કે ભગવાન એક જ છે, અને તેમની સાથે જોડાવાના ઘણા રસ્તાઓ છે. અને હું તે બધા માર્ગો શોધવા માંગુ છું."

### ચાહકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી

# વિજય દેવરકોંડા રશ્મિકા મંડન્ના સાથે રોમમાં, અભિનેતાની ૨૦૨૬ના નવા વર્ષની પોસ્ટ રહસ્ય ખોલ્યા



વિજય દેવરકોંડાએ તેમના રોમ વેકેશનના ફોટાઓનો ફોટો ડમ્પ શેર કરીને તેમના ચાહકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી. આ ફોટામાં કોલોસીયમ જેવા પ્રખ્યાત સ્થળો, ટ્રેનની મુસાફરી અને તેના મિત્રો સાથેની મનોરંજક ક્ષણો શામેલ હતી. આ પોસ્ટે તરત જ ધ્યાન ખેંચ્યું અને એવી અટકળો શરૂ કરી કે શું તે તેના ભાવિ જીવનસાથી, રશ્મિકા મંડન્ના સાથે વેકેશન માણી રહ્યો છે, જેમણે અગાઉ તેના ઈન્સ્ટાગ્રામ પર રોમના ફોટા અને વિડિઓઝ શેર કર્યા હતા.

કેરોયુઝલ પોસ્ટમાં, વિજય દેવેરાકોંડાએ લખ્યું, "મારા પ્રિય મિત્રો, નવા વર્ષની શુભકામનાઓ. આપણે બધા સાથે મળીને વિકાસ કરીએ, જીવનમાં સારી યાદો બનાવીએ, સારા કાર્યો કરીએ અને પ્રેમ અને ખુશી ફેલાવીએ. તમને બધાને ખૂબ ખૂબ પ્રેમ." જો કે, પોસ્ટના ટિપ્પણી વિભાગમાં ફક્ત એ જ સૂચવવામાં આવ્યું છે કે વિજય દેવેરાકોંડા અને રશ્મિકા મંડન્ના રોમમાં સાથે હતા, પરંતુ તેમની વેકેશન પોસ્ટ માટે અલગ અલગ તારીખો પસંદ કરી હતી.સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર હંમેશા નજર રાખતા યુઝર્સે વિજયની પોસ્ટ પર પ્રતિક્રિયા આપી અને દાવો કર્યો કે રશ્મિકા ત્યાં હાજર હતી. એક ફોટો જોઈને, કેટલાકે તેનો પડછાયો જોવાનો દાવો કર્યો, જ્યારે બીજામાં, ચાહકોએ અનુમાન લગાવ્યું કે તે પાછળથી વિજયને ગળે લગાવી રહી હશે જ્યારે તેમના મિત્રો પૃષ્ઠભૂમિમાં હસી રહ્યા હતા. જ્યારથી તેણે આ ફોટા પોસ્ટ કર્યા ત્યારથી, આ ચાહકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. એક યુઝરે લખ્યું, "રશ્મિકા પાંચમા ફોટામાં છે."

સાઉથ ઈન્ડસ્ટ્રીના સૌથી ચર્ચિત કપલ્સમાંના એક, વિજય દેવરકોંડા અને રશ્મિકા મંડન્ના ટૂંક સમયમાં લગ્ન કરી શકે છે. હિન્દુસ્તાન ટાઈમ્સના એક અહેવાલ મુજબ, બંને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રાજસ્થાનના ઉદયપુરમાં લગ્ન કરે તેવી શક્યતા છે. તેમની સગાઈની જેમ, વિજય અને રશ્મિકા તેમના લગ્નને ખાનગી રાખવા માંગે છે.

### નવું વર્ષ ૨૦૨૬ ફિલ્મ પ્રેમીઓ માટે ખૂબ જ ખાસ રહેવાનું છે

# ૨૦૨૬ માં મોટા પડદા પર નવી જોડી જોવા મળશે, જેમાં રણબીર-સાઈ પલ્લવી અને વરુણ-પૂજાનો સમાવેશ થાય છે



નવું વર્ષ ૨૦૨૬ ફિલ્મ પ્રેમીઓ માટે ખૂબ જ ખાસ રહેવાનું છે. આ વર્ષે, બોલિવૂડ અને દક્ષિણના સ્ટાર્સ સાથે ઘણી ફિલ્મો રિલીઝ થશે. આ નવી જોડી દર્શકોને નવી રસાયણશાસ્ત્ર અને રોમાંસનો સ્વાદ આપશે. પૌરાણિક ફિલ્મ હોય, રોમેન્ટિક ડ્રામા હોય કે કોમેડી, દરેક શૈલીમાં કંઈક નવું જોવા મળે છે.

રણબીર કપૂર અને સાંઈ પલ્લવી દિગ્દર્શક નિતેશ તિવારીની ફિલ્મ "રામાયણ" માં જોવા મળશે. આ ફિલ્મની સ્ટાર કાસ્ટની જાહેરાત પહેલાથી જ થઈ ગઈ છે. દિગ્દર્શક નિતેશ તિવારીની આ મહત્વાકાંક્ષી ફિલ્મ "રામાયણ" ની વાર્તા પર આધારિત છે. રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકા ભજવી રહ્યા છે, જ્યારે સાંઈ પલ્લવી સીતાની ભૂમિકા ભજવશે. આ પહેલીવાર છે જ્યારે આ બંને સ્ટાર્સ એકસાથે સ્ક્રીન શેર કરશે. ફિલ્મનો પહેલો ભાગ દિવાળી ૨૦૨૬ પર રિલીઝ થશે.

કાર્તિક આર્યન અને શ્રીલીલા દિગ્દર્શક અનુરાગ બાસુની અનટાઈટલ્ડ રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મમાં જોવા મળશે. ફિલ્મનું ટાઈટલ હજુ સુધી ફાઈનલ થયું નથી. જોકે, ફિલ્મના ઘણા ફોટા ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ ચૂક્યા છે. તે એક સંગીતમય પ્રેમકથા છે, જેમાં કાર્તિક અને શ્રીલીલાની રોમેન્ટિક કેમેસ્ટ્રી દર્શાવવામાં આવી છે. ફિલ્મનું નામ 'તુ મેરી જિંદગી હૈ' હોવાનું કહેવાય છે.

પ્રભાસ અને માલવિકા મોહનન રોમેન્ટિક હોરર કોમેડી ફિલ્મ 'ધ રાજા સાબ' માં જોવા મળશે. આ ફિલ્મમાં માલવિકા મોહનન પહેલી વાર પ્રભાસની સામે જોવા મળશે (અને તે તેણીનું તેલુગુ ડેબ્યૂ પણ છે). આ ફિલ્મમાં સંજય દત્ત અને નિધિ અગ્રવાલ પણ છે. આ ફિલ્મ ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રિલીઝ થશે.

અનન્યા પાંડે અને લક્ષ્ય દિગ્દર્શક અને નિર્માતા કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ ફિલ્મ "ચાંદ મેરા દિલ" માં જોવા મળશે. આ એક રોમેન્ટિક ડ્રામા છે. અનન્યા અને લક્ષ્ય (જે "કિલ" થી ખ્યાતિ મેળવી હતી) પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. આ ફિલ્મ કોલેજ જીવન, મિત્રતા અને પ્રેમની વાર્તા દર્શાવશે.

રામ ચરણ અને જાહ્નવી કપૂર ફિલ્મ "પેદ્દી" માં સાથે જોવા મળશે. આ બુચી બાબુ સના દ્વારા દિગ્દર્શિત એક સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે. રામ ચરણ અને જાહ્નવીની જોડી ઉત્તર-દક્ષિણનું એક શાનદાર સંયોજન છે. આ ફિલ્મમાં ભાવના, એક્શન અને રોમાંસનું મિશ્રણ હશે. આ ફિલ્મ ૨૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની ધારણા છે.

વરુણ ધવન અને પૂજા હેગડે ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' માં સાથે જોવા મળશે. ડેવિડ ધવન દ્વારા દિગ્દર્શિત, આ એક સંપૂર્ણ કોમેડી અને રોમેન્ટિક ફિલ્મ છે. વરુણ અને પૂજા પહેલી વાર મૃણાલ ઠાકુર સાથે જોવા મળશે. આ ફિલ્મમાં ડ્રામા, હાસ્ય અને રોમાંસનો ભરપૂર ડોઝ હશે.

### મૌલાનાનો ફતવો જારી, શરિયાની નજરમાં આ પાપ છે

# બોલીવુડ અભિનેત્રી નુસરત ભરૂચાની મહાકાલની મુલાકાતથી હોબાળો મચી ગયો

બોલીવુડ અભિનેત્રી નુસરત ભરૂચાએ તાજેતરમાં ઉજ્જૈનમાં શ્રી મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લીધી હતી, જ્યાં તેણીએ મહાકાલના દર્શન કર્યા હતા અને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. અભિનેત્રીએ પરંપરાગત ભસ્મ આરતીમાં પણ ભાગ લીધો હતો, અને મંદિરના પુજારીઓએ તેમને શાલથી સન્માનિત કર્યા હતા, જેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. જોકે, તેમનું આ પગલું હવે મુસ્લિમ ધર્મ અને ધાર્મિક સહિષ્ણુતાને લઈને ચર્ચાનો વિષય બની ગયું છે. અભિનેત્રી હવે મહાકાલની મુલાકાત અને દર્શનને કારણે હેડલાઈન્સમાં છે. અખિલ ભારતીય જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદીન રઝવી બરેલવીએ નુસરત ભરૂચાની મહાકાલ મંદિરની મુલાકાત પર નારાજગી વ્યક્ત કરી હતી અને અભિનેત્રી વિરુદ્ધ ફતવો જારી કર્યો હતો.

મૌલાના શહાબુદીન કહે છે કે નુસરત ભરૂચા મહાકાલ મંદિરમાં જે ધાર્મિક વિધિઓનું પાલન કરતી હતી તે ઈસ્લામ વિરુદ્ધ છે અને પરિણામે, તે શરિયા કાયદા હેઠળ દોષિત છે. મૌલાનાએ કહ્યું કે નુસરતે આવું ન કરવું જોઈએ અને કલમાનો પાઠ પણ કરવો જોઈએ.

### તેમના ગુણો જાહેર કર્યા



# કૌન બનેગા કરોડપતિ પર ધર્મેન્દ્રને યાદ કરીને અમિતાભ બચ્ચન ભાવુક થયા

અગસ્ત્ય નંદા અને ધર્મેન્દ્ર અભિનીત 'ટ્વેન્ટી-વન' ૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રિલીઝ થઈ છે. આ ફિલ્મ ઉદ્યોગ અને ધર્મેન્દ્રના ચાહકો માટે ખૂબ જ ખાસ છે, કારણ કે તે તેમની છેલ્લી ફિલ્મ છે. રિલીઝ પહેલા જ, આ ફિલ્મ તેની સ્ટાર કાસ્ટથી લઈને તેની વાર્તા સુધી ખૂબ જ ચર્ચામાં રહી છે. તાજેતરમાં, '૨૧' ની ટીમ કૌન બનેગા કરોડપતિમાં જોવા મળી હતી, અને દિવંગત દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર વિશે વાત કરતી વખતે અમિતાભ બચ્ચનની આંખો ભીની થઈ ગઈ હતી. આ વાતચીત દરમિયાન, તેમણે તેમના મિત્ર ધર્મેન્દ્ર વિશે એક રમુજી કિસ્સો પણ શેર કર્યો. સોની ટીવીએ આ એપિસોડનો પ્રોમો શેર કર્યો છે, જેમાં બિગ બી કહે છે, "ફિલ્મ '૨૧' એ છેલ્લી કિંમતી યાદ છે જે હિન્દી ફિલ્મ ઉદ્યોગના આ મહાન વ્યક્તિત્વે તેમના લાખો ચાહકો માટે છોડી દીધી છે. એક કલાકાર તેમના છેલ્લા શ્વાસ સુધી તેમની કલાને આગળ ધપાવવા માંગે છે, અને મારા મિત્ર, મારા પરિવાર, મારા આદર્શ, ધર્મેન્દ્ર દેવજીએ બરાબર એ જ કર્યું." તેમણે આગળ કહ્યું, "ધરમજી ફક્ત એક વ્યક્તિ નહોતા, તેઓ એક લાગણી હતા, અને લાગણીઓ ક્યારેય કોઈને છોડતી નથી. તેઓ ફક્ત આપણી સાથે રહે છે, યાદો અને આશીર્વાદ બની જાય છે." જયદીપ અહલાવત "૨૧" માં મુખ્ય ભૂમિકા ભજવે છે. ધર્મેન્દ્ર સાથે કામ કરવાના તેમના અનુભવ વિશે કેબીસી પર વાત કરતા, જયદીપે કહ્યું, "હું ખૂબ જ ભાગ્યશાળી છું કે ફિલ્મમાં તેમની સાથે સૌથી વધુ દ્રશ્યો છે.

### એશા દેઓલે વિદેશમાં નવા વર્ષની ઉજવણી કરી

## એશા દેઓલે તેના પિતા ધર્મેન્દ્રને યાદ કર્યા, આકાશ તરફ ઈશારો કરીને તેની હૃદયસ્પર્શી યાદો શેર કરી

એશા દેઓલે વિદેશમાં નવા વર્ષની ઉજવણી કરી, જેના ફોટા સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા. આ આનંદી વાતાવરણ વચ્ચે, તેણીને તેના પિતાની સૌથી વધુ યાદ આવી અને તેમની યાદમાં એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી. ૨૦૨૬ ના નવા વર્ષના દિવસે એશાએ પોતાના બે ફોટા શેર કર્યા. પહેલા ફોટામાં, તે આકાશ તરફ ઈશારો કરતી જોવા મળે છે, જ્યારે બીજા ફોટામાં, તેણીએ ચંદ્રની નજીક દેખાતા તારાની બાજુમાં "લવ યુ પાપા" લખ્યું છે. એશા દેઓલની આ ભાવનાત્મક પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. એશા દેઓલ ફોટામાં એક તારા તરફ ઈશારો કરે છે અને તેને જોઈને, તે તેના પિતાની યાદમાં ડૂબી જાય છે. ફોટો શેર કરતા, એશાએ લખ્યું, "ધન્ય રહો, ખુશ રહો, સ્વસ્થ રહો, અને મજબૂત રહો... મજબૂત રહો, સ્વસ્થ રહો, ખુશ રહો." તેણીએ "લવ યુ પાપા," અને એક હાર્ટ ઈમોજી પણ લખ્યું. બોબી દેઓલે એશાની પોસ્ટ પર હાર્ટ ઈમોજી સાથે ટિપ્પણી કરી, જેના પછી કોમેન્ટ વિભાગમાં બધાએ તેમને યાદ કર્યા અને ધર્મેન્દ્રના પરિવારને શુભકામનાઓ પાઠવી. 'ઈક્કીઝ' ૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રિલીઝ થઈ છે.

### 'ઘર કબ આઓગે' ગીતને લઈ અનુ મલિકનો યુટર્ન!

# ભૂષણજીએ મને પહેલાથી જ ખૂબ સન્માન અને ઉષ્માભર્યું ક્રેડિટ આપ્યું

તાજેતરમાં સંગીતકાર અનુ મલિક વિશે સમાચાર આવ્યા હતા કે, તેઓ 'બોર્ડર-2'ના ગીત 'ઘર કબ આઓગે'માં ક્રેડિટ ન મળવાને કારણે નારાજ છે.પીટીઆઈના હવાલાથી તેમનો એક ઈન્ટરવ્યુ સામે આવ્યો હતો, જેમાં તેમણે ક્રેડિટની માંગ કરી હતી. 'ઘર કબ આઓગે માટે ભૂષણજીએ મને ખૂબ સન્માન આપ્યું છે'હવે અનુ મલિકે આ સમગ્ર વિવાદ પર પોતાની સ્પષ્ટતા આપી છે. તેમણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ વિશે લખ્યું છે. તેઓ લખે છે, 'હું સ્પષ્ટ કરવા માંગુ છું કે 'ઘર કબ આઓગે' ગીતમાં ભૂષણજીએ મને પહેલાથી જ ખૂબ સન્માન અને ઉષ્માભર્યા રીતે ક્રેડિટ આપ્યું છે. આ એક અનોખું કોલબ્રેશન છે, જેના પર મને ખૂબ ગર્વ છે. મેં મારા વિચારો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ શેર કર્યા છે. અન્ય કોઈપણ રિપોર્ટ જે કંઈ પણ દાવો કરે છે, તે બધાં ખોટા છે. હું આ સહયોગ સાથે ગર્વ અને આભાર સાથે ઊભો છું.''ઘર કબ આઓગે' ગીતની વાત કરીએ તો ટી-સીરીઝે તેનું ટીઝર 29 ડિસેમ્બરે રિલીઝ કર્યું હતું.

વૈષ્ણોદેવી મંદિરમાં ભીડ વધતાં રજિસ્ટ્રેશન બંધ; મહાકાલ મંદિરમાં એક લાખ ભક્તોએ દર્શન કર્યાં

# નવા વર્ષે અયોધ્યામાં ૨ લાખ લોકોએ રામલલ્લાનાં દર્શન કર્યાં

## મથુરામાં બાંકે-બિહારી મંદિરમાં દર્શન કરવા ભક્તોની ભીડ જામી છે. ૧૨ વાગ્યા સુધીમાં ૧.૫ લાખથી વધુ લોકોએ મંદિરે દર્શન કર્યા હતા

• નવી દિલ્હી, તા.૧

નવા વર્ષ પર દેશભરના ધાર્મિક અને પર્યટન સ્થળો પર લોકોની ભીડ ઉમટી પડી છે. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં ઘણી ભીડ છે. વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના સહિત મહિલા ક્રિકેટ ટીમના કેટલાક સભ્યો પણ અહીં દર્શન કરવા પહોંચ્યા છે. અયોધ્યામાં બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૨ લાખથી વધુ લોકો રામલલ્લાના દર્શન કર્યા છે. અહીં પણ ભીડ જોવા મળે છે.

દેશભરમાંથી વર્ષ ૨૦૨૬ના પહેલા સૂર્યોદયની તસવીરો પણ સામે આવી છે. મથુરામાં બાંકે-બિહારી મંદિરમાં દર્શન કરવા ભક્તોની ભીડ જામી છે. ૧૨ વાગ્યા સુધીમાં ૧.૫ લાખથી વધુ લોકોએ મંદિરે દર્શન કર્યા છે. મંદિર પ્રશાસને લોકોને ૫ જાન્યુઆરી સુધી દર્શન માટે ન આવવા અપીલ કરી છે.ઈ દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના કટરા સ્થિત વૈષ્ણો દેવી મંદિરમાં શ્રદ્ધાળુઓની મોટી ભીડ જોવા મળી રહી છે. અંધાધૂંધી ટાળવા માટે, વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે રજીસ્ટ્રેશ અટકાવી દીધુ છે.નવા વર્ષની ઉજવણીની આધ્યાત્મિક શરૂઆત તરીકે દેશભરમાંથી શ્રદ્ધાળુઓનો ધસારો મંદિરમાં જોવા મળ્યો હતો. નવા વર્ષની ઉજવણી માટે દેશભરમાંથી લોકો મંદિરો અને ચર્ચોમાં મોટી સંખ્યામાં એકઠા થયા હતા. દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, વારાણસી, અજમેર, તિરુપતિ કે ગુવાહાટી હોય, લોકો આ દિવસની ઉજવણી કરવા માટે પ્રતિષ્ઠિત ધાર્મિક સ્થળોએ ઉમટી પડયા હતા.રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પ્રતિકૂળ હવામાન વચ્ચે, લોકોએ કનોટ પ્લેસના પ્રખ્યાત પ્રાચીન હનુમાન મંદિરમાં સવારની પ્રાર્થના અને 'આરતી સાથે પોતાના દિવસની શરૂઆત કરી. રાજધાની શહેરના ઝાંડેવાલન મંદિરમાંથી પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા. કાલકાજી મંદિરમાં ભક્તોની મોટી સંખ્યામાં ભીડ ઉમટી પડી હતી જયારે છતરપુર મંદિર અને બિરલા મંદિરે મંત્રમુગ્ધ કરનારી સવારની આરતી જોઈ. પવિત્ર શહેર વારાણસી અને તેના રહેવાસીઓએ પોતાના દિવસની શરૂઆત અસ્સી ઘાટ પર ભવ્ય ગંગા આરતી સાથે



કરી હતી.આ દિવસની ઉજવણી માટે મથુરાના બાંકે બિહારી મંદિરમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. વર્ષના પહેલા દિવસે ચેન્નાઈના સાન થોમ ચર્ચમાં પણ પ્રાર્થના કરવામાં આવી હતી. વર્ષના પહેલા દિવસે જન્નતી ગેટ ખુલ્યા પછી અજમેરમાં ખ્વાજા ગરીબ નવાઝ દરગાહ ખાતે ભક્તો મોટી સંખ્યામાં ઉમટયા હતા. તિરુપતિમાં પ્રતિષ્ઠિત શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિર અને મદુરાઈમાં મીનાક્ષી મંદિરમાં દિવસની શરૂઆત થતાં જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. હરિયાણાના પંચકુલામાં માતા મનસા દેવી મંદિર અને આસામના ગુવાહાટીમાં કામાખ્યા મંદિરમાં પણ ભક્તોએ પ્રાર્થના કરવા માટે ભીડ જમાવી હતી. ઉત્તરાખંડના હરિદ્વારમાં, ભક્તોએ ૨૦૨૫ ના પહેલા દિવસની શરૂઆત કરવા માટે ગંગા નદીમાં ડૂબકી લગાવી. ભારતે દેશભરમાં ઉજવણી સાથે વર્ષ ૨૦૨૫નું સ્વાગત કર્યું, કારણ કે વિવિધ શહેરોમાં લોકોએ આ પ્રસંગને આનંદ અને ઉત્સાહથી ઉજવ્યો. ઘણા શહેરોમાં નવા વર્ષની ઉજવણી પાર્ટીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, લાઈવ મ્યુઝિક પર્ફોર્મન્સ અને થીમ આધારિત સજાવટ સાથે શરૂ થઈ. દિલ્હીમાં, હૌઝ ખાસ, કનોટ પ્લેસ અને લાજપત નગર જેવા પ્રખ્યાત સ્થળો નવા વર્ષની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં ભીડથી ભરેલા હતા. સલામત ઉજવણી સુનિશ્ચિત કરવા માટે, દિલ્હી પોલીસે અગાઉથી સુરક્ષા વ્યવસ્થા કરી હતી.પંજાબના અમૃતસરમાં, લોકો નવા વર્ષનું સ્વાગત કરવા માટે સુવર્ણ મંદિરમાં એકઠા થયા હતા. ઘણા શહેરોની હોટલોમાં પણ આ પ્રસંગ માટે ખાસ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશના ભોપાલમાં, લોકો ૨૦૨૫નું સ્વાગત કરતા શેરીઓમાં નાચતા જોવા મળ્યા હતા. તેવી જ રીતે, લખનૌમાં, ઘડિયાળના કાંટા મધ્યરાત્રિએ વાગતા જ લોકોએ નાચતા અને ઉજવણી કરી. નવું વર્ષ આવતાની સાથે જ, ઘણા શહેરોમાં અદભુત આતશબાજીના પ્રદર્શન જોવા મળ્યા. મુંબઈમાં, જુહુ બીચ, ચોપાટી બીચ અને વર્સોવા બીચ જેવા દરિયાકિનારા આનંદીઓથી ભરેલા હતા. લોકો ફટાકડા જોવા માટે મરીન ડ્રાઈવ પર પણ એકઠા થયા હતા.દરમિયાન, હિમાચલ પ્રદેશના મનાલી, જે એક લોકપ્રિય પર્યટન સ્થળ છે, ત્યાં શેરીઓમાં ભીડ નાચી અને ઉલ્લાસ વ્યક્ત કર્યો. પશ્ચિમ બંગાળમાં, લોકોએ પોતાના મોબાઈલ ફોનમાંથી લાઈટ્સ ઝગમગાવીને ઉજવણી કરી. કેરળના તિરુવનંતપુરમમાં, નવા વર્ષના આગમનને ચિહ્નિત કરતી ફટાકડાથી આકાશ રોશનીથી ચમક્યું.આ

---

નવા વર્ષે દેશભરનાં મંદિરોમાં ભક્તોની ભારે ભીડ

## અયોધ્યામાં 2 લાખ લોકોએ રામલલ્લાનાં દર્શન કર્યાં, બાંકે બિહારી મંદિરે દોઢ લાખ ભક્તો પહોંચ્યા

નવી દિલ્હી/ભોપાલ/લખનઉ

નવા વર્ષ પર દેશભરના ધાર્મિક અને પર્યટન સ્થળો પર લોકોની ભીડ ઉમટી પડી છે. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં ઘણી ભીડ છે. વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના સહિત મહિલા ક્રિકેટ ટીમના કેટલાક સભ્યો પણ અહીં દર્શન કરવા પહોંચ્યા છે. અયોધ્યામાં બપોરે 12 વાગ્યા સુધીમાં 2 લાખથી વધુ લોકો રામલલ્લાના દર્શન કર્યા છે. અહીં પણ ભીડ જોવા મળે છે. દેશભરમાંથી વર્ષ 2026ના પહેલા સૂર્યોદયની તસવીરો પણ સામે આવી છે. મથુરામાં બાંકે-બિહારી મંદિરમાં દર્શન કરવા ભક્તોની ભીડ જામી છે. 12 વાગ્યા સુધીમાં 1.5 લાખથી વધુ લોકોએ મંદિરે દર્શન કર્યા છે. મંદિર પ્રશાસને લોકોને 5 જાન્યુઆરી સુધી દર્શન માટે ન આવવા અપીલ



કરી છે. E દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના કટરા સ્થિત વૈષ્ણો દેવી મંદિરમાં શ્રદ્ધાળુઓની મોટી ભીડ જોવા મળી રહી છે. અંધાધૂંધી ટાળવા માટે, વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે રજીસ્ટ્રેશ અટકાવી દીધુ છે. PM નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે. મોદીએ તેમની પોસ્ટમાં લખ્યું: આપ સૌને 2026ની શુભકામનાઓ. આ વર્ષ દરેક માટે નવી આશાઓ, નવા સંકલ્પો અને નવો આત્મવિશ્વાસ લાવે. તે દરેકને જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપે.

---

## ઓલા-ઉબર કરતાં 30% સુધી સસ્તી ભારત ટેક્સી:આજથી દિલ્હીમાં શરૂ

• નવી દિલ્હી

ભારત ટેક્સી એ સરકાર સમર્થિત એપ્લિકેશન છે જેમાં ઓટો-રિક્ષા, કાર અને બાઈક સેવાઓ મળશે. કેન્દ્ર સરકારની સહકારી સેવા 'ભારત ટેક્સી' જાન્યુઆરી 2026થી દિલ્હી અને ગુજરાતમાં શરૂ થઈ શકે છે. બાદમાં 6 મહિના પછી મુંબઈ, પુણેમાં શરૂ થશે. સહકારી ટેક્સીનો ટ્રાયલ દોઢ મહિના પહેલા દિલ્હી અને ગુજરાતના રાજકોટમાં શરૂ થયો હતો, જે સફળ રહ્યો છે. તેના પાયલોટ પ્રોજેક્ટમાં તે ઓલા-ઉબર પર ભારે પડી રહી છે. સહકારી ટેક્સી પીક અવરમાં તેના ખાનગી હરીફો કરતાં 25 થી 30% સુધી સસ્તી પડી રહી છે. ભાસ્કરે દિલ્હીમાં 100થી વધુ ડ્રાઈવરો, રાઈડર્સ, યુનિયનના પદાધિકારીઓ અને ભારત ટેક્સી એપ સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે વાત કરી. આ દરમિયાન ઓલા, ઉબર, રેપિડો અને ભારત ટેક્સીના રેટની તપાસ કરવામાં આવી. પીક અવર એટલે કે સવારે 9, સાંજે 7 અને રાત્રે 10 વાગ્યે રિયલ ટાઈમમાં ભારત ટેક્સી અને ઓલા-ઉબરના રેટમાં 100થી વધુનો તફાવત જોવા મળ્યો. જ્યારે નોર્મલ અવર એટલે કે સવારે 8 વાગ્યે, બપોરે 2 વાગ્યે આ તફાવત ઘટીને માત્ર 5-20 થઈ જાય છે. ભારત ટેક્સી પણ ઓલા-ઉબરની જેમ એપથી જ બુક થાય છે. તેનું સંચાલન ભારતીય સહકારી કંપની સહકારી ટેક્સી કોઓપરેટિવ લિ. કરશે. તેના ચેરમેન અમૂલના માલિક જયંત મહેતા છે. જ્યારે કર્ણાટકમાં સફળ થયેલી નમ્મા ટેક્સીને પીપીપી મોડેલમાં સેવા આપી રહેલી મૂવિંગ ટેક પ્રાઈવેટ લિ. ટેક પાર્ટનર છે.ભારત ટેક્સી એપ મુસાફરોને ઓટો, કાર અને બાઈક ટેક્સીની સુવિધા આપે છે.

---

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉદ્ઘાટન કરશે

## બાડમેરમાં પચપદરા રિફાઈનરીનું કામ હવે ઝડપથી આગળ વધી રહ્યું છે

• જયપુર,તા.૧

નવા વર્ષમાં, રાજસ્થાન સરકાર બાડમેરમાં પચપદરા રિફાઈનરીમાં ક્રૂડ ઓઈલ માટે ટ્રાયલ રન કરવા જઈ રહી છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાન્યુઆરી ૨૦૨૬ માં તેને રાષ્ટ્રને સમર્પિત કરશે. રિફાઈનરી અંગે, એવું પણ અહેવાલ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાન્યુઆરી ૨૦૨૫ માં રિફાઈનરીનો પ્રથમ તબક્કો ઉદ્ઘાટન કરશે. એ નોંધવું જોઈએ કે સરકારે બાડમેરમાં પચપદ્રા રિફાઈનરી માટે બજેટને મંજૂરી આપી દીધી છે. બજેટની જાહેરાતોને અમલમાં મૂકવા માટે પગલાં લેતા, સરકારે રિફાઈનરીના વાણિજ્યિક ઉત્પાદન માટે નવી સમયમર્યાદા પણ નક્કી કરી છે. એવું જાણવા મળ્યું છે કે ટ્રાયલ રન શરૂ થશે. જોકે, રાજ્યને સંપૂર્ણ વાણિજ્યિક ઉત્પાદન શરૂ થવા માટે થોડી રાહ જોવી પડશે. રિફાઈનરીમાંથી વાણિજ્યિક ઉત્પાદન જુલાઈ ૨૦૨૬



માં શરૂ થવાની ધારણા છે. રાજસ્થાન સરકારના મંત્રી જોગારામ પટેલે બાડમેર રિફાઈનરી વિશે મીડિયાને માહિતી આપી. તેમણે જણાવ્યું હતું કે કંપનીએ ૨૪ જુલાઈ, ૨૦૨૫ ના રોજ સરકારને ખર્ચ સુધારણા દરખાસ્ત રજૂ કરી હતી. આ વિશાળ બજેટ અંગે પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે, રાજ્ય સરકારે ભારત સરકારના ઉપક્રમ, મેકોન લિમિટેડ દ્વારા તેનું મૂલ્યાંકન કરાવ્યું હતું.MECON રિપોર્ટ અને રાજ્ય સરકારની ખાસ સમિતિ દ્વારા સમીક્ષા બાદ, કેબિનેટે રાજ્યના હિતોને પ્રાથમિકતા આપતા આશરે ૮૦,૦૦૦ કરોડના સુધારેલા ખર્ચને મંજૂરી આપી.

બાડમેર રિફાઈનરીના પ્રથમ તબક્કાની શરૂઆત સાથે, રાજકીય ચર્ચાઓ પણ ગરમ થઈ રહી છે. નોંધનીય છે કે રાજસ્થાનમાં રિફાઈનરી અંગે લગભગ દોઢ દાયકાથી પ્રયાસો ચાલી રહ્યા છે. વિલંબ અંગે, સરકારનો દલીલ છે કે જ્યારે ૧૮ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, ત્યારે પૂર્ણ કરવાની સમયમર્યાદા ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ નક્કી કરવામાં આવી હતી. જોકે, કોવિડ રોગચાળા અને તકનીકી સમસ્યાઓના કારણે પ્રોજેક્ટમાં વિલંબ થયો. આશા છે કે આ વર્ષે રિફાઈનરી તરફના મોટા પગલાં અમલમાં મૂકવામાં આવશે.

---

## ભારતવંશી ઝોહરાન મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ મેયર બન્યા:કુરાન પર હાથ રાખીને શપથ લીધા

### બીજી વખત શપથમાં પોતાનાં દાદા-દાદીના કુરાનના ઉપયોગ કરશે

• ન્યૂયોર્ક

ભારતીય મૂળના ઝોહરાન મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ મેયર બની ગયા છે. તેમણે ગુરુવારે કુરાન પર હાથ રાખીને પદના શપથ લીધા હતા. અત્યારસુધી ન્યૂયોર્ક સિટીના મોટા ભાગના મેયર બાઈબલ પર હાથ રાખીને શપથ લેતા આવ્યા છે, જોકે બંધારણ હેઠળ શપથ માટે કોઈ ધાર્મિક ગ્રંથનો ઉપયોગ ફરજિયાત નથી. 34 વર્ષીય ડેમોક્રેટ મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ, પ્રથમ દક્ષિણ એશિયન અને પ્રથમ આફ્રિકામાં જન્મેલા મેયર હશે. ડેમોક્રેટની ટીમ આજે બે અલગ-અલગ સ્થળોએ શપથગ્રહણ સમારોહનું આયોજન કરવાની યોજના બનાવી રહી છે.

મમદાની સૌથી પહેલા ન્યૂયોર્કના સિટી હોલ નીચે આવેલા એક બંધ પડેલા સબવે સ્ટેશનમાં શપથ લેશે. આ એક ખાનગી સમારોહ હશે, જેમાં મમદાનીનો પરિવાર સામેલ થશે. ત્યાર બાદ બપોરે એક સાર્વજનિક શપથગ્રહણ સમારોહ યોજાશે. સબવે સ્ટેશનમાં યોજાનારા સમારોહમાં મમદાની બે કુરાન પર હાથ રાખશે. આમાંથી એક તેમના દાદાનું કુરાન અને બીજું ખિસ્સામાં રાખવામાં આવતું નાનું કુરાન હશે. કહેવાય છે કે પોકેટ સાઈઝ કુરાન 18મી સદીના અંત અથવા 19મી સદીનું છે. આ કુરાન ન્યૂયોર્ક પબ્લિક લાઈબ્રેરીના શોમ્બર્ગ સેન્ટર ફોર રિસર્ચ ઈન બ્લેક કલ્ચરના સંગ્રહનો ભાગ છે. આ કામમાં તેમને મદદ કરનાર એક વિદ્વાન અનુસાર, શપથ માટે ઉપયોગમાં લેવાતા આ કુરાન શહેરની મોટી અને લાંબા સમયથી રહેલી મુસ્લિમ વસતિને દર્શાવે છે. જણાવી દઈએ કે ચૂંટણીપ્રચાર દરમિયાન મમદાનીએ મોંઘવારીને મુખ્ય મુદ્દો બનાવ્યો હતો, સાથે જ તેમણે પોતાની ધાર્મિક માન્યતાઓ પણ ખુલ્લેઆમ રજૂ કરી હતી. તેમણે શહેરની મસ્જિદોની મુલાકાત લીધી અને પ્રથમ વખત મતદાન કરનારા ઘણા દક્ષિણ એશિયાઈ અને મુસ્લિમ મતદારોનો ટેકો મેળવ્યો. મમદાની જે પોકેટ સાઈઝ કુરાન પર શપથ લેશે એ ન્યૂયોર્ક પબ્લિક લાઈબ્રેરીના શોમ્બર્ગ સેન્ટર ફોર રિસર્ચ ઈન બ્લેક કલ્ચરના સંગ્રહનો ભાગ છે.

---

શાહ બોલ્યા- મમતા સરકારમાં મા, માટી, માનુષ અસુરક્ષિત

## ભાજપના કાર્યકરોને કહ્યું- દિલ પર લખી લો, આ વખતે ભાજપ સરકાર

• કોલકાતા

બુધવારે કોલકાતાના થંથાનિયા કાલીબારી મંદિરમાં દર્શન કર્યા બાદ અમિત શાહે સમર્થકોનું અભિવાદન કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે કોલકાતામાં ભાજપના કાર્યકર્તાઓ સાથે 2026ની વિધાનસભા ચૂંટણીને લઈને બેઠક કરી. તેમણે ભાજપના કાર્યકર્તાઓને ચૂંટણીમાં જીતનું લક્ષ્ય નક્કી કરવા જણાવ્યું. પાર્ટી કાર્યકર્તાઓને સંબોધન કરતા શાહે કહ્યું- મમતા સરકારે 'મા, માટી, માનુષ'નો નારો આપ્યો હતો, પરંતુ આજે તેમના કાર્યકાળમાં સુરક્ષિત નથી રહ્યા. શાહે કહ્યું- બંગાળમાં મહિલાઓ અસુરક્ષિત છે, જમીન પર માફિયાઓનો કબજો છે અને લોકો હિજરત કરવા મજબૂર છે. શાહે કહ્યું કે ઘૂસણખોરો માત્ર અર્થતંત્ર પર બોજ નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને બંગાળની સાંસ્કૃતિક ઓળખ માટે પણ જોખમી છે. શાહે કહ્યું- મમતા સરકારે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું છે. કરોડો રુપિયાના કૌભાંડો થયા છે, જેમાં શિક્ષક ભરતી કૌભાંડ, SSC કૌભાંડ, નગર નિગમ ભરતી કૌભાંડ, કોલસા કૌભાંડ, રાશન કૌભાંડ, MGNREGA કૌભાંડ અને PM આવાસ યોજના કૌભાંડનો સમાવેશ થાય છે. ગૃહમંત્રીએ કહ્યું- 2016 થી 2025ની વચ્ચે ભાજપના 300થી વધુ કાર્યકરોની હત્યા કરવામાં આવી હતી. મારા 42 વર્ષના જાહેર જીવનમાં મેં આવું બલિદાન અને સમર્પણ ક્યારેય જોયું નથી. હવે સમય આવી ગયો છે કે તે બલિદાનોનું ફળ આપવામાં આવે. દિલ પર લખી લો, આ વખતે આપણી સરકાર. શાહે કોલકાતા અને આસપાસના વિસ્તારોમાંથી 28 માંથી 22 બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું. કોલકાતા અને તેની નજીકના શહેરી વિસ્તારોમાં જાદવપુર, દમદમ અને મધ્ય કોલકાતાની જોરાસાંકો, શ્યામપુકુર જેવી બેઠકોનો સમાવેશ થાય છે.

---

## જાપાની સંસદમાં 73 મહિલા સાંસદો માટે એક શૌચાલય:PM તાકાઈચી પણ પરેશાન

### 1936માં બનેલું સંસદ ભવન, ત્યારે મહિલાઓને મતદાનનો અધિકાર નહોતો


• ટોક્યો

જાપાનમાં પીએમ સાને તાકાઈચીએ સંસદમાં મહિલાઓ માટે વધુ શૌચાલય બનાવવાની માંગ કરી છે. તેમની સાથે લગભગ 60 મહિલા સાંસદોએ પણ આ અંગે એક અરજી આપી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે સંસદમાં મહિલાઓની સંખ્યા વધી છે, પરંતુ તે મુજબ સુવિધાઓ મળી રહી નથી. હાલમાં સંસદના નીચલા ગૃહમાં 73 મહિલા સાંસદો છે પરંતુ તેમના માટે માત્ર 1 શૌચાલય છે.વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના સાંસદ યાસુકો કોમિયામાએ કહ્યું કે સંસદ સત્ર દરમિયાન મહિલા સાંસદોને શૌચાલયની બહાર લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે.જાપાનની સંસદ (ડાયટ)ની ઈમારત 1936માં બની હતી. ત્યારે દેશમાં મહિલાઓને મત આપવાનો પણ અધિકાર મળ્યો ન હતો.બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની હાર પછી ડિસેમ્બર 1945માં મહિલાઓને મત આપવાનો અધિકાર મળ્યો. એક વર્ષ પછી 1946માં થયેલી ચૂંટણીમાં જાપાનમાં મહિલાઓ સંસદ માટે ચૂંટાઈને આવીજાપાનના અખબાર યોમિયુરી શિમ્બુન અનુસાર સંસદના નીચલા ગૃહની ઈમારતમાં પુરુષો માટે 12 શૌચાલય (67 સ્ટૉલ) છે, જ્યારે મહિલાઓ માટે ફક્ત 9 શૌચાલય છે, જેમાં કુલ 22 ક્યુબિકલ છે. મુખ્ય પ્લેનરી સેશન હૉલ જ્યાં સંસદની કાર્યવાહી થાય છે, ત્યાં મહિલાઓ માટે ફક્ત 1 શૌચાલય છે. સેશન શરૂ થતા પહેલા ઘણી વાર લાઈન એટલી વધી જાય છે કે મહિલા સાંસદોને બિલ્ડિંગના બીજા ભાગમાં બાથરૂમ માટે જવું પડે છે. જાપાનની સંસદની ઈમારત ટોક્યોમાં છે. તેનું નિર્માણ 1936માં થયું હતું. આ ઈમારત તે સમયે બની હતી, જ્યારે રાજકારણમાં મહિલાઓની ભાગીદારી લગભગ નહિવત્ હતી. આ વર્ષે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટમાં જાપાન 148 દેશોમાં 118મા સ્થાને રહ્યું. મહિલાઓની ભાગીદારી વ્યવસાય અને મીડિયામાં ઘણી ઓછી છે.ચૂંટણીઓ દરમિયાન મહિલા ઉમેદવારોનું કહેવું છે કે તેમને અવારનવાર જાતિવાદી ટિપ્પણીઓનો સામનો કરવો પડે છે, જેમ કે તેમને કહેવામાં આવે છે કે તેમણે રાજકારણની જગ્યાએ ઘરમાં બાળકોની સંભાળ રાખવી જોઈએ.હાલમાં નીચલા ગૃહના 465 સાંસદોમાંથી 72 મહિલાઓ છે.

---

સ્વિટ્ઝર્લેન્ડના પ્રખ્યાત લક્ઝરી અલ્પાઈન સ્કી રિસોર્ટ શહેર ક્રાન્સ મોન્ટાનામાં 10 ઘાયલ; 100થી વધુ લોકો હાજર હતા

# નવા વર્ષની ઉજવણી દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડના રિસોર્ટમાં બ્લાસ્ટ:10 લોકોનાં મોત



• જીનિવા

સ્વિટ્ઝર્લેન્ડના પ્રખ્યાત લક્ઝરી અલ્પાઈન સ્કી રિસોર્ટ શહેર ક્રાન્સ મોન્ટાનામાં ગુરુવારે વહેલી સવારે ન્યૂ યર સેલિબ્રેશન દરમિયાન વિસ્ફોટ થયો હતો. સ્કાય ન્યૂઝ મુજબ, ઓછામાં ઓછા 10 લોકોના મોત થયાના અહેવાલ છે, જ્યારે 10 લોકો ઘાયલ પણ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ વિસ્ફોટ સ્થાનિક સમય મુજબ રાત્રે 1:30 વાગ્યે થયો હતો. ધડાકો કોન્સ્ટેલેશન બારમાં થયો હતો, જ્યાં ન્યૂ યરની ઉજવણી ચાલી રહી હતી. વિસ્ફોટ સમયે બારમાં ઓછામાં ઓછા 100 લોકો હાજર હતા. ફોરેન્સિક ટીમ અકસ્માતના પુરાવા એકઠા કરી રહી છે ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરી રહી છે અને બારમાં હાજર લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા કેટલાક વીડિયોમાં બારમાં આગ લાગેલી જોવા મળી રહી છે, જોકે પોલીસે આ વીડિયોની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

પોલીસ અને ઈમર્જન્સી ટીમ ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યૂ કામગીરીમાં લાગેલી છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસનું કહેવું છે કે હાલ વિસ્ફોટનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં સમગ્ર વિસ્તારને નો-ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. વિસ્ફોટ બાદ પોલીસ અને રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે પહોંચીને લોકોની મદદ કરવામાં લાગી છે. વિસ્ફોટવાળી જગ્યાને સીલ કરી દેવામાં આવી

ઘટનાની જાણ થતાં જ પોલીસ, ફાયરબ્રિગેડ અને એમ્બ્યુલન્સની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. સાવચેતીના ભાગરૂપે વિસ્ફોટવાળી જગ્યા અને એની આસપાસના વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. ક્રાન્સ-મોન્ટાનામાં હોલીડે પર મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે ક્રાન્સ-મોન્ટાના સ્વિટ્ઝર્લેન્ડના આલ્પ્સ પર્વતક્ષેત્રમાં સ્થિત એક લક્ઝરી સ્કી રિસોર્ટ છે. આ જગ્યા સ્વિસ રાજધાની બર્નથી લગભગ બે કલાકના અંતરે છે અને અહીં દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે, ખાસ કરીને શિયાળા અને નવા વર્ષના સમયે.

કોન્સ્ટેલેશન બાર સ્વિસ આલ્પ્સ વચ્ચે આવેલા ક્રેન્સ મોન્ટાનાના પ્રખ્યાત લક્ઝરી સ્કી રિસોર્ટ ટાઉનમાં સ્થિત છે. આ બાર પ્રવાસીઓ અને સ્થાનિક લોકોમાં નાઈટલાઈફ અને પાર્ટીઓ માટે જાણીતો છે, ખાસ કરીને સ્કી સીઝન અને રજાઓ દરમિયાન.નવા વર્ષ અને ક્રિસમસ પર અહીં પાર્ટી અને લાઈવ ઈવેન્ટ્સ યોજવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં લોકો સામેલ થાય છે. કોન્સ્ટેલેશન બાર જ્યાં સ્થિત છે તે વિસ્તાર હોટલ, સ્કી અને લક્ઝરી રેસ્ટોરન્ટની નજીક છે, જેના કારણે મોટી સંખ્યામાં ટુરિસ્ટ અહીં આવે છે. કોન્સ્ટેલેશન બાર જ્યાં સ્થિત છે તે વિસ્તાર હોટલ, સ્કી અને લક્ઝરી રેસ્ટોરન્ટની નજીક છે, જેના કારણે મોટી સંખ્યામાં ટુરિસ્ટ અહીં આવે છે.